આજનો સુવિચાર

ચારિત્ર્ય એટલે સારી ઈચ્છાઓનો વિકાસ પામેલો સમૂહ

તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : કાર્તિક આર. ઉપાધ્યાય

Post Regn. G/JND/23
(VALID up to 31-12-2023)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

સૌરાષ્ટ્ર ભૂમિ

દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૭ અંક : ૨૩ જૂનાગઢ તા. ૧૧-૧-૨૦૨૩ બુધવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

RRR ફિલ્મે દેશ-દુનિયામાં ધમાલ મચાવી દીધી 'નાટુ-નાટુ' ગીતને ગોલ્ડન ગ્લોબ એવોર્ડ એનાયત

મુંબઈ, તા.૧૧: એસ.એસ. રાજામૌલીના ડિરેક્શનમાં બનેલી ફિલ્મ **RRR**એ વર્ષ ૨૦૨૨માં માત્ર દક્ષિણ ભારત જ નહીં સમગ્ર દેશમાં અને કહી શકાય કે દુનિયાભરમાં ધમાલ મચાવી દીધી છે. આ ફિલ્મને લોકોએ ખૂબ પસંદ કરી અને બોક્સઓફિસ ઉપર પણ જબરદસ્ત કમાણી થઈ હતી. ૨૦૨૩ની શરૂઆત પણ ફિલ્મની ટીમ માટે ઘણી સારી થઈ છે. **RRR**ને ઓસ્કાર અવોર્ડ માટે શોર્ટલિસ્ટ કરવામાં આવી અને હવે અન્ય એક ગર્વના સમાચાર પણ સામે આવ્યા છે. આ ફિલ્મના ગીત નાટૂનાટૂને બેસ્ટ ઓરિજિનલ સોન્ગ માટે ગોલ્ડન ગ્લોબ અવોર્ડ મળ્યો છે.

'બાહુબલી' ફેમ એસએસ રાજામૌલીની ફિલ્મ 'આરઆરઆર'એ વિદેશમાં પણ ભારે ધુમ મચાવી દીધી છે. ૨૦૨૩ના ગોલ્ડન ગ્લોબ એવોર્ડમાં આ ફિલ્મના 'નાટુ નાટુ' ગીતને બેસ્ટ સોંગનો એવોર્ડ મળ્યો છે. રામચરણ અને જુનિયર એનટીઆર અભિનિત ફિલ્મ 'આરઆરઆર'એ દેશની સાથે સાથે વિદેશમાં પણ લોકપ્રિયતા મેળવી છે. આ ફિલ્મની જાપાનથી લઈને લોસ એન્જલસ સુધી અનેક દેશોમાં સ્ક્રીનીંગ થઈ હતી. આ ફિલ્મને બે અલગ અલગ કેટેગરીમાં ગોલ્ડન ગ્લોબ એવોર્ડસ ૨૦૨૩ માટે નોમિનેશન મળ્યુ હતુ.

ઈન્ટરનેશનલ પ્લેટફોર્મ ઉપર રામચરણ અને આલિયા ભટ્ટ સ્ટારર 'આરઆરઆર'ને બેસ્ટ નોન ઈંગ્લીશ લેંગ્વેજ ફિલ્મ અને 'નાટુ નાટુ' બેસ્ટ ઓરીજીનલ ગીતના નોમિનેશન લિસ્ટમાં સામેલ કરાઈ હતી. જેમા હોલીવુડના બેસ્ટ ગીતોની વચ્ચે ભારતની સાઉથની આ ફિલ્મે બાજી મારી છે અને બેસ્ટ ઓરીજીનલ ગીતનો ખિતાબ જીત્યો છે.

આગામી બજેટમાં પગારદાર વર્ગને મોટી રાહત મળશે

નવી દિલ્હી તા.૧૧ : આગામી કેન્દ્રીય બજેટની તૈયારીઓ શરૂ થઈ ગઈ છે અને નાણામંત્રી નિર્મલા સીતારામન દ્વારા આગામી તા.૧ ફેબ્રુઆરી ના રોજ રજુ થનારા કેન્દ્રીય બજેટમાં મીશન-૨૦૨૪ ને અમલમાં રાખીને કેન્દ્ર અને રાજયોનાં કરોડો કર્મચારીઓ ઉપરાંત પગારદાર વર્ગને મોટી રાહત આપે તેવી ધારણા છે. નાણામંત્રીએ અગાઉ જ આવકવેરામાં બે સીસ્ટમ દાખલ કરીને કરરાહત સાથે રૂા.૨.૫૦ લાખ સુધી કરમુકિત અને કરરાહત વગર રૂા.૫ લાખ સુધીની આવક ઉપર કોઈ ટેકસ નહિં અથવા મામુલી ટેકસ એવી યોજના દાખલ કરી છે.

આમ કોવીડ કાળ પછી એક તરફ વ્યાપાર-કોર્પોરેટ ક્ષેત્ર નાના લઘુઉદ્યોગોને અનેક વખત રાહત આપવામાં આવી છે. પણ પગારદાર વર્ગ કે ફીકસ ઈન્કમ ધરાવતા વર્ગોને મોંઘવારી અને વ્યાજદર વધારાનો માર જ સહન કરવો પડયો છે. આ સ્થિતિમાં હવે ૨૦૨૪ અને તે પુર્વેની ૯ રાજયોની ધારાસભા ચૂંટણીને ધ્યાનમાં રાખીને પગારદાર વર્ગ માટે કોઈ મોટી રાહતની જોગવાઈની જાહેરાત થઈ શકે છે.

વિશ્વની સૌથી લાંબી ગંગા વિલાસ ક્રુઝ વારાણસી પહોંચી

વારાણસી,તા.૧૧: બાબા વિશ્વનાથની નગરી વારાણસી પહોંચેલા કરોડો ભક્તો ગંગા નદીમાં શ્રદ્ધાથી ડૂબકી લગાવે છે અને અહીં નૌકાવિહારનો આનંદ માણે છે, પરંતુ હવે તેમને ગંગા દર્શનનો આનંદ માણવાની અનોખી અને અદ્ભુત તક મળશે. કારણ કે હવે લોકો ગંગા વિલાસ ક્રૂઝ દ્વારા ગંગા નદીની લાંબી યાત્રા ઉપર જઈ શકશો. ૧૩ જાન્યુઆરીએ ક્રૂઝને વીડિયો કોન્ફરન્સીંગ દ્વારા વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા ફલેગ ઓફ કરવામાં આવશે, જેને ૩૨ સ્વિસ પ્રવાસીઓ ના જૂથ દ્વારા બુક કરવામાં આવી છે. જેઓ ફલાઈટ દ્વારા શહેરમાં પહોંચશે. વિશ્વની સૌથી લાંબી નદીની સફરમાં ૫૨ (બાવન) દિવસની મુસાફરીનો ખર્ચ અંદાજે રૂા. ૧૩ લાખ થશે, જેમાં પ્રતિ વ્યકિતનું સરેરાશ ભાડું આશરે રૂા. ૨૫,૦૦૦ પ્રતિ રાત્રિ છે.

ભારતમાં મુસ્લીમોએ ડરવાની જરૂર નથી, તેમને કોઈ નુકશાન થવાનું નથી, ઈસ્લામ ખતરામાં નથી : મોહન ભાગવત

નવી દિલ્હી તા. ૧૧

ભારત અને વિશ્વમાં હિન્દુઓમાં એક નવી આક્રમકતા જોવા મળી રહી છે તેનું કારણ છેલ્લા ૧૦૦૦વર્ષથી હિન્દુ સમુદાય સતત આક્રમણ અને યુદ્ધનો સામનો કરી રહ્યો છે અને આખરે સંઘ (આરએસએસ)ના ટેકાથી હિન્દુ જાગી ગયો છે. આરએસએસના સરસંઘચાલક મોહન ભાગવતે સંઘના મુખપત્ર ઓર્ગેનાઈઝર ને આપેલી મુલાકાતમાં આ વિધાનો કરતા જણાવ્યું કે, તમો જુઓ છે હિન્દુ સમાજ કહ્યું કે વિદેશી આક્રમણખોરો વિદેશી પ્રભાવો, વિદેશી ષડયંત્રો આ તમામનાં ભોગ હિન્દુ સમુદાય બની રહ્યો છે.

પણ સંઘે તેમને વળતી લડત માટેનું કારણ અને ટેકો આપ્યો છે અને તેના કારણે હિન્દુ સમુદાય આજે જાગી ઉઠયો છે અને તે સ્વાભાવિક છે કે આ પ્રકારની સ્થિતિમાં આક્રમકતા આપે છે. આજે હિન્દુ સમાજ એક વધુ યુદ્ધના મધ્યમાં છે અને તે કાંઈ બહારના નહી આંતરિક દુશ્મનો છે જેઓ હિન્દુઓને પરાજીત કરવા માંગે છે. હિન્દુ ધર્મ અને હિન્દુ સંસ્કૃતિ તેમનું નિશાન છે.

વિદેશી આક્રમણકારો હવે નથી પણ વિદેશી પ્રભાવ અને વિદેશી ષડયંત્ર હજું યથાવત જ છે અને તે સ્થિતિમાં લોકો ઉશ્કેરાય જાય તે ઈચ્છનીય નહી હોવા છતાં પણ બની જાય છે. આરએસએસ વડાએ મુસ્લીમોને સીધી સલાહ આપતા કહ્યું કે ભારતમાં જે મુસ્લીમ છે તેઓએ કોઈએ ડરવાની જરૂર નથી. તેઓને કોઈ નુકશાન થવાનું નથી. જેઓ ભારતમાં રહેવા માંગે છે અને તેના પૂર્વજો પાસે પરત આવવા માંગે છે. તેઓ જો તેમનું મન હોય તો આવે. ભારતમાં ઈસ્લામને કોઈ ખતરો નથી પણ અમો મોટા છીએ અમો એક સમયે રાજા હતા અને ફરીથી રાજા બનશું આવી મનોવૃતિ છોડવી પડશે અને દરેક સમુદાયે તે છોડવી પડશે પછી ભલે તે હિન્દુ હોય, ડાબેરી હોય તેઓએ પણ આવી વિચારધારાને છોડવી પડશે.

મુસ્લીમોછે પોતે સર્વોચ્ચ છે તેવા વિધાનો છોડવા પડશે. અમો મોટા છીએ તે છોડવું પડશે. મોહન ભાગવતે પ્રથમ વખત સજાતીય સંબંધો અંગે બોલતા કહ્યું કે આ સમુદાયની વ્યક્તિગત ગુપ્તતાનું આપણે સન્માન કરવું પડશે અને સંઘ આ વિચારને પ્રોત્સાહીત કરશે. આ પ્રકારના ઝુકાવ ધરાવનાર લોકો અગાઉ પણ હતા. જયારથી માનવીનું અસ્તિત્વ છે.

આ એક ડીએનએ છે. જીવનની એક રીત છે. આપણે લેસ્બીયન-ગે-બાયસેક્યુઅલ અને ટ્રાન્સજેંડરનું સન્માન કરવું પડશે. તેઓએ કહ્યું કે ટ્રાન્સજેન્ડર (ખંઢળ) કોઈ સમસ્યા નથી. તેઓના પોતાના દેવીદેવતા છે અને હવે તેના પણ મહામંડલેશ્વર છે.

આગામી બે મહિનામાં જર્મની, ફ્રાન્સ, ઓસ્ટ્રેલીયા, ઈજીપ્તનાં વડાઓ ભારતની મુલાકાતે આવશે

નવી દિલ્હી તા. ૧૧

જર્મન ચાન્સેલર ઓલાફ શુલ્ઝ, ફ્રાન્સના રાષ્ટ્રપતિ ઈમેન્યુઅલ મેકોન અને ઓસ્ટ્રેલિયાના વડાપ્રધાન એન્થોની અલ્બેનિસ ઉપરાંત ઈજિપ્તના રાષ્ટ્રપતિ અબ્દેલ ફતેહ અલ-સીસી પણ આગામી બે મહિનામાં ભારતની મુલાકાતે આવવાના છે. યુક્રેન યુદ્ધ અને પરિણામે વૈશ્વિક ખાદ્ય અને ઉર્જા કટોકટી યુરોપિયન અને ઓસ્ટ્રેલિયન નેતાની મુલાકાત દરમ્યાન આંકવામાં આવે તેવી શક્યતા છે.

આ નેતાઓની મુલાકાતની તૈયારીઓ સાથે સંકળાયેલા અધિકારીઓએ જણાવ્યું હતું કે આ મુલાકાતોનો મુખ્ય ધ્યેય ઊર્જા, વેપાર, ટેકનોલોજી, સંરક્ષણ ઉત્પાદન, આરોગ્ય સંભાળ અને લોકો-થી-લોકોના સંપર્કો સહિત વિવિધ ક્ષેત્રોમાં દ્વિપક્ષીય સંબંધોને વિસ્તૃત કરવાનો છે. તેમણે કહ્યું- જો કે, આ દરમ્યાન યુક્રેન યુદ્ધ અને વિશ્વમાં પેદા થયેલા ખાદ્ય અને ઉર્જા સંકટ ઉપર પણ ચર્ચા થશે

અધિકારીઓએ જણાવ્યું હતું કે ચાન્સેલર શુલ્ટ્ઝ ફેબ્રુઆરીના અંત સુધીમાં ભારતની મુલાકાતે આવે તેવી શક્યતા છે.

રણજી ટ્રોફીના ઈતિહાસમાં અભૂતપૂર્વ ઘટના સૌપ્રથમવાર મહિલાઓએ અમ્પાયરીંગ કર્યુ

નવીદિલ્હી, તા.૧૧

રણજી ટ્રોફીમાં એક નવો ઈતિહાસ રચાઈ ગયો છે. પહેલીવાર રણજી ટૂર્નામેન્ટમાં મહિલાઓને અમ્પાયરિંગ કરવાની તક મળી છે. પૂર્વ સ્કોરર વૃંદા રાઠી, પૂર્વ સોફ્ટવેર એન્જીનિયર જનની નારાયણન અને પૂર્વ ખેલાડી ગાયત્રી વેણુગોપાલને રણજી ટ્રોફીમાં અમ્પાયર તરીકે ડેબ્યુ કર્યું છે. વેણુગોપાલન જમશેદપુરમાં ચાલી રહેલી ઝારખંડ-છત્તીસગઢ, નારાયણન સુરતમાં રેલવે-ત્રિપુરા અને વૃંદા રાઠી પોરવોરિમમાં ગોવા-પોંડીચેરી વચ્ચેરમાઈ રહેલી મેચમાં અમ્પાયરિંગ કરી રહ્યા છે.

૩૬ વર્ષીય જનની નારાયણનને પ્રારંભથી જ ક્રિકેટમાં રસ હતો અને તે ક્રિકેટ સાથે જોડાવા માંગતી હતી. જેના માટે તેણે તામીલનાડુ ક્રિકેટ એસોસિએશનનો સંપર્ક કર્યો અને થોડા વર્ષ બાદ ત્યાં નિયમ બદલ્યો અને મહિલાઓને પણ અમ્પાયરિંગની પરવાનગી મળીહતી. આવી જ રીતે ૩૨ વર્ષીય વૃંદા રાઠી મુંબઈમાં સ્થાનિક મેચોમાં સ્કોરરનું કામ કરતી હતી.

આગામી 3 મહિનામાં ચીનને પાછળ રાખીને ભારત વિશ્વનો સૌથી વધુ વસ્તી ધરાવતો દેશ બની જશે

યુનો તા. ૧૧ :

ભારત આગામી ત્રણ મહિનામાં ચીનને પછાડીને વિશ્વનો સૌથી વધુ વસ્તી ધરાવતો દેશ બનવાની સંભાવના છે. આ વાત સંયુક્ત રાષ્ટ્રના પોપ્યુલેશન ડિવિઝનના તાજેતરના અહેવાલમાં સામે આવી છે.

જોકે ભારત સૌથી વધુ વસ્તી ધરાવતો દેશ બન્યા બાદ બંને દેશો ઉપર તેની નોંધપાત્ર સામાજિક અને આર્થિક અસરો જોવા મળી શકે છે.

રૂટગર્સ યુનિવર્સિટીમાં દક્ષિણ એશિયાના ઈતિહાસના સહયોગી પ્રોફેસર ડો. ઓડ્રે ટ્રાસ્કેએ જણાવ્યું હતું કે, મોટાભાગના લોકો માને છે કે, ભારતની અર્થવ્યવસ્થામાં હજુ પણ ઘણી સંભાવનાઓ છે કારણ કે તે યુવા દેશ છે. ભારતના ઝડપથી વિકસતા ૧.૪૧ બિલિયન લોકોમાંથી, ૪માંથી લગભગ એક ૧૫ વર્ષથી ઓછી વયના છે અને લગભગ અડધા ૨૫ વર્ષથી ઓછી ઉંમરના છે. તુલનાત્મક રીતે ચીનમાં લગભગ ૧.૪૫ અબજની વસ્તી છે, પરંતુ ૨૫ વર્ષથી ઓછી ઉંમરના લોકો વસ્તીનો માત્ર ૧/૪ ભાગ છે.

પ્રોફેસરે કહ્યું કે, ભારતીય ઉપખંડે હંમેશા મજબૂત માનવ વસ્તીને સમર્થન આપ્યું છે. ભારતની તુલના પણ લાંબા સમયથી ચીન સાથે કરવામાં આવી છે અને તેઓ લાંબા સમયથી એકબીજા સાથે વેપાર કરે છે. ૧૯૫૦ પછી વિશ્વની વસ્તી વૃદ્ધિમાં ભારત અને ચીનનો હિસ્સો છે. ચીન વૈશ્વિક ઔદ્યોગિક શકિત તરીકે ઉભરી રહ્યું છે. સંયુક્ત રીતે બે વસ્તી કેન્દ્રો વિશ્વની આશરે ૮ અબજ લોકોનો નોંધપાત્ર હિસ્સો ધરાવે છે.

રાહુલ ગાંધીએ આરએસએસને ૨૧મી સદીનાં 'કૌરવો' કહ્યા

૨૧મી સદીનાં કૌરવો ખાખી - હાફ પેન્ટ પહેરે છે, હાથમાં લાકડી રાખે છે, શાખાઓ કરે છે : રાહુલ ગાંધી

(દિલ્હી બ્યુરો) નવી દિલ્હી તા. ૧૧

કોંગ્રેસના પૂર્વ અધ્યક્ષ રાહુલ ગાંધી ભાજપ અને સંઘ પરિવાર ઉપર સતત આક્રમક નિવેદન કરી રહયા છે. તેમણે હરિયાણામાં ભારત જોડો યાત્રા દરમ્યાન આરએસએસ ઉપર જોરદાર પ્રહારો કર્યા હતા. યાત્રા દરમ્યાન તેમણે આરએસએસને '૨૧મી સદીના કૌરવ' કહ્યા અને કહ્યું કે જ્યારે પણ તમે આરએસએસ કાર્યકરને મળો ત્યારે તેને "જય શિયા રામ" કહેવાનું કહો. હરિયાણામાં કોંગ્રેસ કાર્યકર્તાઓને સંબોધતા રાહુલ ગાંધીએ કહ્યું કે આ તે રાજ્ય છે જ્યાં કૌરવો અને પાંડવો વચ્ચે મહાભારત યુદ્ધ થયું હતું. તેમણે કહ્યું, "કૌરવો કોણ હતા ચાલો હું તમને ૨૧મી સદીના કૌરવો વિશે કહું. ૨૧મી સદીના કૌરવો ખાખી હાફ પેન્ટ પહેરે છે, હાથમાં લાકડીઓ રાખે છે અને શાખાઓ કરે છે. ભારતના બે-ત્રણ સૌથી ધનિક અબજોપતિઓ તેમની પડખે ઉભા છે.

આ પછી, કોંગ્રેસના કાર્યકરોની તુલના પાંડવો સાથે કરતા રાહુલ ગાંધીએ કહ્યું, "શું પાંડવોએ કોઈ ગરીબ ઉપર ગુનો કર્યો હતો શું પાંડવોએ નોટબંધી કરી હતી શું તે નોટબંધી હતી શું તેમણે ખોટો જીએસટી લાગુ કર્યો હતો કારણ કે તેઓ જાણતા હતા કે નોટબંધી, ખોટો જીએસટી, કૃષિ કાયદો આ જમીનના તપસ્વીઓ પાસેથી ચોરી કરવાનો એક માર્ગ છે.

મુંબઈની ૪૯ વર્ષીય મહિલા ઉપર અમદાવાદમાં સામૂહિક દુષ્કર્મ

મુંબઈ,તા.૧૧:

મહાનગર મુંબઈનાં વિલેપાર્લેમાં રહેતી ૪૯ વર્ષીય પરિણીત મહિલા ઉપર અમદાવાદમાં તેના ત્રણ પરિચિતોએ સામૂહિક બળાત્કાર ગુજાર્યો હતો. આ ઘટના મામલે પોલીસે બે આરોપીઓની ધરપકડ કરી છે. જયારે એક હજુ ફરાર છે. પકડાયેલા આરોપીની ઓળખ લાલાસાહેબ સુખનાથ યાદવ અને શશાંક સંજય સાવંત તરીકે થઈ છે. પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર પીડિતા તેના પતિ અને બાળકો સાથે વિલેપાર્લેમાં રહે છે અને જુહુમાં તેના બે બ્યુટી પાર્લર હતા. કોરોનાકાળ દરમ્યાન થયેલા નુકસાનને કારણે તેણે બંને પાર્લર બંધ કરી દીધા. લાલાસાહેબ તરીકે ઓળખ થયેલો આરોપી કાંદિવલીમાં રહે છે, જે મહિલાનો નજીકનો મિત્ર હતો. લાલસાહેબ અવારનવાર વિલેપાર્લે સ્થિત તેમના નિવાસસ્થાને આવતો. ૬ જાન્યુઆરીના રોજ, તે તેના ઘરે પત્તા રમવા ગયો હતો અને જુગાર રમવાના બહાને તેણીને તેના બે મિત્રો સાથે અમદાવાદ લઈ ગયો હતો. તેઓ અમદાવાદમાં એક ફલેટમાં રોકાયા હતા, મોડી રાત્રી સુધી જુગાર રમતા હતા અને સાથે દારૂ પીતા હતા.

એક અધિકારીએ કહ્યું, લાલાસાહેબ અને તેના બે મિત્રોએ આખી રાત પીડિતાનું જાતીય શોષણ કર્યું અને બીજા દિવસે ૭ જાન્યુઆરીએ તેઓ બધા મુંબઈ પાછા ફર્યા. મુંબઈ પહોંચ્યા પછી, પીડિતાએ તેના પતિને આ ઘટના જણાવી અને બંને વિલે પાર્લે પોલીસ સ્ટેશન પહોંચ્યા અને લેખિત ફરિયાદ કરી હતી.

આલે...લે.. યુપીમાં ૧૩૮૦૩ મૃતકો સ્વર્ગમાંથી પેન્શન મેળવે છે ! : વેરીફીકેશન શરૂ

લખનૌ તા. ૧૧ : ઉત્તર પ્રદેશના હરદોઈ જિલ્લામાં રાષ્ટ્રીય વૃદ્ધાવસ્થા પેન્શન યોજનામાં મોટા પાયે વિસંગતતા સામે આવી છે, ચકાસણી દરમ્યાન ૧૩,૮૦૩ મૃતકો સ્વર્ગમાંથી પેન્શન મેળવતા હોવાનું જાણવા મળ્યું છે. તે સાથે ૪૫,૪૭૦ એવા લાભાર્થીઓ મળી આવ્યા જેઓ પોતપોતાના સરનામે રહેતા ન હતા. જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીએ જણાવ્યું કે, આવા લોકોનું પેન્શન બ્લોક કરી દેવામાં આવ્યું છે અને વેરિફિકેશન બાદ જ પેન્શન આપવામાં આવશે. હરદોઈ જિલ્લામાં ૧,૪૨,૪૯૫ પેન્શનરો છે.

સમાજ કલ્યાણ વિભાગે વૃદ્ધાવસ્થા પેન્શન સંબંધિત ૯૭ટકા વેરિફિકેશનનું કામ પૂર્ણ કર્યું છે. જેમાં ૯૭,૩૯૮ લોકોનું વેરિફિકેશન કરવામાં આવ્યું છે. પેન્શન ધારકોનું વેરિફિકેશન સમયાંતરે કરવામાં આવે છે અને આ વખતે આધાર ઓથેન્ટિકેશન પણ કરવામાં આવી રહ્યું છે. ૩ મહિના પહેલા જિલ્લા મેજિસ્ટ્રેટ મંગલા પ્રસાદ સિંહે સમાજ કલ્યાણ વિભાગને ૧૦૦% વેરિફિકેશન કરવાની સૂચના આપી હતી.

આ વેરિફિકેશન દરમિયાન જ ચોંકાવનારા ખુલાસા થયા છે. જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી રાજમતીએ જણાવ્યું કે વેરિફિકેશન દરમિયાન ૧૩ હજાર ૮૦૩ પેન્શનરોના મોત થયા છે, તેઓ એવા પણ મળ્યા છે જેમના ખાતા ફ્રીઝ કરવામાં આવ્યા છે.

વોટસએપ ઉપર ભુલથી મેસેજ થઈ ગયો હશે તો બે દિવસ બાદ પણ ડિલીટ થઈ શકશે

નવી દિલ્હી તા. ૧૧ : વોટ્સએપ પોતાના યુઝરના અનુભવોને વધુસારો બનાવવા માટે નવા નવા અપડેટ લાવતું રહે છે. હવે આમ જ વોટ્સએપ એક નવું અપડેટ લાવ્યું છે. લેટેસ્ટ રિપોર્ટ અનુસાર, મેટાની આ ઈન્સ્ટન્ટ મેસેજિંગ એપ ડિલિટ મેસેજ ફોર એવરીવન ફિચર માટે અપડેટ લાવી રહ્યું છે. જેના થકી વપરાશકર્તા લાંબા સમય બાદ પણ મેસેજને ડિલિટ ફોર એવરિવન કરી શકશે. વોટ્સએપનું આ નવું ફિચર હાલ તો કેટલાક બીટા ટેસ્ટર માટે જ ઉપલબ્ધ કરાવાયું છે. આને લઈને **WA** બીટા ઈન્ફોએ રિપોર્ટ કર્યો છે. **WA** બીટા ઈન્ફો વોટ્સએપના અપકમિંગ ફીચર પર નજર રાખે છે.

કાશ્મીરમાં અંકુશરેખા નજીક સર્જાયેલ દુર્ઘટના હિમ ખીણમાં ગબડી પડતા ત્રણ જવાન શહિદ

જમ્મુ તા. ૧૧

જમ્મુ-કાશ્મીરમાં ભારે હિમવર્ષા વચ્ચે પેટ્રોલીંગમાં રહેલા ભારતીય સૈન્યની ચીનાર કોરના એક જુનીયર કમીશન ઓફિસર સહિત ત્રણ જવાન ઉંડી ખાઈમાં ફસાઈને માર્યા ગયા હતા. આ ત્રણેય જવાનોના પાર્થિવ દેહને ભારે જહેમત બાદ બરફના ઢગ વચ્ચેથી શોધી કઢાયા હતા. કુપવાડા જીલ્લામાં અંકુશ રેખા નજીક આ દુર્ઘટના બની હતી.

જવાનોની ટીમ નિયમીત પેટ્રોલીંગમાં હતી તે સમયે અચાનક જ તેઓ એક ખાઈમાં ગબડી પડયા હતા અને તેઓને બચાવવાના પ્રયાસો શરુ થયા પરંતુ તે નિષ્ફળ ગયા હતા.

ભારે હિમવર્ષાના કારણે આ ખાઈ બરફથી ઢંકાઈ ગઈ હતી અને છેતરામણો માર્ગ હતો જેમાં આ જવાનો ગબડી પડયા હતા. જેમના પાર્થિવ દેહને શ્રીનગર લાવી તેમના વતન મોકલવા માટેની વ્યવસ્થા થઈ છે.

તાત્કાલીક + કસમાં

મારૂતિનંદન એપાર્ટમેન્ટ, છાંયાબજારમાં રોડ ટચ,
સહેજ અંદર દુકાન વેચવાની છે.
તેમજ તાત્કાલીક વેચવાનું છે
ઝાંઝરડા રોડ, ધનરાજ એપાર્ટમેન્ટ બે બેડ હોલનાં
૨ બ્લોક મંજુરી સાથે લીફ્ટ નથી વેચાવ છે.
સંપર્ક : ૯૪૨૬૧ ૬૫૨૧૫

ભગંદર, ફિસ્ટ્રા-મસા, ફિશર
સ્ત્રી રોગ અને ઈનફર્ટીલીટી સારવાર
આયુર્વેદ-પંચકર્મ દ્વારા નવા-જૂના રોગોની સારવાર
અગ્નિકર્મ-ક્ષારસુત્ર-ગર્ભસંસ્કાર
બાળકો માટે સુવર્ણપ્રાશન
વ્યસનમુક્તિ સારવાર
ડો. શ્રેયસ જી. ભાલોડિયા
M.S. (Ayurved) Shalya
જુનાગઢ : સોમ-શુક્ર-શનિવાર
રાજકોટ : મંગળ-બુધ-ગુરૂવાર
રાજકોટ માટે ફોન પર એપોઇન્ટમેન્ટ લેવી
ૐ આયુર્વેદ હોસ્પિટલ
પ્લોટીનમ-૨, ત્રીજો માળ, યસ બેંક ઉપર, એસ.ટી. કોલોની સામે, કોલેજ રોડ, મોતીબાગ, જૂનાગઢ. ફોન : (૦૨૮૫) ૨૬૭૪૪૨૨
મો. ૭૮૭૮૧ ૫૧૨૧૫
Aum Ayurved Hospital e_mail : aum.ayurved.hospital@gmail.com

રાજુભાઈ મો. ૯૮૭૯૫ ૭૪૬૬૬
વિવેક મો. ૯૮૨૪૬ ૭૪૬૬૬
કિષ્ના
સિમેન્ટ પ્રોડક્ટ & સેનેટરી વેર્સ
ધોરાજી રોડ, જકાત નાકા પાસે, જૂનાગઢ.
ફોન : ૦૨૮૫-૨૬૬૧૯૯૯

લક્ઝરીયસ બંગ્લો વેચવાનો છે
દોમડીયાવાડીની બાજુમાં,કાળવા ચોક SBI ની સામે, ગીરીકુંજ સોસાયટીમાં, વ્યાજબી ભાવે બંગલો વેચાણમાં. ૧૫૨ વાર, નવું બાંધકામ,પાંચ રૂમ, ડ્રોઈંગ રૂમ, સંપૂર્ણ વાસ્તુશાસ્ત્ર, ફુલ ફર્નિશ્ડ,ઉત્તરાભિમુખ, સ્વતંત્ર બોર. ટાઈટલ કલીઅર. ભૂલશો તો ચૂકશો
૧ કરોડ અને ૧૦ લાખનો બંગ્લો ફક્ત રૂા. ૬૮ લાખમાં જ
સંપર્ક : ૭૫૭૫૮૦૬૫૮૫

તમામ પ્રકારનાં હઠીલા રોગોની આયુર્વેદીક પધ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત
(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)
ડૉ. ધવલ સંઘવી
બી.એ.એમ.એસ. (B.V.P.U.). Pune
ઈમ્યુનિટા પ્લો.. સંક્રમણથી બચો
સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ. મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩
તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પધ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત
વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક
દરેક જગ્યાએ ઉપલબ્ધ
કલીનીક : ઝાંઝરડા બાયપાસ ચોકડી, ત્રીજો માળ, ૯ સ્કવેર બિલ્ડીંગ, કે.જે. હોસ્પીટલ પાસે, જૂનાગઢ
સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...

સ્વામી વિવેકાનંદ યુવાનો માટે આદર્શ

સ્વામી વિવેકાનંદનો જન્મ ૧૨મી જાન્યુઆરી ૧૮૬૩ના રોજ કલકત્તા ખાતે શિમલા પાલ્લીમાં થયો હતો અને તેમનું નામ નરેન્દ્રનાથ દત્ત પાડવામાં આવ્યુ હતું. તેમના પિતા વિશ્વનાથ દત્ત કલકત્તા હાઇ કોર્ટમાં એટર્ની હતા. તેમની ગણના એક ઉદાર વ્યક્તિ તરીકે થતી હતી અને સામાજિક તથા ધાર્મિક બાબતોમાં તેમની છાપ એક પ્રગતિશીલ વ્યક્તિની હતી.તેમની માતા ભુવનેશ્વરી દેવી પવિત્ર સ્ત્રી હતા તથા સંયમ પાળતા હતા અને પોતાને એક પુત્ર આપવા માટે તેઓ વારાણસીના વિરેશ્વર શિવ ની આરાધના કરતા હતા.જાણવા મળ્યા મુજબ તેણીને એક સ્વપ્ન આવ્યું હતું જેમાં તેમને એવું દેખાયુ હતું કે શિવ ભગવાને ધ્યાનમાંથી ઉઠીને કહ્યું કે તેઓ તેના પેટે પુત્ર તરીકે જન્મ લેશે. તેમના માતાપિતાએ સ્વામીની વિચારસરણી ઉપર અસર પાડી - પિતાએ તેમના બૌધ્ધિક દિમાગથી તથા માતાએ તેમના ધાર્મિક સ્વભાવથી. તેમની યુવાનીના વર્ષો દરમિયાન તેઓ પાશ્ચાત્ય તત્વજ્ઞાન અને વિજ્ઞાનના પરિચયમાં આવ્યા હતાં અને તેઓ કોઇ પણ વાતને બૌધિક પુરાવા અને વ્યવહારિક ચકાસણી વિના માનવાનો ઇન્કાર કરતા હતાં. તેમના મનનો બીજો હિસ્સો ધ્યાનના આધ્યાત્મિક આદર્શો અને અનાસક્તિ તરફ આકર્ષાતો હતો. નરેન્દ્રનાથે પોતાનો અભ્યાસ ઘરેથી શરૂ કર્યો હતો પરંતુ પછીથી તેઓ સને ૧૮૭૧માં ઇશ્વરચન્દ્ર વિદ્યાસાગર સંસ્થામાં દાખલ થયા હતા અને સન ૧૮૭૯માં તેમણે પ્રવેશ પરિક્ષા પાસ કરી હતી. તેમને વિવિધ વિષયોમાં રસ હતો અને તેઓ તત્વજ્ઞાન, ઇતિહાસ, સમાજશાસ્ત્ર, વિનયન, સહિત્ય અને અન્ય વિષયોમાં વિદ્વતા ધરાવતા હતા. તેમણે વેદ, ઉપનિષદો, ભગવદ્ગીતા, રામાયણ, મહાભારત અને પુરાણોમાં ઉંડો રસ દાખવ્યો હતો. તેઓ શાસ્ત્રિય સંગીતમાં, ગાયકી વાદ્ય એમ બન્નેમાં જાણકાર હતા. બાળપણથી જ તેમણે શારીરિક કસરત, રમતગમત અને અન્ય સંગઠનલક્ષી પ્રવૃત્તિઓમાં સક્રિય રસ લીધો હતો. તેઓ જ્યારે ખુબ જ યુવાન હતા ત્યારે પણ તેમણે પાખંડી રીત રિવાજો અને જ્ઞાતિ અને ધર્મ આધારીત ભેદભાવો સામે અવાજ ઉઠાવ્યો હતો. ''મારો વિશ્વાસ યુવાશક્તિ ઉપર છે. એમાંથી જ મારા કાર્યકર્તાઓ પેદા થશે, જે તેમના પરાક્રમોથી વિશ્વને બદલી નાખશે. '' ભારત સ્વતંત્ર થયું તેનાં ૫૦ વર્ષ પહેલાં મદ્રાસના યુવાનો સમક્ષ આપેલ ભાષણમાં સ્વામીજીએ આ વિશ્વાસ વ્યકત કર્યો હતો. સ્વામી વિવેકાનંદ પોતે જ યુવાન હતા. તેમનું સમગ્ર જીવન અને સંદેશ યૌવનનો આદર્શ હતો. તેમણે ભારતીય સંસ્કૃતિમાં યુવાવસ્થાના આદર્શને આપણી સમક્ષ રજૂ કર્યો. ફકત ૩૯ વર્ષ, ૫ માસ અને ૨૨ દિવસના ટૂંકા આયુષ્યમાં એવું પરાક્રમ કર્યું હતું કે, જેથી સમગ્ર વિશ્વ અચંબામાં પડી ગયું. પોતાનું જીવન, પ્રેરણા, વિચાર, સાહિત્ય તેમજ કાર્યોથી સ્વામીજીએ યુવાનોને પ્રેરિત કર્યા.

આત્મવિશ્વાસ : જીવનમાં જે નક્કી કર્યું છે તે કરવા માટે સૌથી વધુ જરૂર છે પોતાનો આત્મવિશ્વાસ. સ્વામી વિવેકાનંદ ઈશ્વરમાં વિશ્વાસ કરવા કરતાં પોતાનામાં વિશ્વાસ વ્યકત કરવાનું જણાવે છે. ''પહેલાં કહેવાતું હતું કે, ઈશ્વરમાં વિશ્વાસ નહિ કરવાવાળો નાસ્તિક છે. હું કહું છું કે, જેને પોતાનામાં વિશ્વાસ નથી એ નાસ્તિક છે.'' આપણે આપણી શકિતઓની પરીક્ષા કર્યા વગર જ તેને મર્યાદિત કરી દીધી છે. આપણે એમ માનીને ચાલીએ છીએકે આપણે આટલું જ કરી શકીએ, જયારે આપણી શકિતઓ અમર્યાદ છે. જો યુવાનો દ્રઢ નિર્ધાર કરે તો તેમના માટે શું અશકય છે ? આપણે સામાન્ય વ્યકિતઓની અસામાન્ય સિદ્ધિઓથી આશ્ચર્યશકિત પણ થઈ જઈએ છીએ અને તેમનાં વખાણ પણ કરીએ છીએ, પરંતુ શું આપણે એમનામાંથી પ્રેરણા મેળવીએ છીએ ? શું આપણી ભીતર આ આત્મવિશ્વાસ પેદા થાય છે કે આપણે પણ આવું કંઈક કરી શકીએ? સ્વામીજી આપણને એ પ્રેરણા પૂરી પાડે છે કે જીવનમાં આપણી આજુબાજુ બનવાવાળી નાનીમોટી, સકારાત્મકનકારાત્મક બધીજ ઘટનાઓ આપણને આપણી અમર્યાદ શકિતને પ્રકટ કરવાની તક પૂરી પાડે છે.

સમર્પણ : કોઈપણ કાર્યમાં સફળતા મેળવવા માટે સમર્પણ અનિવાર્ય છે. સ્વામીજી તેને અધ્યવસાયની સંજ્ઞા આપે છે. ''અધ્યવસાયી આત્મા કહે છે કે, હું સાગરને પી જઈશ એ છીપની જેમ જે સ્વાતિ નક્ષત્રના એક ટીપાને પ્રાપ્ત કરવા માટે મોજાંની ઉપર આવે છે. એક ટીપું પ્રાપ્ત થયા પછી સમુદ્રની અગાધ ઊંડાઈમાં જઈને ધીરજપૂર્વક બેસી જાય છે, જયાં સુધી તેનું મોતી ન બની જાય. આપણા યુવાનોને આવા અધ્યવસાયની જરૂર છે.'' આપણે કોઈપણ કાર્યની શરૂઆત કરવામાં તો ખૂબ મોટી મહાનતાનો પરિચય આપીએછીએ પરંતુ થોડા જ સમયમાં સ્વાભાવિક રીતે જ તેનાથી વિમુખ થઈ જઈએ છીએ. આજના સ્પર્ધાત્મક યુગમાં આવા આરંભશૂરાઓનું કામ નથી. સંપૂર્ણ સમર્પિત ભાવથી હાથ ઉપર લીધેલા કાર્યને પૂર્ણ કરવાની ધગશથી જ યુવાનોને સફળતા મળી શકે છે.

સંગઠન : વર્તમાન યુગ સંગઠનનો યુગછે. કોઈપણ ક્ષેત્રમાં પછી તે વ્યાવસાયિક ક્ષેત્ર હોય કે વિજ્ઞાનનું, આજે ટીમ દ્વારા કાર્ય થાય છે. વ્યકિતગત સિદ્ધિઓના સ્થાને સમૂહ દ્વારા આજે કાર્યો પૂરાં થાય છે. પછી તે વહીવટનું ક્ષેત્ર હોય કે સોફટવેરનું, એને જ મહત્ત્વ મળે છે જે ટીમ સ્પિરીટથી કામ કરવામાં સક્ષમ હોય. વિશ્વના તમામ માનવ સંસાધનતજ્ઞ્ઞો આજે એજ ગુણને મહત્ત્વ આપે છે. સ્વામી વિવેકાનંદ અમેરિકામાં સંગઠન કાર્યના ચમત્કારથી પ્રભાવિત થયા હતા. એમણે નક્કી કર્યું હતું કે, ભારતમાં પણ આ સંગઠન કૌશલ્યને પુનઃજીવિત કરવું છે. તેમણે પોતે જ રામકૃષ્ણ મિશનની સ્થાપના કરીને, સંન્યાસીઓ સુધી સંગઠન કરીને સમૂહમાં કામ કરવાની તાલીમ આપી હતી.

- આસી. પ્રો. ડો. સચિન જે. પીઠડીયા

ભાણવડની પુરૂષાર્થ વિદ્યાલયમાં વીર માંગડાવાળો અને સતી પદ્માવતી સાથે ભવ્ય વાર્ષિકોત્સવ યોજાયો : નાટક, પુસ્તક મેળો તથા રક્તદાન કેમ્પનું આયોજન થયું

(કુંજન રાડિયા દ્વારા)

જામ ખંભાળિયા તા.૧૧

ભાણવડમાં આવેલી પુરૂષાર્થ વિદ્યાલય તથા તપોવન વિશ્વવિદ્યાલયના સંયુક્ત ઉપક્રમે તાજેતરમાં વાર્ષિક ઉત્સવનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં શાળાના વિદ્યાર્થી ભાઈઓ-બહેનોએ ભાણવડની ધરતી ઉપર થયેલી ઐતિહાસિક ઘટના વીર માંગડાવાળો તથા સતી પદ્માવતીનું સુંદર નાટક રજૂ કરી અને દર્શકોને મંત્રમુગ્ધ કરી દીધા હતા. શાળાના જ ૪૬ વિદ્યાર્થીઓ દ્વારા ભલભલા કલાકારને પાછા પાડી દે તેવા અભિનય સાથે ઉપરોકત નાટક રજુ કરવામાં આવ્યું હતું. જેમાં નાટકના પ્રણેતા માલદેભાઈ આહીર, ચેતનભાઈ ટાંક, ચંદ્રિકાબેન બેરા, નિરાલીબેન લુણાવીયા વિગેરે જોડાયા હતા. આ નાટક નિહાળવા આશરે દસથી બાર થી હજાર જેટલી જનમેદની ઉમટી પડી હતી. નાટક ઉપરાંત અનેક પુસ્તક પ્રકાશનોના પુસ્તક મેળો, ૧૦થી ૧૫ ફૂટની ઊંચાઈએ દોરડા સાથે વીંટળાઈને રજુ થયેલા યોગ કાર્યક્રમમાં શાળાના ધોરણ નવ થી બારના છાત્રો દ્વારા આ સમગ્ર સંચાલન આકર્ષણ રૂપ બની રહ્યું હતું. આ કાર્યક્રમમાં સાંસદ રમેશભાઈ ધડુક, મંત્રી મુળુભાઈ બેરાના પ્રતિનિધિ હર્ષદ બેરા, સંત શ્રુતપ્રજ્ઞાજી, ઈતિહાસ વિદ નરોતમ પલાણ, ઓકસફોર્ડ યુનિવર્સિટીના પ્રોફેસર ગ્રેહામ ડવાયર, જળકાંતિ ટ્રસ્ટના મનસુખભાઈ સુવાગીયા, ડોકટર ટી.બી. કનેરિયા જિલ્લા પંચાયત ના પૂર્વ પ્રમુખ પાલભાઈ કરમુર, રાજીબેન મોરી, વિગેરે આગેવાનો જોડાયા હતા. આ સમગ્ર કાર્યક્રમનું આયોજન પુરૂષાર્થ શાળાના સંચાલક પ્રમુખ ભીમશીભાઈ કરમુર, ડોકટર ખુશાલ શીલું, માલદેભાઈ આહીર તથા શાળા સ્ટાફ દ્વારા કરવામાં આવ્યું હતું. શાળામાં યોજાયેલો આ સમગ્ર કાર્યક્રમ તથા નાટક ચર્ચાસ્પદ બન્યા હતા.

જોશીમઠમાં ભૂસ્ખલનથી સર્જાયેલી આપત્તિ અંગે
અનંતશ્રી વિભુષિત દ્વારકા શારદાપીઠાધીશ્વર જગદગુરૂ શંકરાચાર્ય સ્વામી શ્રી સદાનંદ સરસ્વતીજી મહારાજશ્રીનું નિવેદન

(રાકેશ સામાણી દ્વારા)

દ્વારકા તા. ૧૧

જોશીમઠમાં ભૂસ્ખલનથી સર્જાયેલી વિચિત્ર કટોકટી અને દુર્ઘટના અંગે અનંત શ્રી વિભુષિત દ્વારકા શારદાપીઠાધીશ્વર જગદગુરૂ શંકરાચાર્ય સ્વામી શ્રી સદાનંદ સરસ્વતીજી મહારાજ શ્રીએ નિવેદનમાં જણાવ્યું હતું કે ભૂસ્ખલન અને જમીન ધસી જવાની ઘટના ખૂબ જ દુઃખદ છે. વધુ લોકોને નુકસાન થયું હોત વાસ્તવમાં આવું કેમ થયું તેને આપણે કુદરતનો પ્રકોપ ગણીએ છીએ, પરંતુ કુદરત સાથે છેડછાડ કરવાથી કુદરતી અને પ્રાકૃતિક સૌંદર્યનો નાશ થાય છે અને આફતની સ્થિતિ સર્જાય છે.

અનિવેશ નામના શિષ્યએ તેમના ગુરૂને પૂછ્યું કે પ્રકૃતિમાં ખામી ક્યાંથી આવે છે. ત્યારે આત્રેય મુનિએ કહ્યું કે આનું મૂળ સ્વરૂપ અધર્મ છે અને અધર્મ શું છે, એટલે કે મનસ્વી કાર્ય તમારી બુદ્ધિથી કરો, એવું વિચારીને કે આપણે જે કરીએ છીએ તે શ્રેષ્ઠ છે, તેથી જ આવા વાંધાઓ અને આફતો આવે છે. ત્યાં વિકાસની તમામ યોજનાઓ જે ૩૦-૪૦ વર્ષથી ચાલી રહી છે, મોટા ડેમનું નિર્માણ દેશના સમય અને સંજોગો અને સ્થળની સ્થિતિને ધ્યાનમાં રાખીને વિકાસ કરવો જોઈએ. ઉત્તરાખંડ ભગવાનની ભૂમિ છે, તેને પર્યટન સ્થળનું રૂપ આપવાથી તેને નુકસાન જ થશે અને તેની અખંડિતતા જોખમાશે, તે સામાન્ય ભૂમિ નથી, તેને સામાન્ય ગણવી તે માનવીની ભૂલ છે. તે પણ ન કરવું જોઈએ.ઉત્તરાખંડ દેવતાઓની ભૂમિ છે, અહીં મહાન ઋષિ-મુનિઓએ તપસ્યા કરી છે, તેને પ્રવાસન સ્થળ તરીકે પ્રમોટ કરવા કે સ્થાપિત કરવા માટે કોઈ પ્રયાસ ન કરવો જોઈએ, આ સ્વયં દેવાધિદેવ મહાદેવનું સ્થાન છે.બ્રહ્મલિન જ્યોતિષપીઠાધિશ્વર (અને દ્વારકા શારદાપીઠાધિશ્વર) ના જગદગુરૂ શંકરાચાર્ય સ્વામી સ્વરૂપાનંદ સરસ્વતીજી મહારાજે વર્ષ ૨૦૦૮માં જ ગંગા સેવા અભિયાન દ્વારા તેમનું કાર્ય શરૂ કર્યું હતું. એઓશ્રીએ દેશ સમક્ષ મૂક્યો હતો જેમાં તેમણે પહાડોને હચમચાવતા, પાવર પ્રોજેકટ્સ અને દરેક મોટા પ્રોજેકટને વિનાશક ગણાવ્યા હતા. તેમણે NTPCના તપોવન વિષ્ણુગઢ પ્રોજેકટના સંદર્ભમાં સ્પષ્ટપણે કહ્યું હતું કે આ પ્રોજેકટની અસરથી જોશીમઠ કાયમ માટે નષ્ટ નથવું જોઈએ. આજે તેમની આશંકા ૧૦૦% સાચી સાબિત થઈ રહી છે. તેથી જોશીમઠના રક્ષણ માટે આપણે સ્પષ્ટતા સાથે આવા પ્રોજેકટ્સને રોકવા પડશે. અને આજે એ જ પરિસ્થિતિ સામે આવી રહી છે, તેનાથી ચોક્કસપણે બચવા માટે આપણી યોજનાઓ અને ત્યાંના વિકાસ માટે ઉપયોગમાં લેવાતા સાધનો ઉપર વિકાસની યોજનાઓ બનાવવામાં આવી છે. જે ચાલી રહ્યું છે તેના ઉપર ફરી એકવાર વિચારણા કરવી પડશે, મંથન કરવું પડશે, હાલમાં આપણે લોકોને જે પણ સુવિધા આપી શકીએ છીએ, તે સરકારની જવાબદારી હોવાથી સમાજની પણ જવાબદારી છે. આપણા ગુરૂભાઈ જ્યોતિષપીઠાધીશ્વર જગતગુરૂ શંકરાચાર્ય સ્વામી શ્રી અવિમુકતેશ્વરાનંદ સરસ્વતીજી મહારાજજી એ જ વિસ્તારમાં સેવાના કાર્યોનું નિરીક્ષણ કરવા ગયા છે, તેઓ પીડિત જન સમૂહને મળી રહ્યા છે અને અમે પણ દરેકના દુઃખમાં સાથ આપીએ છીએ. અમે પણ જોશીમઠના રહેવાસીઓની સાથે છીએ. આખો દેશ એક સાથે છે, દરેક આફત સમયસર ટળી જાય છે, માટે ધીરજ રાખી. આફત ભલે ગમે તેટલી મોટી હોય, સમય પ્રમાણે તેને ટાળવી જ પડે છે. તેથી, આપણા વડવાઓએ આપણને પ્રતિકૂળ સમયે ધીરજ રાખવાની શીખ આપી છે. મુશ્કેલીના સમયે ધીરજથી તેમાંથી છુટકારો મેળવવા માટે પ્રયત્નો કરવા જોઈએ. જો તમે ગભરાશો, તો આફત વધુ અસરકારક બને છે. તેથી, અમે જોશીમઠના તમામ ભાઈઓ અને બહેનોને અપીલ કરીએ છીએ કે કોઈ પણ ગભરાટ વિના આ તોળાઈ રહેલી આફતનો ધીરજપૂર્વક સામનો કરો. આ માટે અમે દરેક ઉપાય અપનાવીશું જેનાથી આફત ટળી શકે. ભગવાન તમને આ દુઃખ સહન કરવાની શકિત આપે, ચાલો બદ્રીનાથ અને દ્વારકાધીશજી ને પ્રાર્થના કરીએ. અને આવી ઘટના ફરી ન બને તે માટે આપણે સૌએ વિચારવું જોઈએ.

દ્વારકા નજીક બાઈક અકસ્માતમાં ગાંધીનગર તાલુકાના યુવાનનું કરૂણ મૃત્યું

જામ ખંભાળિયા તા.૧૧

દ્વારકા નજીક સોમવારે થયેલા બાઈક અકસ્માતમાં ગાંધીનગરના ડભોળા ખાતે રહેતા ૧૯ વર્ષના આશાસ્પદ યુવાનનું કરૂણ મૃત્યું નિપજ્યું. જ્યારે અન્ય બે યુવાનો ઈજાગ્રસ્ત બન્યા હતા. આ બનાવ અંગેની વિગત મુજબ દ્વારકાથી આશરે ૨૨ કિલોમીટર દૂર ઓખા મઢી ગામ પાસે જી.જે. ૧૮ ડી.એમ. ૭૯૨૫ નંબરના મોટરસાયકલ પર જઈ રહેલા ગાંધીનગર તાલુકાના ડભોળા ગામે રહેતા હર્ષભાઈ શંકરભાઈ ખત્રી નામના ૧૯વર્ષના યુવાનના મોટા સાયકલનો અકસ્માત થતા ગંભીર ઈજાઓ થવાના કારણે હર્ષનું મૃત્યું નીપજ્યું હતું. જ્યારે આ અકસ્માતમાં અન્ય બે યુવાનો પુનિત વિનોદભાઈ ઠાકોર અને બહાદુરભાઈ જસુજી ચૌહાણ નામના બે યુવાનો ઈજાગ્રસ્ત બન્યા હતા.

આ બનાવ અંગે મૃતકના પિતા શંકરભાઈ નારણભાઈ ખત્રીની ફરિયાદ પરથી દ્વારકા પોલીસે બાઈક ચાલક હર્ષ ખત્રી સામે આઈ.પી.સી. કલમ ૨૭૯, ૩૩૭, ૩૩૮ તથા એમ.વી. એક્ટની કલમ મુજબ ગુનો નોંધી, જરૂરી કાર્યવાહી કરી હતી. આશાસ્પદ યુવાનના અપમૃત્યુંના આ બનાવે મૃતકના પરિવારજનોમાં ઘેરા શોકની લાગણી પ્રસરાવી છે.

ખંભાળિયાની શાળાઓમાં જાયન્ટસ ગ્રુપ દ્વારા વિવિધ સ્પર્ધાઓ યોજાઈ

જામ ખંભાળિયા તા.૧૧

ખંભાળિયાની જાણીતી સંસ્થા જાયન્ટસ ગ્રુપ દ્વારા શહેરમાં શિક્ષણને લગતી પ્રવૃત્તિના ભાગરૂપે અહીંના હર્ષદપુર વિસ્તારમાં આવેલી નવી વાડી પ્રાથમિક શાળા ખાતે નિબંધ સ્પર્ધા યોજવામાં આવી હતી. આ ઉપરાંત અહીંના શકિતનગર ખાતે આવેલી શ્રી દ્વારકેશ વિદ્યાલયમાં લીંબુ ચમચી સ્પર્ધાનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. સ્પર્ધાના અંતે વિજેતા થયેલા વિદ્યાર્થીઓને સન્માનિત કરવામાં આવ્યા હતા. તેમજ ભાગ લેનાર દરેક વિદ્યાર્થીઓને પણ ભેટ આપી, પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. આ સ્પર્ધાના આયોજન માટે પ્રોજેકટ ચેરપર્સન તરીકે ઈલાબેન વાઢેર તથા આનંદભાઈ પાઢ દ્વારા સહયોગ આપવામાં આવ્યો હતો. આ સ્પર્ધામાં યુનિટ ડાયરેકટર સંદીપભાઈ ખેતિયા, સંસ્થાના પ્રમુખ રવિ દવે, જ્યોત્સનાબેન ભટ્ટ, ઈલાબેન વાઢેર તથા આનંદભાઈ પાઢ વિગેરે ઉપસ્થિત રહ્યા હતા.

કલ્યાણપુરની સગીરાના અપહરણ સબબ દ્વારકાના શખ્સ સામે ફરિયાદ

(કુંજન રાડિયા દ્વારા)

જામ ખંભાળિયા તા.૧૧

કલ્યાણપુર તાલુકાના જુવાનપુર ગામે રહેતા એક પરિવારની ૧૬ વર્ષ ૧૦ માસની વયની સગીર પુત્રીને દ્વારકાના કાનદાસ બાપુના આશ્રમની પાછળના ભાગે રહેતા મનીષ ઉર્ફે મનીયો રમેશભાઈ પરમાર નામનો શખ્સ લલચાવી, ફોસલાવીને સગીરાને લગ્ન કરવાની લાલચ આપી, બદકામ કરવાના ઈરાદે અપહરણ કરીને લઈ ગયો હોવાની ફરિયાદ સગીરાના માતાએ કલ્યાણપુર પોલીસમાં નોંધાવી છે.

ખંભાળિયામાં મકરસંક્રાંતિ પર્વે જરૂરિયાતમંદ પરિવારોને કીટ વિતરણ કરાયું

(કુંજન રાડિયા દ્વારા)

જામ ખંભાળિયા તા.૧૧

ખંભાળિયાની જાણીતી સેવા સંસ્થા જલારામ અન્નપૂર્ણા ગૃહ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા મુળજીભાઈ વલ્લભદાસભાઈ પાબારી (મુંબઈવાળા) ના આર્થિક સહયોગથી દર વર્ષની જેમ આ વખતે પણ રઘુવંશી જ્ઞાતિના ૧૧૦ જેટલા જરૂરિયાતમંદ પરિવારોને ઉતરાણપર્વ નિમિતે અનાજની કીટનું વિના મૂલ્યે વિતરણ કરવામાં આવ્યું હતું. જેમાં તેલ, ખાંડ, વેસણ, ચોખા, ગોળ, મમરા, બી, તલ તેમજ નિમકની થેલી તથા સંક્રાતિપર્વ તહેવારને અનુલક્ષીને તમામને રૂા.૫૧ની દક્ષિણા આપવામાં આવી હતી. આમ દરેક પરિવારોને આશરે રૂા. ૬૦૦ જેટલી કિંમતની કીટ આપવામાં આવી હતી. આ સેવા કાર્યક્રમના પ્રારંભે સંસ્થાના ટ્રસ્ટી મનુભાઈ કાનાણી તેમજ સંસ્થા સાથે દાયકાઓથી સંકળાયેલા દાતા સદગૃહસ્થ મુળજીભાઈ પાબારીના વરદ હસ્તે તેમના નિવાસસ્થાનેથી જ વિતરણની શરૂઆત કરવામાં આવી હતી. શ્રી જલારામ અન્નપૂર્ણા ગૃહ ચેરીટેબલ ટ્રસ્ટ જે છેલ્લા ૪૦ વર્ષોથી અનાજની કીટની સેવા, ટીફિનની સેવા તેમજ મેડિકલ કેમ્પ અને કોરોના સમયમાં પણ અનન્ય સેવાઓ કરતા આવ્યા છે અને તમામ સામાજિક કાર્યો નાત જાતના ભેદભાવ વગર કરવામાં આવે છે. આ કાર્યક્રમને સફળ બનાવવા સંસ્થાના મુખ્ય ટ્રસ્ટી અને પાયાના પથ્થર એવા મનુભાઈ કાનાણી, નિખિલભાઈ કાનાણી, નિશિલભાઈ કાનાણી, અશોકભાઈ દાવડા કે જેઓ મુકસેવક તરીકે વર્ષોથી સેવા અવિરત આપે છે, તેમના દ્વારા જહેમત ઉઠાવવામાં આવી હતી.

ખંભાળિયા લોહાણા કન્યા છાત્રાલયનું ગૌરવ

(કુંજન રાડિયા દ્વારા)

જામ ખંભાળિયા તા.૧૧

લોહાણા કન્યા છાત્રાલય દ્વારા દર વર્ષે નવા વર્ષના પ્રારંભે જ્ઞાતિની તમામ છાત્રાલયની વિદ્યાર્થીનીઓ માટે વકતૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવે છે. જે અંતર્ગત તાજેતરમાં અમદાવાદના પાલડી ખાતે ૨૪મી વકતૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. તેમાં ખંભાળિયા ઉપર અમદાવાદ, પાટણ બાજવા, વિગેરે શહેરની લોહાણા કન્યા છાત્રાલયની દીકરીઓએ ભાગ લીધો હતો.

આ સ્પર્ધામાં ખંભાળિયાની માતૃશ્રી સંતોકબેન ગોરધનદાસ મપારા કન્યા છાત્રાલયની ધોરણ ૧૧માં અભ્યાસ કરતી દીકરી સિમરન સંજયભાઈ સોનેચાએ પ્રથમ ક્રમ પ્રાપ્ત કરી, ખંભાળિયા લોહાણા કન્યા છાત્રાલયનું ગૌરવ વધાર્યું હતું.

આ ઉપરાંત કુમારી તરૂસી મનીષભાઈ ઠકરારે પણ ચોથો ક્રમ મેળવી ટ્રોફી પ્રાપ્ત કરી હતી. ખંભાળિયાની સંસ્થાનું ગૌરવ વધારવા બદલ મુંબઈ તેમજ ખંભાળિયાના ટ્રસ્ટીઓ દ્વારા તેઓને અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

ખંભાળિયામાં આવતીકાલે શહેર તથા તાલુકાના પેન્શનરોની સામાન્ય સભા

(કુંજન રાડિયા દ્વારા)

જામ ખંભાળિયા તા.૧૧

ખંભાળિયામાં મોરલી મંદિર પાસે આવેલી રાજય પુરોહિત જ્ઞાતિની બ્રહ્મપુરી ખાતે આવતીકાલે ગુરૂવારે બપોરે ૧૨ વાગ્યે શહેર તથા તાલુકાના પેન્શનરોની સામાન્ય સભા યોજવામાં આવી છે. આ સામાન્ય સભામાં વર્ષ ૨૨-૨૩ માટે નોંધાયેલા અનેફી ભરનારા દરેક સદસ્ય ભાઈઓ, બહેનોને ઉપસ્થિત રહેવા તથા તેઓને કંઈ પ્રશ્ન હોય તો સાથે લાવવા પેન્શનર મંડળના પ્રમુખ મોગલભાઈ તથા ઉપપ્રમુખ નટુભારથી ગોસ્વામીની એક યાદીમાં જણાવાયું છે.

બોર્ડની પરીક્ષામાં ધરખમ ફેરફારો

હવે ઓછું રિઝલ્ટ આવશે તો સ્કૂલોનું હોમવર્ક વધી જશે

ધો. ૧૦ અને ધોરણ ૧૨માં ૩૦ ટકાથી ઓછું રિઝલ્ટ ધરાવતી દરેક સ્કૂલે ૪૫ મિનીટ બાળકોને વધુ ભણાવવું પડશે. દરેક ડીઈઓ દ્વારા પોતાના જિલ્લાની રીઝલ્ટમાં નબળી સ્કૂલોને પરિણામ વધારવા માટે ગેરહાજર છાત્રોને અભ્યાસ માટે બોલાવવાનો આદેશ કરાયો છે. શાળાઓને સ્કૂલનું પરિણામ વધારવા માટે હવે આચાર્ય અને શિક્ષકો પર જવાબદારી સોંપાઈ છે. ગુજરાતમાં બોર્ડનું પરિણામ ૧૦થી ૩૦ટકા જ હોય તેવી રાજ્યમાં અનેક સ્કૂલો છે ત્યારે સ્કૂલોનું પરિણામ વધારવા માટે યાદી તૈયાર કરીને તમામ સ્કૂલોને એક્શન પ્લાન બનાવવા આદેશ કરાયો છે.

જૂનાગઢ બહાઉદ્દીન વિનયન કોલેજના વિદ્યાર્થીઓએ કોરોના સંક્રમણ રોકવા માસ્ક વિતરણ કર્યા

વિદ્યાર્થીઓએ રેલી યોજી લોકોને જાગૃત્તાના સંદેશો આપ્યો

જૂનાગઢ, તા.૧૧ જૂનાગઢ બહાઉદ્દીન સરકારી વિનયન કોલેજ ખાતે પંચપ્રકલ્પ અંતર્ગત કોરોના સંક્રમણ રોકવા જાહેર જનતાને અને વિદ્યાર્થીઓને માસ્ક વિતરણ કાર્યક્રમનું તથા એક રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં કોલેજના તમામ અધ્યાપકો તથા વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ રેલી દરમ્યાન માસ્ક હમારા હીરો હૈ, તો કોરોના ફિર ઝીરો હૈના નારો આપવામાં આવ્યો હતો તથા કોરોના સંક્રમણ રોકવા વિષે વિદ્યાર્થીઓને માહિતગાર કરાયા હતા. કાર્યક્રમના અંતે કોલેજના આચાર્ય ડો.પી.વી.બારસીયા દ્વારા આભાર વિધિ કરવામાં આવી હતી તેમજ કોરોના સંક્રમણ રોકવા માટે વિદ્યાર્થીઓને પ્રેરિત કરવામાં આવ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું આયોજન તથા સંચાલન એનએસએસ પ્રોગ્રામ ઓફિસર હાર્દિકભાઈ રાજ્યગુરૂ તથા જિગ્નેશભાઈ કાચા દ્વારા કરવામાં આવ્યું હતું.

જૂનાગઢ જીલ્લાની પ્રાથમિક શાળાના ૫૦ હજારથી વધુ બાળકોએ વડાપ્રધાનને પત્ર લખી આભાર વ્યક્ત કર્યો

કૃષીઋષી સંતયાત્રા અંતર્ગત પ્રાકૃતિક ખેતી અને દેશી ગાય પાલન-પોષણ માટે જાગૃતિ અભિયાન

જૂનાગઢ, તા.૧૧ ખેડૂતો પ્રાકૃતિક ખેતી તરફ વળે તે માટે સરકાર દ્વારા અનેક પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. જૂનાગઢ જિલ્લામાં પ્રાકૃતિક ખેતી અને દેશી ગાયના મહત્વને સમજાવવા માટે કૃષીઋષી સંતયાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે. જે અંતર્ગત શાળાકક્ષાની પ્રવૃતિ હેઠળ જિલ્લાની પ્રાથમિક શાળાના ૫૦ હજારથી વધુ બાળકોએ પ્રાકૃતિક ખેતી અને દેશી ગાયના મહત્વને નીતિગત સ્વીકારી તે બદલ વડાપ્રધાનને પત્ર લખી આભાર વ્યક્ત કર્યો છે. જૂનાગઢ જિલ્લાના પ્રાકૃતિક ખેતી વધુ પ્રોત્સાહન મળે સાથે જ દેશી ગાયનું પાલન, પોષણ અને સંવર્ધન કરે તે માટે તા.૪ જાન્યુઆરીથી સમગ્ર જિલ્લામાં ગામડે ગામડે ફરી રહી છે. આ યાત્રાનું તા. ૧૪ જાન્યુઆરીના રોજ સમાપન થશે. આ યાત્રાના ૧૫ રથ પ્રાકૃતિક ખેતી અને દેશી ગાયનો પ્રચાર-પ્રસાર અર્થે ફરી રહ્યા છે. ત્યારે શાળાકક્ષાની પ્રવૃતિને લઈને જૂનાગઢ જિલ્લાની પ્રાથમિક શાળાના ૫૦ હજારથી વધુ બાળકોએ વડાપ્રધાનને પત્ર લખી જણાવ્યું હતું કે, પ્રાકૃતિક ખેતીને નીતિગત સ્વીકારવાનું કામ કર્યું છે અને પ્રાકૃતિક ખેતીને વેગ મળે તે માટે યોજનાઓ ઘડી છે. તેના લીધે હવે અમોને અમારા ભવિષ્ય માટે આશાનું કિરણ દેખાઈ રહ્યું છે. વધુમાં તેમણે લખ્યું કે, આપ અમોને આચાર્ય દેવવ્રત જેવા રાજ્યપાલ આપ્યા જેવો આ પ્રાકૃતિક ખેતીને દિવસે રાત મહેનત કરીને આગળ વધારી રહ્યા છે. બહુ જ કુનેપૂર્વક સરકારી તંત્ર અને કૃષિ યુનિવર્સિટીઓને પણ આમાં સામેલ કરી રહ્યા છે. તેના માટે અમો બાળકો ફરી વખત આપનો હૃદય પૂર્વક આભાર માનીએ છીએ. શાળા કક્ષાની પ્રવૃતિ દરમ્યાન શાળાઓમાં બાલસભાનું આયોજન કરી વિદ્યાર્થીઓને પ્રાકૃતિક ખેતિ વિશે પણ માહિતગાર કરવામાં આવ્યાં હતા.

જૂનાગઢમાં મકરસંક્રાંતિ (ઉતરાયણ)નાં પાવન તહેવાર નિમિતે

જરૂરીયાતમંદ કુટુંબોને વિનામુલ્યે અનાજની કીટ, ચીકી, મમરા નાં લાડુ અને અન્ય વસ્તુઓનું વિતરણ

જૂનાગઢ, તા.૧૧ શ્રી જૂનાગઢ ખોડીયાર ગૃપ યુવક મંડળ ટ્રસ્ટ દ્વારા દર મહિનાનાં બીજા રવિવારે જરૂરીયાતમંદ કુટુંબોને વિનામુલ્યે અનાજ વિતરણ કરવામાં આવે છે તો તેનાં અનુસંધાને આ વખતે જાન્યુઆરી મહિનામાં અને મકરસંક્રાંતિનાં પાવન તહેવાર નિમિતે તા.૮।૧।૨૦૨૩ને રવિવારનાં રોજ આદર્શ પ્રાયમરી સ્કુલ, દુબડી પ્લોટ, ગરબી ચોક - જૂનાગઢ ખાતે જરૂરીયાતમંદ ૫૫ (પંચાવન) કુટુંબોને વિનામુલ્યે ઘઉં, ચોખા, ખાંડ, ખીચડી, નિમક(મીઠું), ચાની ભુકી, ચટણી, હળદર, ધાણાજીરૂ, ચોખાનાં પૌવા, ચણા, ચણાની દાળ, કપડા ધોવાનો સાબુ, ન્હાવાનો સાબુ, માંડવીની ચીકી, તલનાં લાડુ, મમરાનાં લાડુ, રાજીગરાનાં લાડુ, પારલે બિસ્કીટ, ગ્લુકોઝ બિસ્કીટ, જીણા બિસ્કીટ એમ કુલ ૨૧ (એકવીસ) આઈટમ આપવામાં આવેલ હતી.

આ અનાજ, ચીકી, મમરાનાં લાડુ અન્ય વસ્તુઓ હરીતભાઈ વિતરણનાં પ્રસંગે મુખ્ય મહેમાન તરીકે જૂનાગઢનાં નામાંકિત આગેવાનો જેમાં આદ્યાશકિતબેન મજમુદાર, બટુકભાઈ મકવાણા, નિલેશભાઈ માળી, મુન્નાભાઈ કાદરી (દાતાર વાળા), નરેન્દ્રભાઈ જોષી (બટુકબાપુ), ચંદુભાઈ લોઢીયા, ડો.રાજેશભાઈ ભાખર, મહેશભાઈ જોગીયા, બુચ, હતી. આ અનાજ, ચીકી, સમ્રાટ, મમરાનાં લાડુ અને અન્ય વસ્તુ વિતરણનાં પ્રસંગે અલગ અલગ દાતાઓનો સહકાર મળ્યો હતો.આ સેવાકીય કાર્યને સફળ બનાવવા સંસ્થાનાં પ્રમુખ નરેન્દ્ર ઘુચલાએ જહેમત ઉઠાવી હતી. આ કાર્યક્રમમાં અશોકભાઈ વજુભાઈ ઘકાણ, હર્ષાભાઈ ઠાકર, ભાર્ગવભાઈ માંડલીયા, મનિષભાઈ જોગીયા, રમીલાબેન ઘુચલા, રેખાબેન સ્વાદીયા, કુમુદબેન ઠાકર, દેવીબેન દવે, ઈન્દુબેન ખાણદર, કુસુમબેન પરમાર, શિતલબેન થડેશ્વર, મિતલબેન રાડા, કુંજનબેન સોલંકી, રોશનીબેન ઘુચલા, મનિષાબેન પરમાર વગેરે ખાસ ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે તમામ ઉપસ્થિત મહેમાનોએ આ સંસ્થાનાં પ્રમુખ નરેન્દ્ર ઘુચલા અને તેમનાં પરિવારનું શાલ ઓઢાડીને સન્માન કરવામાં આવેલ હતું અને આ સંસ્થાની સેવાકીય પ્રવૃતિને બિરદાવી

૧૨ જાન્યુઆરી સ્વામિ વિવેકાનંદ જયંતિ

સોમનાથ મંદિર સમીપે સ્વામિ વિવેકાનંદે ધ્યાનસ્થ બની સોનેરી ભવ્ય ભારતનું ચિંતન કર્યુ હતું

સોમનાથ અને દક્ષીણના મંદિરો આપણને એવું જ્ઞાન આપે છે કે, હજારો પુસ્તકો વાંચવાથી પણ ન મળે

(મીનાક્ષી ભાસ્કર વૈદ્ય દ્વારા)

પ્રભાસ પાટણ, તા.૧૧ વિશ્વ યુગાવતાર સ્વામિ વિવેકાનંદજીની આવતીકાલ તા.૧૨ જાન્યુઆરીએ જન્મ જયંતિ ઉજવાઈ રહી છે. સ્વામિજી ૧૮૯૧ સંભવતઃ ડિસેમ્બર માસમાં સૌરાષ્ટ્રના સાગર તટે આવેલ સોમનાથ મંદિર પહોચ્યા હતા તે સમયે કોઈ ત્યાં ભવ્ય દેવાલય ન હતું માત્ર ખંઢેર ભગ્નાવેશ હતું. તેમણે વિદવંશ અને નિર્માણની આ ઐતિહાસિક ભૂમિને નજરે નિહાળી હતી અને તે દિવસે મધ્યાન્હે સોમનાથ સમુદ્ર કિનાર તરફ મુખ રાખી ખંડીયેર વચ્ચે એક પત્થરની શીલા ઉપ બેસી પલાઠી વાળી પ્રાણાયમ કર્યા અને ધ્યાન સમાધિસ્થ થઈ ગયા અને એક કલાક સુધી ધ્યાનમય સમાધિમા રહ્યા અને ભારતમાં ફરી પાછો સુવર્ણ યુગ આવે તેવી ચિંતા અને ચિંતન તેમણે સેવ્યું હતું તેમ અવલોકનકારો કહે છે. સોમનાથ ખાતેની અનુભૂતિ તેમના ઉપર એટલી ઘેરી અસર પડી હતી કે, ૧૮૯૭માં વિદેશથી પાછા ફરી તેમણે મદ્રાસમાં પોતાના ભાષણોમાં કહ્યું હતું કે, દક્ષીણ ભારતના કેટલાંક પ્રાચીન મંદિરો અને ગુજરાતના સોમનાથ જેવા મંદિરો તમને જ્ઞાનના અનેક ગ્રંથો શીખવશે. ઢગલાબંધ ગ્રંથો કરતા પ્રજાના ઈતિહાસમાં તમને એવુ ઉંડી દ્રષ્ટી આપશે. નિરંતર ખંઢેરમાંથી પાછા બંધાઈને ઉભા થતા પૂર્નઃજીવન પામેલા અને પૂર્વના જેવા સદાય મજબુત આ મંદિરોએ છે રાષ્ટ્રીય માનસ છે. આજે તો આ જગ્યાએ નવું ભવ્ય મંદિર ઉભું છે જે સોમનાથ ધ્યાનસ્થ બની પૂર્નઃનિર્માણનું જે સ્વપ્ન સેવ્યું હતું અને સુર્વણમય ભારત બને તેવી આર્ષ દ્રષ્ટી તે સાકાર થઈ હોઈ શકે.

સોમનાથ ખાતે સ્વામિજીએ અહલ્યાબાઈ, સોમનાથ મંદિર, સુરજ મંદિર જયાં ભગવાન શ્રીકૃષ્ણે લીલા સંવરણ કર્યુ તે સ્થાન નિહાળ્યા હતા અને પ્રભાસના ત્રિવેણી સંગમમાં પવિત્ર સ્નાન કર્યું હતું એટલે કે, ઈ.સ.૧૮૯૧-૯૨માં નવેમ્બર કે ડીસેમ્બરમાં અત્રે આવ્યા હતા તેમની સાથે કચ્છના મહારાજા પણ હતા. એમ માનવામાં આવે છે કે સોમનાથના તે કાળના મંદિર સમક્ષ સ્વામિ વિવેકાનંદજીએ ધરેલ ધ્યાનથી જ હતાશ ભારતમાં જનચેતના જગાડવાના તે પછીનો પ્રવાસ રહ્યો આમ સોમનાથ સ્વામિજીના જીવનકાર્યનું નિર્ણાયક કેન્દ્ર રહ્યું હતું.

આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવમાં સરકાર અને તંત્રના સનિષ્ઠ પ્રયાસો પરંતુ પ્રજા અને પ્રજાનાં પ્રતિનિધિઓની ઉદાસીનતા બહાર આવી

(સુરેશચંદ્ર એમ. ધોકાઈ દ્વારા)

દ્વારકા, તા.૧૧ યાત્રાધામ દ્વારકાને વિશ્વ ફલક ઉપર ખ્યાતનામ બનાવવાના અને અંહી આવતા દેશ વિદેશના યાત્રિકોને પણ ભારતીય સંસ્કૃતિ સમાનના દેશમાં ઉજવાતા મકરસંક્રાતિના પર્વ અને તેમાં આકાશમાં ચડાવાતા અને ચગાવાતા રંગ-બેરંગી પતંગનો અનેરી નઝારો અને વિદેશમાં પણ યોજાતા આવા પતંગ હરીફાઈના મહોત્સવનો લાભ ગુજરાતની પ્રજાને પોતાના ગામ-નગર આસપાસ મળી રહે તેવા સુંદર હેતુ સાથે રાજય સરકારના પ્રવાસન વિભાગ અને જિલ્લા વહીવટી તંત્ર દ્વારા રાજયમાં મકરસંક્રાતિના પર્વ પહેલાના એકસપ્તાહ સુધી રાજયમાં અલગ અલગ જગ્યાઓ ઉપર જાહેર પોગ્રામ દ્વારા પતંગ મહોત્સવ મનાવવામાં આવે છે જે અંતર્ગત આજ છેલ્લા પંચ વર્ષથી નિયમિત યોજવામાં આવે છે પણ દર વર્ષની માફક આ વર્ષે પણ સરકાર અને તંત્રના સનિષ્ટ પ્રયાસો છતાં પ્રજા અને પ્રજાપ્રતિનિધિઓની ઉદાસીનતા સ્પષ્ટ દેખાય આવેલ અને સ્થાનીક નગરપાલિકાના ફક્ત હોદેદારો અને અન્ય રાજકીય આગેવાનોમાં ફકત સાંસદ શ્રીમતી પૂનમબેન માડમ અને પૂર્વ ધારાસભ્ય મેરામણ ગોરિયા સિવાયના કોઈ રાજકીય આગેવાન દ્રશ્યમાનંના થતા અને પ્રજા કરતા પોલીસ-પોલિટીસીયનની સંખ્યા વધારે નજર પડતી હોય પતંગપ્રેમીઓ નિરાશ થયાનું સ્પષ્ટ દેખાતું હતું.

યાત્રાધામ દ્વારકામાં આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ યોજાયો હતો જેમાં દેશ વિદેશના પતંગ રસિકોએ ભાગ લીધો અને અવનવા પતંગો આકાશમાં ચગાવ્યાં અને દર્શકોને આનંદ કરાવ્યો. આંતરરાષ્ટ્રીય પતંગમહોત્સવમાં લ્યુથનીયા-લેબેનોન-મોરેસિયસ-સોળવેનિયા-મેકિસકો-નેધરલન્ડ-પોલેંડ-સાઉથઆફ્રિકા અને દેશના રાજ્યો રાજસ્થાન-તેલગના-મહારાષ્ટ્ર-ઓરિસાના પતંગબાજોએ ભાગ લીધેલ જેમાં ઓરિસાના યુવાનો દ્વારા **"I LOVE DWARKKA"** અને રાજસ્થાનના યુવાનોએ આઝાદીના આટલા વર્ષો બાદ પ્રથમ વખત દેશને મળેલ **"G-20"**માં પ્રમુખ પદના સ્થાનને આધારે અલગ-અલગ દેશોના રાષ્ટ્ર ધ્વજના પ્રતીકોના પતંગોને એક સાથે આકાશમાં ચડાવી દેશનું નામ આકાશમાં અમર છે તેવો સુંદર સંદેશ આપેલ જ્યારે ભાગ લેવા આવેલ તેમણે એક સાથે અવનવા બે પતંગને એક દોરીમાં ચગાવેલ અને આકાશમાં ફરતી રકાબી પાછળ ડોલ્ફિન ઊડતી હોય તેવું આકર્ષક ચિત્ર ઊભું કરેલ હતું.

આ પ્રસંગે વધુ માહિતી આપતા જિલ્લા કલેકટર દ્વારા જણાવાયેલ કે કુલ્લ ૫૩ દેશના ૧૫૬ પતંગરસિકો રાજ્યમાં આવ્યા છે અને રાજ્યભરમાં અલગ અલગ જગ્યા ઉપર આ એક અઠવાડિયાનો કાર્યક્રમ છેલ્લા ઘણા વર્ષોથી માનવાય છે અને દ્વારકાને સરકાર દ્વારા યાત્રાધામ સાથે સાથે પ્રવાસન ક્ષેત્રે પણ વિકસાવવા માંગતી હોય છેલ્લા પાંચ વર્ષથી આ પ્રકારનું આયોજન કરવામાં આવે છે. આ અંગે વધુ માહિતી આપતા સાંસદ પુનમબેન માડમે જણાવેલ કે વડા પ્રધાન નરેન્દ્રભાઈ મોદી રાજ્યના મુખ્ય મંત્રી હતા ત્યારથી તેને રાજ્યમાં દર વર્ષે જાન્યુઆરી માસમાં વાઈબ્રન્ટ ગુજરાત અને પતંગ મહોત્સવ ઉજવાય છે જેના ભાગરૂપે આ આયોજન જિલ્લા મથકના બદલે યાત્રાધામના કારણે અંહી યોજવામાં આવે છે અને તે કારણોસાર તેને સારો પ્રતિભાવ મળી રહે તે જોવાની દરેક સ્થાનીકની ફરજ છે અને તેને સફળ બનાવવો તે સૌની ફરજ છે. ત્યારે આ મહોત્સવની ઉજવણી ધાર્મિક સાથે શારીરિક ફાયદા રૂપ હોય તેમ શાસ્ત્રો દ્વારા જણાવાયેલ છે ત્યારે કોઈપણ એક કામથી બે ફાયદા થાય તેવું આ એક કામ છે માટે તે દરેકે કરવું જોઈએ અને આ પતંગ મહોત્સવ ફક્ત ૧૪ જાન્યુઆરીના બદલે આખો માસ મનાવવો જોઈએ. ત્યારે ભાગ લેવા આવનારાઓ પણ અલગ-અલગ પ્રકારના પતંગ જોઈ નવું શીખી ફરીને આવતા વર્ષે નવા પ્રકારના પતંગો લાવી પ્રજાને આનંદ આપવાની ખાત્રી આપેલ.

થલ સેનાના લેખિત પરીક્ષાના સ્થળમાં ફેરફાર

કોમન એન્ટ્રેન્સ એકઝામ ૧૫મી જાન્યુઆરીએ જામનગર ખાતે યોજાશે

જૂનાગઢ, તા.૧૧

થલ સેના ભરતી કાર્યાલય જામનગર દ્વારા રાજકોટ ખાતે યોજાયેલ શારીરિક કસોટીમાં એડમીટ કાર્ડ મેળવેલ ઉમેદવારો માટે આગામી તા.૧૫/૧/૨૦૨૩ના રોજ કોમન એન્ટ્રેન્સ એકઝામનું આયોજન ઈન્ફન્ટ્રી લાઈન, સોમનાથ ગેટ જામનગર ખાતે યોજાશે. તેમ જૂનાગઢ જિલ્લા રોજગાર અધિકારી પ્રશાંત ત્રિવેદીની યાદીમાં જણાવાયું છે.

પ્રશ્નવડા ગામે પ્રવાસીઓ માટે નવું બસ સ્ટેન્ડ કાર્યરત

(ભોળા જાદવ દ્વારા)

લોઢવા, તા.૧૧

પ્રશ્નાવડા ગામે વર્ષો થયા જર્જરીત હાલતમાં બસ સ્ટેન્ડ હતું તેથી પ્રવાસીઓને ઉનાળા તથા ચોમાસામાં ભારે તકલીફ હતી. આ અંગે જે તે વખતના તાલુકા પંચાયતના સભ્ય બાબુભાઈ દેવાદાસભાઈ જાદવ દ્વારા તાલુકા પંચાયતમાંથી વર્ષ ૨૦૨૦-૨૧માં રૂા. અઢી લાખની ગ્રાન્ટમાંથી પ્રશ્નાવડા બસ સ્ટેન્ડ નવું બનાતા લોકોમાં ખુશીની લહેર વ્યાપી ગઈ છે.

ભેંસાણના ચુડા ગામે ખેડૂતોને બાગાયતી પ્રાકૃતિક ખેતી વિશે સમજ અપાઈ

જૂનાગઢ, તા.૧૧

આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત નાયબ બાગાયત નિયામક, જૂનાગઢ તેમજ સેન્ટર ઓફ એકસેલેન્સ ફોર મેંગો-તાલાલા દ્વારા ભેંસાણ તાલુકાના ચુડા ગામ તેમજ માંગરોળ તાલુકાના ગોરેજ ગામ ખાતે તા.૬-૧-૨૦૨૩ ના રોજ બાગાયતી ખેતી કરતા ખેડુતોને બાગાયત ખાતાની વિવિધ સહાયલક્ષી યોજનાઓ તથા બાગાયતી પ્રાકૃતીક ખેતી તેમજ બાગાયતી પાકોની વૈજ્ઞાનીક ખેતી પધ્ધતી તથા તેનુ મુલ્યવર્ધન અંગે ખેડુત તાલીમનું આયોજન કરવામાં આવ્યુ હતુ. જેમાં આ તાલીમમાં મોટી સંખ્યામાં ઉપસ્થિત ખેડૂતોને બાગાયતી તેમજ પ્રકૃતીક ખેતી અંગેનું માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક

તંત્રી લેખ

અફઘાનિસ્તાનમાં ચાલતો ઘટનાક્રમ દુનિયા માટે ચેતવણીરૂપ

યુક્રેન ઉપર રશિયાના હુમલાએ અમેરિકા અને પશ્ચિમી દેશોનું ધ્યાન સંપૂર્ણ રીતે પોતાના તરફ ખેંચી રાખ્યું છે, પરંતુ એ કારણે જો અફઘાનિસ્તાનમાં ચાલી રહેલા ઘટનાક્રમને વણજોયો કરવામાં આવે તો તે બધાને ભારે પડી શકે તેમ છે. તાલિબાનનો કબ્જો થયા બાદથી અત્યાર સુધીની ઘટનાઓ એ વાતના સ્પષ્ટ સંકેત આપી રહી છે. અફઘાનિસ્તાનમાં તાલિબાન શાસનના આ સવા વર્ષમાં સ્પષ્ટ થઈ ગયું છે કે અલ કાયદા જેવા આતંકી જથોને આશ્રય નહિ આપવાના જે કથિત વાયદા પર ભરોસો કરીને અમેરિકાએ દોહામાં સમજૂતી કરી તે બિલકુલ ખોખલી નીકળી. ભારતે હંમેશાં એ બાબતે અમેરિકાને ચેતવ્યું હતું, પરંતુ અમેરિકાએ અફઘાન મુદ્દા પર થઈ રહેલ બહુરાષ્ટ્રીય મંત્રણાઓના ટેબલ પર ભારતને બેસવા જ ન દીધું. બીજું, આશંકાઓ અનુરૂપ જ તાલિબાને ત્યાં મહિલા વિરોધી ઘોર રૂઢિવાદી નીતિઓ અમલમાં મૂકવાનું શરૂ કરી દીધું છે, ત્યાં જ કટ્ટરપંથી વિચારોવાળા જેહાદી આતંકી જૂથોને ફરી એવો જ આશરો આપવા લાગ્યું છે, જેમ ૨૦૦૧ પહેલાં આંતરરાષ્ટ્રીય આતંકવાદી જૂથ અલ કાયદાને આપ્યો હતો. ત્યાં ઈસ્લામિક સ્ટેટ સહિત બીજા ડઝનેક અતિવાદી જૂથો સક્રિય થઈ ગયાં છે, જેમાં અફઘાન તાલિબાનને ભાઈ માનનાર તેહરિક-એ-તાલિબાન પાકિસ્તાન (ટીટીપી) પણ સામેલ છે. રસપ્રદ છે કે બીજા માટે કાંટા વાવનારૂં પાકિસ્તાન ખુદ હવે આ આતંકવાદી જૂથોની હરકતોથી પરેશાન થઈ ગયું છે. જે તાલિબાનને પાકિસ્તાને પેદા કર્યું, ઉછેર્યું, આજે તે જ તેને આંખો દેખાડી રહ્યું છે. જોકે પાકિસ્તાને વિચાર્યું હતું કે કાબુલમાં પોતાની પિઠું સરકારને બેસાડીને અફઘાનિસ્તાનનો ભારત વિરૂધ્ધ ઉપયોગ કરશે. એવું તો થયું નહીં, ઉપરથી તાલિબાન ટીટીપીને પાકિસ્તાન વિરોધી આતંકવાદી હરકતો કરવા માટે પોતાની જમીનો ઉપયોગ કરવા દઈ રહ્યું છે. આખરે ટીટીપી આ વિસ્તાર માટે વધુ મોટો ખતરો કેમ મનાય છે? તેનાં કેટલાંય કારણો છે. ટીટીપી ન માત્ર પાકિસ્તાનના હાલના શાસકોને હટાવવાનાં સપનાં જુએ છે, પરંતુ તે આખા દક્ષિણ એશિયામાં ઈસ્લામી શરિયા લાગુ કરવાના ખ્વાબ જુએ છે. ટીટીપી જે રીતે પાકિસ્તાનની અંદર ઘાતક આતંકવાદી હુમલાને અંજામ આપવામાં સફળ થઈ રહ્યું છે, તેનાથી પાકિસ્તાની સત્તાધીશોની ઊંઘ ઊડી ગઈ છે. તે પાકિસ્તાનના ફાટા (સંઘ શાસિત જનજાતીય વિસ્તાર) પર પોતાનું વર્ચસ્વ જમાવી ચૂક્યું છે અને સ્વાત ઘાટી ઉપર ફરીથી દબદબો વધી રહ્યો છે. જે તેવરમાં તેણે પાકિસ્તાની સેના સાથે શાંતિ સંધિ તોડી નાખી છે તેનાથી ટીટીપીની વધતી તાકાતનો અંદાજો આવે છે. પાકિસ્તાની સેના કહે છે કે ટીટીપીને આ હિંમત વિદેશી તાકાતો (મતલબ ભારત) અને અફઘાનિસ્તાનના તાલિબાની શાસકો પાસેથી મળી રહી છે. આ દરમ્યાન, અફઘાન તાલિબાને પાકિસ્તાન સાથે સીમા રેખા ડુરાંડ લાઈન મુદ્દે પણ વિવાદ ઊભો કર્યો છે, જેનાથી સીમાઓ ઉપર હંમેશાં તાલિબાન અને પાક સેના વચ્ચે અથડામણ થવા લાગી છે. તાલિબાન અને પાકિસ્તન વચ્ચે ટક્કર ન માત્ર વૈચારિક આધાર ઉપર બલ્કે રાષ્ટ્રીય હિતોને લઈને પણ વધતી જાય છે. ભારે આર્થિક સંકટ અને રાજકીય અસ્થિરતામાં ફસાયેલા પાકિસ્તાન માટે હવે બંને તાલિબાનો સામે ઝઝૂમવું મુશ્કેલ સાબિત થઈ રહ્યું છે. આ તરફ અફઘાનિસ્તાનમાં તાલિબાન માટે પણ ઈસ્લામિક સ્ટેટ મોટો ખતરો બની રહ્યું છે. ઈસ્લામિક સ્ટેટ વધુ કટ્ટર છે, જે તાલિબાનને હટાવીને અફઘાનિસ્તાનની સત્તા પચાવી પાડવા માંગે છે. આ રીતે જ્યાં અફઘાનિસ્તાનમાં તાલિબાનની સત્તા બહાલ કરવા છતાં રાજકીય સ્થિરતા નથી દેખાતી, ત્યાં જ ટીટીપી પાકિસ્તાનની અંદર સેના માટે મોટો પડકાર બનીને ઉભરી રહ્યું છે. તેનાથી પાક સેના અને ટીટીપી વચ્ચે હિંસક અથડામણ વધશે, જેનાથી દેશમાં સેનાની ભૂમિકા વધશે. પાક સેના, અફઘાન અને પાક તાલિબાન તથા અન્ય આતંકી જૂથો વચ્ચે વધતી અથડામણથી આખા વિસ્તારમાં તણાવનો માહોલ રહેશે. તેનાથી પાકિસ્તાનમાં જનતાંત્રિક સરકાર માટે શાસન ચલાવવું મુશ્કેલ બનશે. જો પાકિસ્તાનની સત્તાને ખતરો પહોંચે તો સૌથી મોટો ડર એ વાતનો છે કે ક્યાંક પાકિસ્તાનના સેંકડો પરમાણુ બોમ્બ પર તાલિબાન કબ્જો ન કરી લે. એ પહેલાં અફ-પાક વિસ્તારનો રાજકીય-સામાજિક-આર્થિક માહોલ વધુ બગડે, પશ્ચિમી દેશોએ, જેમને વિદેશમંત્રી જયશંકરના શબ્દોમાં, માત્ર યુરોપનું જ સંકટ વિશ્વ સંકટ લાગે છે, આ વિસ્તાર પર તટસ્થ દૃષ્ટિએ ધ્યાન આપવું પડશે. જે રીતે અમેરિકાએ પાકિસ્તાનને ફરી ખોળામાં લીધું છે, તેનાથી નથી લાગતું કે પશ્ચિમી દેશો દક્ષિણ એશિયામાં પેદા થઈ રહેલા આ ખતરા પ્રત્યે ગંભીર છે. જરૂરિયાત એ વાતની છે કે આતંકવાદી તત્ત્વો માટે પ્રેરણાસ્રોત બનેલી પાકિસ્તાની સેનાના મનસૂબા પર લગામ લગાવવામાં આવે. તેના બદલે જો તેની વાયુસેનાની તાકાત વધારવાનું એલાન એ બહાનું બનાવીને કરવામાં આવે કે એફ-૧૬ યુધ્ધ વિમાનોથી તેને આતંકી તત્ત્વોનો સામનો કરવામાં મદદ મળશે તો એ ભયંકર ભૂલ સાબિત થશે. કદાચ અમેરિકાને લાગે છે કે તેણે પોતાની સીમાઓ એ રીતે સીલ કરી દીધી છે કે કોઈ આતંકવાદી તેને ભેદી નથી શકવાનો, અને એ પણ કે દક્ષિણ એશિયાનો અફ-પાક વિસ્તાર તેની સરહદ કરતાં ઘણે દૂર છે. પરંતુ અમેરિકાની આ માનસિકતા માત્ર દક્ષિણ એશિયા માટે જ ખતરો નહીં પેદા કરે, બલ્કે ખુદ અમેરિકા સહિત આખું વિશ્વ તેનો શિકાર થઈ શકે તેમ છે.

કોટ વિસ્તારમાં ઉત્તરાયણ દરમ્યાન ધાબા ભાડે અપાય છે

ઉત્તરાયણ માટે કોટ વિસ્તારની પોળોના ધાબાના ભાડા ૩ લાખ સુધી

અમદાવાદ, તા.૧૧

ઉત્તરાયણ દરમિયાન કેટલાંક લોકો વિદેશથી અમદાવાદમાં આવતા હોય છે. ત્યારે બે દિવસના ઉત્તરાયણના તહેવાર માટે કોટ વિસ્તારમાં ઓન રેન્ટ ટેરેસની માંગમાં નોંધપાત્ર વધારો છે. ઉત્તરાયણના કારણે દ્વઈજ્જનો ધસારો, બે વર્ષના કોવિડ ગેપ બાદ માંગમાં વધારો અને આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવા માટે રેકોર્ડ સંખ્યામાં વિદેશીઓનું આગમનના કારણે માગમાં વધારો થયો છે. કોટ વિસ્તારમાં ઉત્તરાયણનો એક ભવ્ય અનુભવ હોય છે, કારણ કે ઘરો એકબીજા સાથે જોડાયેલા હોય છે. આ મકાનો બે કે ત્રણ માળથી ઉંચા નથી અને આકાશમાં પંતગોની સંખ્યા પણ વધારે હોય છે. ગુજરાતમાં પતંગબાજીમાં ખાસ પ્રકારના માંઝાનો ઉપયોગ કરીને વિરોધીના પતંગને કાપવાની પણ મજા કંઈક અલગ છે. અમદાવાદ મિરરના અહેવાલ મુજબ, વિદેશીઓ અને અન્ય રાજયમાંથી ગુજરાતમાં આવનારા લોકો માટે ઉત્તરાયણ આનંદોત્સવનો ભાગ હોવાથી ગુજરાતી સંસ્કૃતિ અને વિવિધ વ્યંજનોની ઝલક જોવા મળે છે. ત્યારે પોળોમાં ધાબાનું ભાડુ ૨૦૨૦ની સરખામણીએ બેથી ત્રણ ગણુ વધ્યું છે. ઉત્તરાયણના બે દિવસના તહેવાર માટે ધાબાના ભાડાનો ભાવ રુપિયા ૨૫ હજારથી રુપિયા ૩ લાખ સુધીના બોલાઈ રહ્યા છે. ગુજરાતમાં આવનારા લોકો માટે ઉત્તરાયણ આનંદોત્સવનો ભાગ હોવાથી ગુજરાતી સંસ્કૃતિ અને વિવિધ વ્યંજનોની ઝલક જોવા મળે છે રાજીલ પટેલ કે જેઓ ડેવલપર છે અને તેઓ ઢાળની પોળમાં હવેલી ધરાવે છે. તેઓએ જણાવ્યું હતું કે, અગાઉ ક્યારેય જોવા ન મળી હોય એટલી પૂછપરછ જોવા મળી રહી છે. જેમાં મોટાભાગના એનઆરજી અને એનઆરઆઈ તથા વિદેશીઓનો સમાવેશ છે. પોળમાં કેટલાંક માલિકો અડધા દિવસ માટે ધાબાનો ચાર્જ રુપિયા ૧-૧.૧૫ લાખ વસૂલી રહ્યા છે. આ પેકેજમાં નાસ્તો, લંચ અને અન્ય સુવિધાઓનો સમાવેશ થાય છે. કાર્તિકેય શાહ કે જેઓ લંડનમાં રહે છે પરંતુ અમદાવાદની લાખા પટેલની પોળમાં તેમની પૈતૃક સંપતિ છે. તેઓએ જણાવ્યું કે, અમે ઉત્તરાયણના પર્વ માટે સમયસર ઘરનું રિસ્ટોરેશન કર્યું છે. હું મારા મિત્રોને એક સાથે પતંગ ઉત્સવ મનાવવા માટે આમંત્રણ આપવાનો છું. હું વિશાળ ધાબાનો એક ભાગ ભાડે આપવાનું પણ આયોજન કરી રહ્યો છું. તો ખાડિયા વિસ્તારમાં આવેલી સાંકડી શેરીની દિવાનજીની હવેલીના માલક રુપેશ સલોતે જણાવ્યું કે, ઓન રેન્ટ ટેરેસની માગ એટલી વધારે છે કે, અમે વધુમાં વધુ લોકોને આ સેવા આપવા માટે ઉત્તરાયણ અને વાસી ઉત્તરાયણના બે દિવસ માટે સ્લોટ બનાવ્યા છે. હવેલી એટલી મોટી છે કે, એક સમયે અહીં ૯૦થી ૧૦૦ લોકો પર્વની મજા માણી શકે છે. કારણ કે અમે પૂછપરછને નકારવા માગતા નથી. અમે ૫૦ લોકોનાં જૂથને જગ્યા ભાડે આપીશું. પછી કેટલાંક લોકો એવા પણ છે કે જેઓ કોટ વિસ્તારમાં વિશાળ મકાનો ધરાવે છે, પરંતુ પોળમાં પતંગોત્સવનો અનુભવ લેવા માગતા લોકોને તેઓ મફતમાં પ્રવેશ આપતા હોય છે. તો ખાડિયાના મોટો સુથારવાડોની પોળમાં પોતાનું હેરિટેજ મકાન ધરાવતા જગદીપ મહેતા કહે છે કે, જોકે, અમે અમારા ટેરેસ પર ઉત્તરાયણની ઉજવણી માટે કોઈ ચાર્જ લેતા નથી. અમને અત્યાર સુધીમાં ૧૫૦ જેટલી ઈક્વાયરી આવી છે. ૨૦૨૦માં કોવિડ પહેલાં અમને ૧૦૦ જેટલી ઈક્વારી મળી હતી.

તમારાથી ખોટા બેંક એકાઉન્ટમાં પૈસા ટ્રાન્સફર થયા છે? રૂપિયાને તરત પરત કેવી રીતે મેળવવા?

ઘણી વખતે તમારી સાથે પણ આવુ થાય છે કે, ઓનલાઈન અથવા ડિજિટલ કોઈ વ્યક્તિને રૂપિયા ટ્રાન્સફર કરવા જાઓ અને તે રૂપિયા ખોટા વ્યક્તિના એકાઉન્ટમાં ટ્રાન્સફર થઈ જતા હોય છે. આ રૂપિયાને પરત લેવા માટે ઘણી મગજમારી કરવી પડે છે. આ પ્રકારના ટ્રાન્ઝેક્શન માટે RBIyu Ombudsman Schemes ૨૦૨૧-૨૨ની રિપોર્ટ જાહેર કરી છે. RBIના રિપોર્ટ મુજબ છેલ્લા એક વર્ષમાં ખોટા ડિજિટલ પેમેન્ટ અથવા ટ્રાન્ઝેકશનની ઘણી ફરિયાદ આવી છે. ખોટા ટ્રાન્ઝેક્શનમાં પૈસા પરત ન કરવામાં સિસ્ટમ પાર્ટિસિપેન્ટ બેંકનો ૬.૧ ટકા રહ્યો છે.

લોકો ઓનલાઈન રૂપિયા ટ્રાન્સફર કરતા સમયે ઘણું ધ્યાન રાખતા હોય છે. પરંતુ ઘણી વખતે ભૂલ થઈ જતી હોય છે. આ ભૂલથી તમારી મહેનતની કમાણી ખોટા એકાઉન્ટમાં ટ્રાન્સફર થઈ જતી હોય છે. ત્યારે હવે તમને જણાવવા જઈ રહ્યા છીએ કે, આ રૂપિયાને કઈ રીતે પરત લાવી શકાય છે.

જો તમે કોઈ ખોટા એકાઉન્ટમાં રૂપિયા ટ્રાન્સફર કરો તો ત્યારે જ તમારે બેંકને આ મામલે માહિતી આપવી જોઈએ. કસ્ટમર કેરને ફોન કરીને તમામ જાણકારી આપવી જોઈએ. જો બેંક તમને ઈ-મેઈલ કરીને માહિતી આપવાનું કહે તો તે ઈમેઈલ પણ કરી દેવુ જોઈએ. બેંકને ટ્રાન્ઝેકશનની તારીખ, સમય, એકાઉન્ટ નંબર સહિતની માહિતી આપી દેવી જોઈએ.

તમે જેના ખાતામાં રૂપિયા ટ્રાન્સફર કર્યા છે, સૌપ્રથમ તે ચકાસી લો. એકાઉન્ટ નંબર અથવા IFSC કોડ ખોટો છે. તેની જાણકારી હોવી ખૂબ જરૂરી છે. જો તમને આ વિશે જાણકારી નથી તો પોતાની બેંકમાં જઈને બ્રાંચ મેનેજર સાથે સંપર્ક કરો. બેંક બ્રાંચ મેનેજરને ખોટા ટ્રાન્ઝેક્શન વિશે તમામ માહિતી આપો. અને આ રૂપિયા ક્યા ટ્રાન્સફર થયા છે, તેની તમામ માહિતી પોતાની પાસે રાખો.

જો તમારા ખાતામાંથી રૂપિયા અન્ય ખાતામાં ટ્રાન્સફર થયા છે તો તેને આવતા સમય લાગશે. આ પ્રકારના વ્યવહારને હલ કરવામાં કેટલિક વખત ૨ મહિના સુધીનો પણ સમય લાગતો હોય છે. સાથે જ જે ખાતામાં રૂપિયા ટ્રાન્સફર થયા છે, તેમની સાથે સંપર્ક કરવાનો પણ પ્રયાસ કરવો જોઈએ. તેમની સહમતિથી જ તમને તમારા રૂપિયા પરત મળશે.

કલમ ૧૬૨ હેઠળ રાજ્યોને કમિટીનું ગઠનનો અધિકાર, તેને પડકારી ન શકાય : સુપ્રીમ

યુનિફોર્મ સિવિલ કોડ લાગુ કરતા પહેલા દરેક પાસાઓ પર વિચારણા કરવા માટે એક કમિટીની રચના થઈ છે, યુનિફોર્મ સિવિલ કોડ સાથે સબંધિત અરજી ફગાવાઈ

નવી દિલ્હી, તા.૧૧

સુપ્રીમ કોર્ટે યુનિફોર્મ સિવિલ કોડ સાથે સબંધિત એક અરજી ફગાવી દીધી છે. અરજદારે યુનિફોર્મ સિવિલ કોડ લાગુ કરવા માટે ગુજરાત અને ઉત્તરાખંડમાં કમિટીની રચના કરવાના નિર્ણયને પડકાર્યો હતો. સીજેઆઈ જસ્ટિસ ડીવાય ચંદ્રચૂડની અધ્યક્ષતા વાળી પીઠે અરજીને ફગાવી દેતા કહ્યુ કે, તેમાં ખોટુ શું છે? યુનિફોર્મ સિવિલ કોડ લાગુ કરતા પહેલા તેની સાથે સંબંધિત દરેક પાસાઓ પર વિચારણા કરવા માટે એક કમિટીની રચના કરવામાં આવી છે. સુપ્રીમ કોર્ટમાં યુનિફોર્મ સિવિલ કોડ લાગુ કરવા માટે ગુજરાત અને ઉત્તરાખંડમાં કમિટીની રચના કરવાના નિર્ણયને સુપ્રીમ કોર્ટમાં પડકારવામાં આવ્યો હતો. અરજી પર સીજેઆઈ જસ્ટિસ ડીવાય ચંદ્રચૂડની પીઠે સેમવારે સુનાવણી કરી હતી. સીજેઆઈ જસ્ટિસ ડીવાય ચંદ્રચૂડે અરજદારના વકીલને પૂછ્યુ કે, તેમાં ખોટું શું છે? બંધારણની કલમ ૧૬૨ હેઠળ રાજ્યોને કમિટીનું ગઠન કરવાનો અધિકાર છે. તેને પડકારી ન શકાય. સુપ્રીમ કોર્ટે આ ટિપ્પણી સાથે ગુજરાત અને ઉત્તરાખંડમાં યુનિફોર્મ સિવિલ કોડ લાગુ કરવાના દરેક પાસા પર વિચાર કરવા માટે રચવામાં આવેલી કમિટી વિરુદ્ધ દાખલ કરેલી અરજીને ફગાવી દીધી છે. લાંબા સમયથી ભાજપના મુખ્ય ચૂંટણી મુદ્દાઓમાં રામમંદિર નિર્માણ, જમ્મુ અને કાશ્મીરમાં કલમ-૩૭૦ નાબૂદ ઉપરાંત દેશમાં યુનિફોર્મ સિવિલ કોડના અમલીકરણનો સમાવેશ થાય છે. અયોધ્યામાં રામ મંદિરનું નિર્માણ થઈ રહ્યું છે, જમ્મુ-કાશ્મીરમાંથી કલમ-૩૭૦ નાબૂદ કરવામાં આવી છે. હવે માત્ર યુસીસીનો મુદ્દો જ બચ્યો છે. ભાજપ એ તરફેણમાં છે કે દેશના તમામ નાગરિકો માટે સમાન કાયદો હોવો જોઈએ. ધર્મના આધારે કોઈ અલગ વ્યવસ્થા ન હોવી જોઈએ. લગ્ન, છૂટાછેડા અને મિલકત જેવા મુદ્દાઓ પર એક સમાન વ્યવસ્થા હોવી જોઈએ.

આપની આવતીકાલ કેવી જશે...?

:: રત્નકણીકા ::

આવી પડેલી જવાબદારી સારી રીતે નિભાવી જાય તે સજ્જનોનું કુળવ્રત છે.

- વિશાખાદત્ત

: આજનું પંચાંગ :

વિક્રમ સં. ૨૦૭૯, શા. શાકે. ૧૯૪૪, પા.અમરદાદ-૧૩૯૨, મુ. જમા-ઉલ્લ-આખર-૧૪૪૪, જૈન વીર સં.-૨૫૪૯, કચ્છી સં. ૨૦૭૯, પોષ વદ-૪, તા.૧૧ જાન્યુઆરી ૨૦૨૩, બુધવાર, પારસી તા.૨૯, મુસ્લિમ તા.૧૮, મઘા નક્ષત્ર, આયુષ્માન યોગ, કૌલવ કરણ, સૂ.ઉ.૭:૩૬, સૂ.અ.૬:૨૨

આજનો દિવસ બપોરે ૧૨:૦૯ ક.થી શુભ છે.

આજે જન્મેલા બાળકની રાશી સિંહ (મ ટ) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

મેષ : મિલન-મુલાકાતમાં સફળતા મળે. મનની મૂંઝવણ દૂર થાય.
વૃષભ : ધાર્યા કાર્યમાં વિઘ્ન ઉદ્ભવે. મુસાફરી ટાળવી હિતાવહ.
મિથુન : રોકાયેલા નાણાં છૂટા થાય. કૌટુંબિક મતભેદ દૂર થાય.
કર્ક : તબિયત નરમ-ગરમ રહે. જીવનસાથીથી વિશેષ સ્નેહ રહે.
સિંહ : અગત્યની મુલાકાતથી લાભ થાય. મનમાં પ્રફુલિતતા રહે.
કન્યા : અણધાર્યો લાભ થાય. કાર્યબોજ હળવો બને.
તુલા : ગુંચવાયેલા પ્રશ્નોનો ઉકેલ આવે. મહેનત પછી કાર્યમાં સફળતા મળે.
વૃશ્ચિક : સામા પ્રવાહમાં ચાલતા હોઈએ તેવું અનુભવાય. ગૃહવિવાદ.
ધન : અંગત મૂંઝવણ દૂર થાય. આનંદમય દિવસ વિતે.
મકર : પ્રિયજનથી મિલન-મુલાકાત સફળ બને. ભાગ્ય ફળે.
કુંભ : નાણાંભીડ દૂર થાય. અટકેલા કાર્યો આગળ ધપે.
મીન : આકસ્મીક લાભ મળે. યશ, માન, કીર્તિમાં વધારો થાય.

હું જ્યારે જ્યારે શેર બજારમાં સક્રીય થાઉં છું ત્યારે ત્યારે મંદી આવી જાય છે !

શેર બજારના સેન્સેકસએ ભલે કુદકો માર્યો, તમે કુદરો ન મારતા નહિંતર હાડકા ભાંગી જશે !

સરકારે છેલ્લા વર્ષમાં અનેક ગગનચૂંબી ઈમારતોને મંજૂરી આપી પણ ફાયર સેફટી માટે કોઈ નક્કર નિર્ણય નહીં

અમદાવાદની બહુમાળી ઈમારતના સાતમા માળે લાગેલી આગમાં તરૂણીનાં મોત બાદ ફાયર વિભાગની સામે આવેલી ખામીઓના પગલે થઈ રહેલી ચર્ચા

અમદાવાદ, તા.૧૧

તાજેતરમાં શાહીબાગમાં આવેલી ઓર્કિડ ગ્રીન સોસાયટીમાં સાતમા માળે આવેલા ઘરમાં આગ લાગતાં ૧૭ વર્ષની છોકરીએ જીવ ગુમાવ્યો હતો. રેસ્ક્યૂ ઓપરેશન દરમ્યાન અમદાવાદ ફાયર એન્ડ ઈમર્જન્સી સર્વિસિસ (AFES)ની સ્નોરકેલ (સીડી) પાંચમા માળે જ અટકી હતી હતી અને છોકરીના ૨૧ મીટર ઊંચાઈએ આવેલા ઘર સુધી પહોંચી નહોતી શકી. આ દુર્ઘટના પછી પ્રશ્ન ઊઠે છે કે, ગુજરાત સરકારે છેલ્લા એક વર્ષમાં ૧૦૦ મીટરથી વધુની બહુમાળી ઈમારતોને મંજૂરી આપી છે પરંતુ સુરક્ષાનું શું ? AFES પાસે આટલી ઊંચી ઈમારતોમાં આગ લાગે તો તેને બુઝાવવા માટેના સાધનો નથી. અમદાવાદના ફાયર વિભાગ પાસે ૫૪ મીટરના બે હાઈડ્રોલિક પ્લેટફોર્મ છે અને ત્રીજું છે તે ૮૦ મીટરની હાઈટ સુધી પહોંચી શકે એટલું છે. "ત્રણેય હાઈડ્રોલિક પ્લેટફોર્મ પાંચ વર્ષ જૂના છે અને તેમને બદલવાની અથવા યોગ્ય જાળવણીની જરૂર છે", તેમ AFES સાથે સંકળાયેલા એક સૂત્રએ જણાવ્યું. હાલ અમદાવાદમાં ૪૫ મીટરથી ૭૦ મીટરની ઊંચાઈ ધરાવતા આશરે ૫૦ બિલ્ડિંગો છે. જોકે, છેલ્લા એક વર્ષમાં અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન અને અમદાવાદ અર્બન ડેવલપમેન્ટ ઓથોરિટીએ ૧૦૦ મીટરથી વધુ ઊંચાઈની છ બિલ્ડિંગોના પ્લાન મંજૂર કર્યા છે. ડિસેમ્બર ૨૦૨૧માં પાંચ ડેવલપમેન્ટ પ્લાનને આધારે AFESએ ૧૦૦ મીટર હાઈડ્રોલિક સ્નોરકેલની માંગ કરી હતી. જોકે, આ સાધનની કિંમત ઉપથી ૪૦ કરોડ રૂપિયા હોવાથી અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશને હજી સુધી કોઈ નિર્ણય કર્યો નથી. ૨૦૨૧માં રાજયના શહેરી વિકાસવિભાગે ગુજરાતના બધા જ મુખ્ય અને નાના શહેરોના ફાયર બ્રિગેડ અને ઈમરજન્સી સર્વિસ પાસેથી પાંચ વર્ષનો પ્લાન માંગ્યો હતો. અમે ૧૦૦ મીટર સ્નોરકેલ, નવા ફાયર સ્ટેશન અને નવી ફાયર પોસ્ટની માંગ કરી હતી. આશા છે કે આ મુદ્દે જલ્દી જ નિર્ણય લેવાશે." એક વર્ષ પહેલા રાજય સરકારે અમદાવાદ સહિતના પાંચ મેટ્રો સિટીમાં ૧૫૦ મીટરથી વધુ ઊંચાઈ ધરાવતા બિલ્ડિંગના નિર્માણની મંજૂરી આપી હતી. ૨૭ મે ૨૦૨૧ના રોજ નોટિફિકેશન બહાર પાડવામાં આવ્યું હતું અને સપ્ટેમ્બર ૨૦૨૧માં આ માટે સરકારે એક ખાસ સમિતિની રચના કરી હતી. જે બાદ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશને સોલા ટીપી સ્કીમ ૪૦માં ૧૦૮.૫ મીટરની ઊંચાઈની ત્રણ ઈમારતો અને બોડકદેવ ટીપી સ્કીમ ૫૦માં આ જ હાઈટની એક બિલ્ડિંગને મંજૂરી આપી હતી. શિલજની ટીપી સ્કીમ ૫૪/છમાં કોર્પોરેશને ૧૨૦ મીટર હાઈટની બિલ્ડિંગને મંજૂરી આપી હતી. આ બધી જ ગગનચૂંબી ઈમારતો બની જાય એ પહેલા કોર્પોરેશને ફાયર ડિપાર્ટમેન્ટને જરૂરી સાધનો પૂરા પાડી દેવા જોઈએ.

રાજ્યની શૈક્ષણિક સંસ્થાઓમાં રેગિંગના દૂષણ બાબતે હાઇકોર્ટે સુઓમોટો અરજી દાખલ કરી, સરકારને નોટિસ

અમદાવાદ, તા.૧૧

ગુજરાત રાજયની કોલેજો યુનિવર્સિટિઓમાં અવારનવાર રેગીંગની ઘટના બને છે આવી જ એક ઘટના વડોદરાની એક મેડિકલ કોલેજમાં બનેલી આ અંગેના તાજેતરના સમાચાર અહેવાલને ધ્યાનમાં લીધા બાદ ગુજરાત હાઈકોર્ટે રાજયના શિક્ષણ વિભાગને રેગિંગના દૂષણ બાબત ઉપર એક સુઓમોટો પીઆઈએલમાં નોટિસ જારી કરી હતી. ચીફ જસ્ટિસ અરવિંદ કુમાર અને જસ્ટિસ આશુતોષ શાસ્ત્રીની ડિવિઝનબેંચે રાજયના શિક્ષણ વિભાગના અધિક મુખ્ય સચિવને નોટિસ પાઠવી છે. કોર્ટે હાયર એજયુકેશન, ટેક્નિકલ એજયુકેશન અને હેલ્થ, મેડિકલ સર્વિસ અને મેડિકલ એજયુકેશનના કમિશ્નરોને પણ નોટિસ પાઠવી છે. હાઈકોર્ટના ચીફ જસ્ટિસની અન્ય એક ન્યાયમૂર્તિ દ્વારા અખબારના અહેવાલ મોકલીને રાજયની મેડિકલ કોલેજોમાં ચાલી રહેલા રેગિંગના દૂષણ બાબતે જાણ કરવામાં આવી હતી. આથી ચીફ જસ્ટિસ દ્વારા બાબતે જાહેરહિતની અરજી તરીકે લેવામાં આવી હતી.

૩ જાન્યુઆરી, ૨૦૨૩ના રોજ અખબારમાં નોંધાયેલા આ અહેવાલમાં વડોદરામાં વાઘોડિયા ખાતે આવેલી સુમનદીપ વિદ્યાપીઠની દુકાળ કોલેજમાં જામનગરના એક વિદ્યાર્થી દ્વારા પોતાની ઉપર થયેલા રેગિંગ બાબતની ફરિયાદના સમાચાર સ્થાનિક અખબારમાં પ્રકાશિત થયા હતા. આ બાબતે અદાલતે સ્વયં નોંધ લઈને સબંધિત વિભાગને નોટિસ કરી કરીને ૩૦ જાન્યુઆરીના રોજ જવાબ રજૂ કરવા માટે આદેશ કર્યો હતો. આ સમાચાર અહેવાલ બાદ વડોદરાની ખાનગી મેડિકલ કોલેજના ત્રણ સિનિયર રેસિડેન્ટ વિદ્યાર્થીઓને એક જુનિયર વિદ્યાર્થી સાથે કથિત રૂપે રેગિંગ કરવા બદલ કોલેજ વહીવટી તંત્ર દ્વારા સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા. પીડિતાના પિતાએ ફરિયાદ નોંધાવી હતી કે તેનો પુત્ર ડિપ્રેશનને કારણે આત્મહત્યા કરવા માટે ઘરેથી નીકળી ગયો હતો અને તેને રેલ્વે સ્ટેશનથી બચાવી લેવામાં આવ્યો હતો.

સમાચાર અહેવાલ મુજબ વરિષ્ઠ વિદ્યાર્થીઓ ઉપર જાહેરમાં તેમની સાથે દુર્વ્યવહાર કરવાનો, પૈસાની ઉચાપત કરવાનો અને તેમને તેમના કાર્યો કરવા દબાણ કરવાનો આરોપ છે. અમદાવાદ સ્થિત મેડિકલ કોલેજના જુનિયર રહેવાસીઓએ ગયા મહિને આવી જ રીતે રેગિંગની ફરિયાદ નોંધાવી હતી. ગયા વર્ષે ઓક્ટોબરમાં રાજકોટની એક ખાનગી યુનિવર્સિટીમાં રેગિંગનો વધુ એક કેસ નોંધાયો હતો, આ બનાવમાં એક જ હોસ્ટેલમાં રહેતા પાંચ વરિષ્ઠ વિદ્યાર્થીઓ દ્વારા ૧૯ વર્ષીય વિદ્યાર્થી સાથે દુષ્કર્મ કરવામાં આવ્યું હતું.

ભારત વિશ્વનું ત્રીજું સૌથી મોટું ઓટો માર્કેટ બન્યું

નવી દિલ્હી, તા.૧૧

Nikkei Asia એ તાજેતરમાં અહેવાલ આપ્યો હતો કે, ભારતે ગયા વર્ષે ઓટો વેચાણમાં પ્રથમ વખત જાપાનને પાછળ છોડી દીધું હતું અને વિશ્વનું ત્રીજું સૌથી મોટું ઓટો બજાર બન્યું હતું. દેશમાં નવા વાહનોનું કુલ વેચાણ ઓછામાં ઓછું ૪.૨૫ મિલિયન યુનિટ હતું, જે જાપાનમાં વેચાયેલા ૪.૨ મિલિયન યુનિટ કરતાં વધુ હતું. Society of Indian Automobile Manufacturers ના જણાવ્યા અનુસાર ભારતમાં જાન્યુઆરીથી નવેમ્બર ૨૦૨૨ વચ્ચે કુલ ૪.૧૩ મિલિયન નવા વાહનોની ડિલિવરી કરવામાં આવી હતી. વાણિજ્યિક વાહનોના ચોથા-ક્વાર્ટરના વેચાણના બાકી આંકડાઓ તેમજ ટાટા મોટર્સ અને અન્ય ઓટોમેકર્સ દ્વારા જાહેર કરવામાં આવનાર વર્ષના અંતે પરિણામોના સમાવેશ સાથે ભારતમાં વેચાણનું પ્રમાણ વધુ વધવાની ધારણા છે. ૨૦૨૧માં ૨૬.૨૭ મિલિયન વાહનોના વેચાણ સાથે ચીન વૈશ્વિક ઓટો માર્કેટમાં ટોચ ઉપર હતું. યુએસ ૧૫.૪ મિલિયન વાહનો સાથે બીજા ક્રમે અને જાપાન ૪.૪૪ મિલિયન એકમો સાથે બીજા ક્રમે છે. ૨૦૧૮ માં, ભારતમાં લગભગ ૪.૪ મિલિયન વાહનોનું વેચાણ થયું હતું, પરંતુ ૨૦૧૯ માં વોલ્યુમ ઘટીને ૪ મિલિયનથી પણ ઓછા થઈ ગયું હતું, જેનું મુખ્ય કારણ તે વર્ષે નોન-બેંકિંગ સેક્ટરમાં ક્રેડિટ કંચ હતું. કોવિડ-સંબંધિત લોકડાઉનને કારણે તે ૨૦૨૦માં ૩ મિલિયનથી નીચે આવી ગયું છે. જોકે ૨૦૨૧માં વેચાણ ૪ મિલિયન યુનિટ્સ સુધી પહોંચવાનું છે, પરંતુ ઓટોમોટિવ ચિપ્સની અછતને કારણે તેમાં વધુ વૃદ્ધિ જોવા મળી શકી નથી. ગયા વર્ષે ભારતમાં વેચાયેલી મોટાભાગની નવી ઓટોમાં હાઈબ્રિડ વાહનો સહિત ગેસોલિનથી ચાલતા વાહનોનો સમાવેશ થતો હતો, નિક્કી એશિયાએ જણાવ્યું હતું કે ઈલેક્ટ્રિક વાહનો ભાગ્યે જ હાજર હતા. નિક્કી એશિયાએ જણાવ્યું હતું કે ૨૦૨૨માં ઓટોમોટિવ ચિપ કટોકટી હળવી થવાથી તેમા હવે રાહત મળી છે. મારુતિ સુઝુકીની સાથે, ટાટા મોટર્સ અને અન્ય ભારતીય ઓટોમેકર્સે ગયા વર્ષ દરમ્યાન વેચાણમાં વધારો જોયો હતો. ભારત હવે ૧.૪ બિલિયન લોકોનું ઘર છે અને તેની વસ્તી ચીનને પણ પાછળ છોડી દે તેવી શક્યતા છે. આ વસ્તી વધારાને કારણે ઓટો સેક્ટને ઘણો ફાયદો થાય તેવી શક્યતા છે.

ગુજરાતમાં ગુનાખોરી બેફામ : છેલ્લા ૨૪ કલાકમાં હત્યાઓની ૧૦ ઘટનાથી સુરક્ષા-વ્યવસ્થા સામે પ્રશ્નાર્થ

અમદાવાદ, તા.૧૧

ગુજરાતમાં ૨૪ કલાકમાં હત્યાઓની ૧૦ ઘટનાએ ભાજપ સરકારની સબ સલામતના દાવાની પોલ ખોલી નાંખી છે. વધતી જતી ગુનાખોરી અને કાયદો વ્યવસ્થાની કથળેલી પરિસ્થિતિ અંગે ભાજપ સરકાર ઉપર આકરા પ્રહાર કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મીડિયા કન્વીનર અને પ્રવકતા ડૉ.મનીષ દોશીએ જણાવ્યું હતું કે, ગુજરાતમાં છેલ્લા ઘણા સમયથી અસામાજિક તત્ત્વો-ગુંડાઓ બેકાબુ-બેખોફ રીતે કાયદો વ્યવસ્થાની ધજિજયા ઉડાવી રહ્યા છે. છેલ્લા ૨૪ કલાકમાં ગુજરાત રકતરંજિત બન્યું છે. ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં ૧૦ નિર્મમ હત્યાઓની ઘટના બની છે, જેમાં અમદાવાદમાં ૨, સુરતમાં ૩ અને જામનગરમાં ૨, રાજકોટ, સુરેન્દ્રનગર અને વડોદરામાં ૧-૧ નિર્મમ હત્યાના બનાવો બન્યા છે. ગૃહ રાજયમંત્રીના વિસ્તાર-શહેર સુરતમાં છેલ્લા ૨૪ કલાકમાં ૩ હત્યાની ઘટના બની છે. સુરતમાં હત્યાના એક પછી એક બનાવો સામે આવી રહ્યા છે. બે હત્યા ડીંડોલી વિસ્તારમાં જ્યારે એક લિંબાયત વિસ્તારમાં બની છે. જ્યારે સુરતના ડીંડોલી વિસ્તારમાં આવેલા ભેસ્તાન આવાસ ખાતે એક યુવકની સરા જાહેર તિક્ષ્ણ હથિયારના ઘા ઝીંકી કરપીણ હત્યા કરી દેવામાં આવી છે. કોંગ્રેસના પ્રવકતાએ જણાવ્યું હતું કે, રાજયમાં નશાબંધીનો કાયદો હોવા છતાં બેરોક-ટોક કરોડો રૂપિયાનો દારૂ ઠલવાય, અબજો રૂપિયાની ડ્રગ્સની હેરાફેરી થાય, બેફામ વ્યાજખોરોનો ત્રાસ, નકલી નોટો, ચીટ ફંડ સહિત આર્થિક ગુનાખોરી આસમાને હોય, ત્યારે ભાજપ સરકાર-ગૃહ વિભાગ-પોલીસ તંત્ર જાગે અને ગુનેગારને જેલ ભેગા કરે તો જ ગુજરાત સાચા અર્થમાં સલામત બનશે અને ગુજરાત- ગુજરાતીઓ શાંતિથી જીવન જીવી શકશે.

પરીક્ષા પે ચર્ચા : ૨૭ જાન્યુ.એ યોજાનારા કાર્યક્રમમાં ૧૨૦૦ વિદ્યાર્થી હાજર રહેશે

અમદાવાદ, તા.૧૧

વડાપ્રધાન આ વખતે ૨૭મી જાન્યુઆરીના રોજ વિદ્યાર્થીઓ સાથે પરીક્ષા પે ચર્ચા કરશે. નવી દિલ્હીના તાલકટોરા સ્ટેડિયમ ખાતે યોજાનારા પરીક્ષા પે ચર્ચા કાર્યક્રમ માટે સમગ્ર દેશમાંથી ૧૨૦૦ જેટલા વિદ્યાર્થીઓને પસંદગી કરવામાં આવી હોવાનું જાણવા મળે છે. આ ઉપરાંત વાલીઓ અને વિદ્યાર્થીઓ પણ આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેશે. આ કાર્યક્રમ વિદ્યાર્થીઓને બતાવવા માટે કમિશ્નર ઓફ સ્કૂલની કચેરી દ્વારા તમામ અધિકારીઓને પરિપત્ર મોકલી સુચના આપી હોવાનું પણ જાણવા મળે છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ વિદ્યાર્થીઓ સાથે પરીક્ષા પે ચર્ચા કરશે. પરીક્ષા પે ચર્ચા અંગેનો કાર્યક્રમ ૨૭ જાન્યુઆરી, ૨૦૨૩ના રોજ નવી દિલ્હીના તાલકટોરા સ્ટેડિયમ ખાતે યોજાશે. જેમાં સમગ્ર દેશના વિદ્યાર્થીઓ, વાલીઓ અને શિક્ષકો સાથે વડાપ્રધાન સંવાદ કરશે. આ કાર્યક્રમમાં સમગ્ર દેશમાંથી ૧૨૦૦ જેટલા વિદ્યાર્થીઓ ભાગ લેનાર હોવાનું જાણવા મળે છે. આ કાર્યક્રમ દુરદર્શન દ્વારા પ્રસારિત કરવામાં આવશે. ઉપરાંત જીવંત પ્રસારણ રેડિયો ચેનલ ઉપર પણ થશે. ઉપરાંત લાઈવ વેબકાસ્ટિંગનું પણ આયોજન કરવામાં આવ્યું છે.

પ્રવાસમાં વિદ્યાર્થીઓનું કન્સેશન વધારવા અને STમાં અગ્રતા આપવા રજૂઆત

અમદાવાદ, તા.૧૧

રાજયની સ્કૂલો દ્વારા લઈ જવામાં આવતા શૈક્ષણિક પ્રવાસમાં વિદ્યાર્થીઓને આપવામાં આવતા કન્સેશનમાં વધારો કરવા તથા એસટી બસ માટે અગ્રતા આપવા માટે પ્રાથમિક શૈક્ષિક મહાસંઘ દ્વારા રાજયના માર્ગ અને વાહન વ્યવહાર મંત્રીને પત્ર લખી રજૂઆત કરવામાં આવી છે. ઘણા જિલ્લાઓમાં પ્રવાસ માટે એસટીમાં અગ્રતા આપવામાં આવતી ન હોવાની ફરિયાદ મળ્યા બાદ આ અંગે રજૂઆત કરાઈ હોવાનું જાણવા મળે છે. રાજયની સ્કૂલોમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને શાળા દ્વારા ડિસેમ્બર જાન્યુઆરી માસમાં શૈક્ષણિક પ્રવાસે લઈ જવામાં આવતા હોય છે. આ પ્રવાસને લઈને રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ દ્વારા રાજયના વાહન વ્યવહાર મંત્રીને પત્ર લખીને રજૂઆત કરી છે. જેમાં જણાવાયું છે કે, સરકારી પ્રાથમિક શાળાઓમાં પ્રત્યક્ષ શિક્ષણ અને બાહ્ય જ્ઞાન મળે તે માટે શૈક્ષણિક પ્રવાસનું આયોજન કરવામાં આવતું હોય છે. જેથી દર વર્ષે ગુજરાત રાજયની શાળાઓ દ્વારા પ્રવાસનું આયોજન કરવામાં આવે છે અને તેના માટે સરકારી બસ મારફતે પણ પ્રવાસ કરાવવામાં આવે છે. વિવિધ જિલ્લાઓમાં પ્રવાસની મંજૂરી માટે પણ સરકારી બસનો આગ્રહ રાખવામાં આવે છે. જે વિદ્યાર્થીઓના હિતમાં સલામત અને સારી બાબત છે. રાજયના વિવિધ તાલુકાઓ અને જિલ્લાની રજૂઆતના આધારે વાહન વ્યવહાર નિગમના કર્મચારીઓ દ્વારા પ્રવાસની બસ માટે ખાસ અગ્રતા આપવામાં આવતી નથી. શાળાના કર્મચારીઓને વારંવાર એસટી ડેપોમાં ધક્કા ખવડાવવામાં આવે છે અને વિદ્યાર્થી કન્સેશનથી બસ પાળવવા માટે અલગ-અલગ અર્થઘટન કરવામાં આવે છે. જેથી રાજયની પ્રાથમિક શાળાના બાળકોના હિતમાં નિર્ણય લઈ સરકારની વધુ સારી બસ યોજનાનો લાભ શાળાના બાળકોને પણ શૈક્ષણિક પ્રવાસ દરમ્યાન મળે, જેથી વાહન વ્યવહાર નિગમની એસટી બસની માંગણી કરતી શાળાઓને અગ્રતા અને શાળાઓને પ્રવાસ માટે મળતા કન્સેશનમાં પણ વધારો કરવામાં આવે તેવી રજૂઆત કરાઈ છે. આ નિર્ણયથી રાજયની સરકારી શાળાના વિદ્યાર્થીઓ પણ વધુમાં વધુ શૈક્ષણિક પ્રવાસનો લાભ લઈ શકશે.

વૈશ્વિક પડકારો વચ્ચે ભૂરાજકીય તણાવ, સતત ઘસાતો જતો રૂપિયો, ઊંચા વ્યાજદરો અને ફુગાવો જોખમી પરિબળ તરીકે ૨૦૨૩માં પણ ભારતને મોટી અસર કરશે

૨૦૨૨નું વર્ષ વિદાય થયું. ગયું વર્ષ કોરોના અને યુક્રેન યુદ્ધને કારણે વૈશ્વિક અર્થવ્યવસ્થાને ભારે નુકસાન કરતું ગયું છે. આશા છે કે નવું શરૂ થયેલું ૨૦૨૩નું વર્ષ દુનિયાભરની અર્થવ્યવસ્થાઓને ફરી પાટે ચડાવનારું નીવડે. જોકે વર્ષની શરૂઆતમાં જ આઈએમએફ એટલે કે ઈન્ટરનેશનલ મોનિટરી ફન્ડ દ્વારા અમંગળ આગાહી કરવામાં આવી છે. આઈએમએફનું કહેવું છે કે ૨૦૨૩ દરમ્યાન પણ યુક્રેન યુદ્ધ, વ્યાજના ઊંચા દર, કોરોનાના વધી રહેલા કેસ અને અન્ય આર્થિક અનિશ્ચિતતાઓ વચ્ચે વૈશ્વિક અર્થતંત્રની ત્રીજો ભાગ મંદી હેઠળ રહેશે. અમેરિકા, ચીન અને યુરોપીયન યુનિયનમાં આની ખાસ અસર જોવા મળી શકે છે. આ દેશના અર્થતંત્રો માટે ૨૦૨૩નું વર્ષ આર્થિક રીતે પડકારજનક રહેશે. ફેબ્રુઆરી ૨૦૨૨થી શરૂ થયેલા યુદ્ધને વર્ષ પૂરું થવા આવ્યું છતાં યુદ્ધ સમાપ્ત થવાના કોઈ એંધાણ દેખાતા નથી. આવામાં અમેરિકા, ચીન અને યુરોપ જેવા અગત્યના અર્થતંત્રો જો મંદીમાં સપડાય તો તેની અસર સમગ્ર વિશ્વ પર જોવા મળશે.

એસબીઆઈના તાજેતરના રિપોર્ટમાં એવો દાવો કરવામાં આવ્યો છે કે વૈશ્વિક મંદીની શક્યતા વચ્ચે જુદાજુદા દેશોની મધ્યસ્થ બેંકો વ્યાજદરમાં ઘટાડો કરી શકે છે. અહેવાલ અનુસાર નીતિ ઘડવૈયાઓ સામે અર્થવ્યવસ્થા અને નાણાં બજારોને નુકસાન કરવા વિના મોંઘવારી ઉપર કાબૂ મેળવવો પડકારજનક છે. આવી મુશ્કેલ આર્થિક પરિસ્થિતિમાં કેટલાક મુશ્કેલ નિર્ણયો લેવાની ફરજ પડી શકે છે.

વૈશ્વિક પડકારો વચ્ચે ભૂરાજકીય તણાવ, સતત ઘસાતો જતો રૂપિયો, ઊંચા વ્યાજદરો અને ફુગાવો જોખમી પરિબળ તરીકે ભારતને અસર કરશે. વૈશ્વિક સ્લોડાઉન, આર્થિક અનિશ્ચિતતાઓ અને અન્ય પડકારોથી પણ ભારત પણ અલિપ્ત નહીં રહી શકે. આગામી કેટલાક મહિનાઓ દરમ્યાન ભારતની નિકાસ ઉપર અસર પડવાની સંભાવના છે. ૨૦૨૩માં ભારત સરકાર અને રિઝર્વ બેંક સામે ફુગાવાને કાબૂમાં રાખવાનો, ડોલર સામે રૂપિયાનું અવમૂલ્યન નિયંત્રિત કરવાનો અને ખાનગી રોકાણ પ્રોત્સાહિત કરવા જેવા પડકારો યથાવત રહેશે. નીતિ આયોગના પૂર્વ વાઈસ ચેરમેન અને અર્થશાસ્ત્રી અરવિંદ પાનગરિયા જણાવે છે કે વૈશ્વિક પડકારો વચ્ચે ભારતમાં પણ પ્રતિકૂલ પરિસ્થિતિ જોવા મળી શકે છે તેમ છતાં ચાલુ નાણાંકીય વરસના અંત સુધીમાં ભારતનો વિકાસદર ૭ ટકાને આંબે એવી અપેક્ષા છે.

વર્ષ ૨૦૨૨ દરમ્યાન ફુગાવો રિઝર્વ બેંકના નિર્ધારિત ૬ ટકાના લક્ષ્ય કરતાં વધુ રહ્યો હતો. જોકે હવે રિટેલ ફુગાવો ઘટી રહ્યો છે તેમ છતાં આવનાર સમયમાં વૈશ્વિક અનિશ્ચિતતાઓ વચ્ચે ફુગાવાને કાબૂમાં રાખવાના પ્રયાસો સતત ચાલુ રાખવા પડશે. રશિયા-યુક્રેન યુદ્ધ તેમજ ચીનના લોકડાઉનને કારણે વૈશ્વિક સપ્લાય ચેઈન ખોરવાતા અનેક કોમોડિટીના ભાવમાં ઉછાળો આવ્યો હતો. મે ૨૦૨૨થી રિઝર્વ બેંકે રેપોરેટમાં વધારો કર્યો હતો અને રેપોરેટ ૬.૨૫ ટકા સાથે ત્રણ વર્ષના ઊંચા સ્તરે પહોંચ્યો હતો. તાજેતરમાં જ રિઝર્વ બેંકના ગવર્નરે સ્વીકાર્યું છે કે ફુગાવાને લઈને વધુ અનિશ્ચિતતાઓ પ્રવર્તી રહી છે.

મૂડી ખર્ચમાં વધારો અને નોન-ટેક્સ રેવન્યુમાં મંદ ગ્રોથને કારણે સરકારની રાજકોષીય ખાધ વધીને નવેમ્બર ૨૦૨૨ દરમ્યાન સમગ્ર બજેટના અંદાજના ૫૯ ટકાના સ્તરે પહોંચી છે. ગયા વર્ષના સમાન ગાળામાં રાજકોષીય ખાધ બજેટ અંદાજના ૪૬.૨ ટકા રહી હતી. માર્ચ ૨૦૨૩માં પૂરા થતાં નાણાં વર્ષ સુધીમાં રાજકોષીય ખાધ જીડીપીના ૬.૪ ટકા એટલે કે ૧૬.૬૧ લાખ કરોડ રહેવાનો અંદાજ છે.

ભારતનું વિદેશી હૂંડિયામણ અનામત ઘટીને ૫૬૨.૮૦૮ અબજ ડોલરે પહોંચી ગયું છે. ઓક્ટોબર ૨૦૨૧માં ભારતનું ફોરેન એક્સચેન્જ રિઝર્વ ૬૪૫ બિલિયન ડોલરના રેકોર્ડ ઉચ્ચ સ્તરે પહોંચ્યું હતું. જોકે ત્યારબાદ ભારતીય રૂપિયાના મૂલ્યમાં ઘટાડાને રોકવા માટે રિઝર્વ બેંક યુએસ ડોલરનું વેચાણ કરી રહ્યું છે, તેના કારણે ફોરેક્સ રિઝર્વમાં ઘટાડો થઈ રહ્યો છે. ઉપરાંત ભારતે ઊંચું આયાત બિલ ચૂકવવું પડી રહ્યું છે. ૨૦૨૨માં ભારતમાં ક્રૂડ ઓઈલના પ્રતિ બેરલ સરેરાશ ભાવ ૯૮ ડોલર રહ્યા હતા, જે વર્ષ ૨૦૧૩ પછીના સૌથી વધુ હતા. ક્રૂડ ઓઈલના ઊંચા ભાવની અસર ફુગાવા અને રૂપિયા બંને ઉપર જોવા મળી છે. ઉપરાંત ભારતનું દેવું પણ વધીને સપ્ટેમ્બર ૨૦૨૨ના અંતે રૂા. ૧૪૭.૧૯ લાખ કરોડ નોંધાયું છે, જે જૂનના અંતે રૂા. ૧૪૫.૭૨ લાખ કરોડ હતું. ટકાવારીની રીતે જોઈએ તો નાણાં વર્ષ ૨૦૨૨-૨૩ના બીજા ત્રૈમાસિક ગાળા દરમિયાન તેમાં એક ટકાનો વધારો થયો છે.

વિતેલા વર્ષમાં ડોલર સામે ભારતીય રૂપિયાની કામગીરી નબળ રહી છે. ૨૦૨૨માં ડોલર સામે રૂપિયો ૧૦ ટકા જેટલો ઘટયો છે, જે ૨૦૧૩ બાદ સૌથી વધુ ઘટાડો છે. ડોલર સામે રૂપિયો જે ૩૧ ડિસેમ્બર ૨૦૨૧ના ૭૪.૩૪ રૂપિયા હતો તે ૩૦ ડિસેમ્બરે ૮૨.૭૩ રૂપિયા બંધ આવ્યો હતો. રૂપિયા ઉપરના દબાણને કારણે તથા તેને વધુ ઘટતો અટકાવવા ૨૦૨૨ દરમિયાન રિઝર્વ બેંકે મની માર્કેટમાં દરમ્યાનગીરી કરી જેને કારણે દેશના ફોરેક્સ રિઝર્વમાં ૭૦ અબજ ડોલરનો ઘટાડો થયો જે છેલ્લા ૨૨ વર્ષનો સૌથી વધુ ઘટાડો છે.

૨૦૨૨માં ભારતનું અર્થતંત્ર યુકેને પાછળ રાખીને દુનિયાનું પાંચમું સૌથી મોટું અર્થતંત્ર બની ગયું છે. આઈએમએફના અનુમાન મુજબ ૨૦૨૮ સુધીમાં ભારત જર્મની અને જાપાનને પાછળ રાખીને દુનિયાનું ત્રીજું સૌથી મોટું અર્થતંત્ર બની શકે છે. મોર્ગન સ્ટેનલે અનુસાર આવું ૨૦૨૭ સુધીમાં જ થઈ શકે છે અને ૨૦૩૦ સુધીમાં ભારત પાસે દુનિયાનું ત્રીજું સૌથી મોટું સ્ટોક માર્કેટ હશે. ૨૦૩૧ સુધીમાં ભારતનો જીડીપી બમણો થઈ શકે છે. ભારતની અર્થવ્યવસ્થા આઠ વર્ષમાં વધીને ૭.૫ ટ્રિલિયન ડોલર સુધી પહોંચી શકે છે.

વર્ષ ૨૦૨૨ના નવેમ્બર દરમ્યાન કોલસો, ખાતર, સ્ટીલ, સિમેન્ટ, વીજળી જેવા સેગમેન્ટના ઉત્પાદનમાં મજબૂત પ્રદર્શન જોવા મળ્યું જેને કારણે ૮ ઈન્ફ્રાસ્ટ્રકચર સેક્ટરના ઉત્પાદનમાં ૫.૪ ટકાનો વધારો થયો હતો જે ગયા વરસના સમાન ગાળા ૩.૨ ટકા રહ્યો હતો. જોકે ક્રૂડ ઓઈલ, નેચરલ ગેસ અને રિફાઈનરી પ્રોડક્ટસના ઉત્પાદનમાં ઘટાડો નોંધાયો હતો. દેશના ૮ મુખ્ય ઈન્ફ્રાસ્ટ્રકચર સેકટર્સ કોલસો, ક્રૂડ ઓઈલ, ગેસ, રિફાઈનરી પ્રોડક્ટસ, ફર્ટિલાઈઝર, સ્ટીલ, સિમેન્ટ અને વીજળીનો વૃદ્ધિ દર એપ્રિલ-નવેમ્બરમાં ૮ ટકા રહ્યો હતો.

ચીનમાં લોકડાઉન હટાવ્યા પછી કોરોના બેકાબૂ થયો છે જેની અસર ૨૦૨૩માં તેની અર્થવ્યવસ્થા ઉપર દેખાશે. ચીન માળખાકીય સમસ્યાઓનો સામનો કરી રહ્યું છે જેના પરિણામે તેની આર્થિક વૃદ્ધિનો દર ત્રણ ટકા સુધી સીમિત રહી શકે છે. ૨૦૨૩ની શરૂઆતે યુક્રેન યુદ્ધ હજુ ચાલી રહ્યું છે જે ૨૦૨૩માં સમાપ્ત થઈ શકે છે જેનાથી વિશ્વને ઘણી રાહત મળશે. અમેરિકાએ વર્ષ ૨૦૨૨માં વ્યાજદરમાં ૧૯૫૦ પછીનો સૌથી ઊંચો વધારો કર્યો છે. અમેરિકન ફેડરલ બેંકે સંકેત આપ્યો છે કે વ્યાજદરો તેના ટોચના સ્તરે સ્પર્શ્યા છે અને હવે આક્રમક વ્યાજદરની સંભાવના ખૂબ ઓછી છે ત્યારે ફેડ વ્યાજદરોમાં ઘટાડાની શરૂઆત કરી શકે છે. તેનાથી વૈશ્વિક બજારો પર સકારાત્મક અસરો સર્જાશે. જોકે CMIE અનુસાર દેશમાં બેરોજગારીનો દર વધી રહ્યો છે. ડિસેમ્બર ૨૦૨૨માં ૮.૩ ટકા ઉપર પહોંચેલો આ દર ૧૬ મહિનામાં સૌથી વધુ છે. આની પહેલાં કોવિડના સમયમાં ઓગસ્ટ ૨૦૨૧માં બેરોજગારી દર ૮.૩૨ ટકા હતો. બેરોજગારી દરમાં વધારાનું મુખ્ય કારણ શહેરી વિસ્તારોમાં વધતી બેરોજગારી છે. ડિસેમ્બરમાં શહેરી વિસ્તારોમાં બેરોજગારી દર ૧૦ ટકાને આંબી ગયો છે. જોકે ગ્રામીણ વિસ્તારોમાં બેરોજગારી દર મામૂલી ઘટીને ૭.૪૪ ટકા રહ્યો. CMIE અનુસાર બેરોજગારી ભારતીય અર્થવ્યવસ્થાની તંદુરસ્તીને સાચી રીતે દર્શાવે છે, કારણ કે આ દેશની કુલ જનસંખ્યામાં કેટલા બેરોજગાર છે, તેને બતાવે છે. CMIEનો તાજેતરનો રિપોર્ટ દર્શાવે છે કે કામ શોધનારા યુવાનો તો કરોડોમાં વધ્યા છે પરંતુ ઔપચારિક ક્ષેત્રમાં નોકરીઓ, જે કોરોના પહેલા ૯ કરોડ હતી, તે વર્ષ ૨૦૨૨માં ઘટીને ૮.૪૦ કરોડ રહી ગઈ છે જે મોટી ચિંતાનો વિષય છે.

યુ.પી.ના સિકંદરારાવ તથા બગોદરા પોલીસના જાપ્તામાંથી ફરાર તેમજ

આણંદ ટાઉન પોલીસ સ્ટેશન હેઠળના ટ્રક, ઈકો કાર ચોરીના ગુન્હાના આરોપીને ઝડપી લેતી જૂનાગઢ ક્રાઈમ બ્રાન્ચ



(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા. ૧૧

જૂનાગઢ રેન્જના પોલીસ મહાનિરીક્ષક મયંકસિંહ ચાવડાની સુચના તેમજ પોલીસ અધિક્ષક રવિ તેજા વાસમશેટ્ટીના સીધા માર્ગદર્શન હેઠળ જીલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતી સામાન્ય રહે અને કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે હેતુસર તેમજ જૂનાગઢ જીલ્લામાં અલગ-અલગ પોલીસ સ્ટેશનના ગુન્હામાં નાસતા ફરતા આરોપીઓને શોધી કાઢી તેમજ પેરોલ જમ્પ, વચગાળાના જામીન ઉપર મુક્ત થઈ ફરાર થયેલ તથા પોલીસ જાપ્તામાંથી ફરાર થયેલ આરોપીઓને પકડી પાડી તેઓ વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી કરવા અંગે સુચના કરવામાં આવેલ હોય જે અન્વયે ક્રાઈમ બ્રાન્ચ જૂનાગઢના પીઆઈ જે.એચ. સિંધવના માર્ગદર્શન હેઠળ ક્રાઈમ બ્રાન્ચના પીએસઆઈ જે.જે. ગઢવી, પીએસઆઈ ડી.કે. ઝાલા તથા સ્ટાફના માણસો સતત પ્રયત્નશીલ હોય દરમ્યાન પીએસઆઈ જે.જે. ગઢવીનો અગાઉથી અમદાવાદ શહેર અમરાઈવાડી પો. સ્ટેશનના પો.કો. ભાવસિંહ મોરીનો અગાઉથી ટેલીફોનીક જાણ કરેલ હોય કે, અમરાઈવાડી પોલીસ સ્ટેશનના ચોરીના ગુન્હામાંનાસતો ફરતો આરોપી બદરૂદીન ઉર્ફે અનવર મયુદીન, હાલ જૂનાગઢ જીલ્લા વિસ્તારમાં રહે છે અને તેની ગેરકાયદેસર પ્રવૃત્તિ કરે છે તેમ જાણ કરેલ હોય, જેથી ક્રાઈમ બ્રાન્ચના પોલીસ સ્ટાફના માણસો એએસઆઈ વિક્રમભાઈ ચાવડા તથા પો.હે.કો. આઝાદસિંહ સીસોદીયા, ઈન્દ્રજીતસિંહ ઝાલા, જયદીપભાઈ કનોરીયા તથા પો.કો. સાહિલભાઈ સમા, ભરતભાઈ સોલંકી વિગેરે સ્ટાફ દ્વારા આ દિશામાં વધુ તપાસ કરવા જણાવતા ગઈકાલે પીએસઆઈ જે.જે. ગઢવી તથા પોલીસ સ્ટાફને સંયુક્તમાં ખાનગી બાતમીદારો મારફત જાણવા મળેલ કે મજકુર ઈસમ જૂનાગઢ જીલ્લાના માંગરોળ ગામે રહે છે અને તે ઈસમ એક સફેદ કલરની ઈકો કાર નં.જીજે-૧૦-ડીએ-૭૮૩૧ માં ગાંધીચોક તરફથી રાજકોટ રોડ તરફ નીકળવાનો છે. તેવી ચોકકસ બાતમીના આધારે જોષીપરા, ગરનાળા પુલ પાસે વોચમાં પોલીસ સ્ટાફ રહેતા ઉપરોકત ઈસમ ઈકો કાર લઈને નીકળતા ગાડીના ચાલકને રોકી તેનું નામ ઠામ પુછતા પોતાનું નામ સરનામું જણાવતો ન હોય અને ગલ્લા તલ્લા કરતો હોય જેથી ગુજરાત સરકારશ્રી દ્વારા હાલમાં જ લોન્ચ કરવામાં આવેલ ફેસ ટેગર એપ્લીકેશન મારફત મજકુર ઈસમનો ફોટો પાડી ઉપરોકત એપ્લીકેશનમાં ફોટા આધારે સર્ચ કરતા તેનું સાચુ નામ બદરૂદીન ઉર્ફે અનવર મયુદીન સૈયદ, રહે.વડોદરાવાળો હોવાનું જાણવા મળેલ હતું. જે વિગત ઝડપાયેલા ઈસમને બતાવતા તે ભાંગી પડેલ અને પોતાનું સાચુ નામ બદરૂદીન ઉર્ફે અનવયર મયુદીન સૈયદ, ઉ.વ.૬૩, ધંધો-ડ્રાઈવીંગ, રહે.નુરાની મહોલ્લો, એકતાનગર, અજવા રોડ, વડોદરા અને હાલ માંગરોળ, ઈન્દિરાનગર, અબુબકર મસ્જીદની પાછળ, આમદભાઈ ઘાંચીના મકાનમાં ભાડેથી રહેતો હોવાનું જણાવેલ હતું. જેથી સદરહું ઈસમને અમદાવાદ અમરાઈવાડી પો.સ્ટેશનના આઈપીસી કલમ ૩૭૯, ૧૧૪ મુજબના ગુન્હામાં સીઆરપીસીની કલમ ૪૧(૧)આઈ મુજબ અટક કરી ધોરણસર કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

આ કામગીરીમાં ક્રાઈમ બ્રાન્ચના પીઆઈ જે.એચ. સિંધવ, પીએસઆઈ જે.જે. ગઢવી, પીએસઆઈ ડી.કે. ઝાલા, એસએસઆ વિક્રમભાઈ ચાવડા, હે.કો. જીતેષ મારૂ, યશપાલસિંહ જાડેજા, જયદીપભાઈ કનોરીયા, આઝાદસિંહ સિસોદીયા, ઈન્દ્રજીતસિંહ ઝાલા, પો.કો. સાહિલભાઈ સમા, ભરતભાઈ સોલંકી વિગેરે જોડાયા હતા.

સોમનાથ દાદાની ભૂમિ છે સુર્ય ઉપાસનાની ભૂમિ

એક કાળે પ્રભાસ સુર્યમય હતું અને અહીં સોળ સુર્ય મંદિરો ઝળહળતા હતા

(મિનાક્ષી ભાસ્કર વૈદ્યદ્વારા)

પ્રભાસપાટણ તા. ૧૧

આદિ દેવ નમોસ્તુભ્યં એવા પૃથ્વી ઉપરના પ્રત્યક્ષ અને સાક્ષાત દર્શન આપતા સુર્ય દેવનું મહા પર્વ છે મકકસંક્રાંત.. સ્કંદ પુરાણ જે સમયમાં લખાયો ત્યારે સોમનાથ પ્રભાસ ખંડમાં ૧૬ સુર્ય દેવતાઓના મંદિરો હતા.

સુર્યનું એક નામ ભાસ્કર પણ કહેવાય છે. તો પ્રભાસ એક સમયે ભાસ્કર તીર્થ તરીકે પણ ઓળખાતું હતું. જે નામ સુર્યવંશી આર્યો અહીં સમુદ્ર માર્ગે આવી સ્થિર થાય તે વખતે અપાયું હતું. તો ભારત વન પર્વ અધ્યાય ૮૨માં જણાવાયા મુજબ સુર્ય આ પ્રદેશમાં પોતાની પુર્ણ કળાએ પ્રકાશિત થતો હતો અને સુર્યની એ સોળ કળાઓ પૈકી બાર કળાઓ સુર્ય મંદિરમાં રાખી અને ચાર કળા પોતાની પાસે રાખી હતી જેનો ઉલ્લેખ પ્રભાસ ખંડમાં લખાયો છે. તેવા બાર સુર્ય મંદિરો વેદકાળમાં હતા જે કાળક્રમે લુપ્ત થયા છે અને હાલ બેથી ત્રણ જેટલા સુર્ય મંદિરો હજુય યથાવત છે. તે કાળમાં તેની આસપાસ મકાનો ઉંચા ન હોવાને કારણે સુર્યોદયના પ્રથમ સીધા કિરણો તેના ઉપર પડતા હતા.

ઈતિહાસ લેખક શંભુપ્રસાદ દેસાઈએ પ્રભાસ સોમનાથના તેના પુસ્તકમાં ઉલ્લેખ કરેલા સુર્ય મંદિરોમાં સાંમ્બાદિત્ય સુર્યમંદિર સોમનાથથી ઉત્તરે, વર્તમાન સમયમાં શાક માર્કેટ પાસે ત્યાં મ્યુઝીયમ છે. સાગરાદિત્ય સુર્ય મંદિર હાલ તે ત્રિવેણી માર્ગે છે. ગોપાદિત્ય સુર્ય મંદિર રામપુરૂષથી ઉત્તરે આવલું, હાલ નથી. ચિત્રાદિત્ય સુર્ય મંદિર બ્રહ્મકુંડ પાસે હાલ ભાટીયા ધર્મશાળા પાછળ, હાલ નથી. રાજભટ્ટાક સુર્ય મંદિર સાવિત્રી પાસે, સાહુના ટીંબા ઉપર કેપાસે, હાલમાં નથી. નાગરાદિત્ય સુર્ય મંદિર નદી તટે, વર્તમાન ટીંબા પાસે જુનું મંદિર, નંદાદિત્ય સુર્ય મંદિર નગરની ઉત્તરે, હાલ નથી. કંકોર્ટકાક સુર્યમંદિર સમુદ્ર તટે, હાલ નથી. દુર્વા આદિત્ય સુર્ય મંદિર, યાદવા સ્થળીયમાં, હાલ નથી. મુળ સુર્ય મંદિર સુત્રાપાડામાં હાલ છે. પર્ણાદિત્ય સુર્ય મંદિર ભીમ દેવળ, હાલ છે.

તાલાળા તાલુકાના ભીમદેવળ ગામની સીમમાં સુર્ય સમર્પિત ઈ.સ.૯મી સદીનું છતવાળું પ્રવેશદ્વાર ધરાવતું પુર્વાભિમુખ અને નિશ પ્રભાની ઉભેલી પ્રતિમાઓ છે. સુર્યપત્ની રજની અને નિશ પ્રભાની ઉભેલી પ્રતિમાઓ છે. ભીમદેવળનું આ ગામ પાંડવપુત્ર ભીમે વસાવેલ હોવાનું કહેવાય છે.

બાલાર્ક સુર્ય મંદિર, પ્રાચીના ગાંગેચા પાસે, હાલ નથી. આદિત્ય સુર્ય મંદિર ઉંબા પાસે ૧૬ માઈલ દુર હાલ છે. મકલ સુર્ય મંદિર ખોરાસા પાસે, હાલ નથી. બકુલાદિત્ય સુર્ય મંદિર ઉના-દેલવાડા વચ્ચે, હાલ નથી. નારદાસ્થિત સુર્યમંદિર ઉના પાસે, હાલ નથી.

પ્રભાસ ક્ષેત્રમાં અનેક સુર્ય મંદિરો આવેલા છે અનો સોમનાથજ તીર્થ ખાતે સુર્યપૂજા કરવી અનેક રીતે પુણ્યદાયી માનવામાં આવે છે. ખાસ કરીને સોમનાથ મંદિરે મકકરસંક્રાંતીએ સવારે સુર્ય પૂજન ત્યારબાદ ગૌપૂજન, તલ અભિષેક, દુધ અભિષેક અને સાંન્દાય તલ શણગાર સાથે વિશેષ મહાપૂજા સહિતના કાર્યક્રમો પણ થાય છે.

સોમનાથ-પ્રભાસના ભાસ્કર વૈદ્ય કહે છે 'સોમનાથના પવિત્ર ત્રિવેણી સંગમ સામે આવેલા શારદા મઠના પાછળના ભાગે એક પ્રાચીન સુર્યમંદિર આજે પણ છે. વલ્લભીકાળનું આ મંદિર ૧૩મી ૧૪ મી સદી દરમ્યાન જીર્ણોધ્ધાર પામ્યું હોવાનું કહેવાય છે. તો એક વાયકા મુજબ યજુર્વેદાચાર્ય યાજ્ઞવલ્કય મહર્ષિએ સોમનાથમાં તપસ્યા કરી હતી અને આ રીતે તેમણે ભગવાન સુર્યનારાયણની તપસ્યા કરી અને શ્રાવણ સુદ ૧૪ પુર્ણિમાએ મધ્યાન્હે તેમનો સુર્યનારાયણ પ્રસન્ન થયા હતા અને વરદાન આપ્યું હતું અને યાજ્ઞવલ્કયે સુર્યનારાયણની જે સ્તુતિ કરી જે આજે પણ સુર્ય સ્તોત્રમાં ઉલ્લેખ હોવાનું કહેવાય છે. યજ્ઞવલ્કય મહર્ષિએ સોમનાથમાં જ તપ કરી યજુર્વેદ મેળવ્યો હતો. 'વેરાવળ સર્વસંગ્રહ'ના ઉલ્લેખ મુજબ વેરાવળ વખારીયા બજારમાં સુરજ કુંડની જગ્યા આવેલી છે.

મકરસંક્રાંતિના મહાપર્વે સોમનાથના પવિત્ર ત્રિવેણી સંગમસ્નાન, જપ, તપ, દાન, ગાયોને ઘાંસચારો, બાજરાનો ઘુઘરો, ખીચડી, સોમનાથ મહાદેવને તલ, ગંગાજળ, મધ, પંચદ્રવ્યથી સ્નાન સવાર-સંધ્યા દર્શન પ્રભાસની પરંપરા છે.

મકર સંક્રાંત એ સુર્યદેવની પૂજાનું જ પર્વ છે પરંતુ છેલ્લા કેટલાક વર્ષોથી તેમાં એ ભૂલી પતંગ અને ઉંધીયાનું મહત્વ પ્રવેશ્યું. જો કે, તે જમાનામાં પૂજાપાઠ પછીનો સમય રસપ્રદ બનાવવા કદાચ ઉમેરણ થયુંહોય, વડીલો પાસેથી સાંભળેલી વાત મુજબ જૂનાગઢના નવાબ મકરસંક્રાંતની પતંગ ઉડાડતા અને એ પતંગમાં ચાંદીની ઘુઘરી બાંધતા એથી તે પતંગ જયારે કપાય ત્યારે તેને ભાગ્યમાં ચાંદીની ઘૂઘરી અનાયાસે મળતી હતી.

ગુજરાત પ્રવાસન નિગમ અને જિલ્લા વહીવટી તંત્રના સંયુક્ત ઉપક્રમે

દ્વારકા ખાતે યોજાયેલ આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ-૨૦૨૩નું ઉદઘાટન કરતા સાંસદ પૂનમબેન માડમ

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ તમામ ક્ષેત્રે વિકાસ કરવાની સાથે આપણી સાંસ્કૃતિક વિરાસતને ઉજાગર કરવાનું કામ કર્યુ છેઃ સાંસદ પૂનમબેન માડમ : પતંગની જેમ દરેકનું જીવન વધુને વધુ ઉંચાઈને આંબે તેવી શુભકામનાઓ : જીલ્લા કલેકટર મુકેશ પંડ્યા

(રાકેશ સામાણી દ્વારા)

દ્વારકા, તા.૧૧

ગુજરાત પ્રવાસન નિગમ અને જિલ્લા વહીવટી તંત્ર દ્વારા સંયુકત ઉપક્રમે આયોજિત આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ-૨૦૨૩નું દ્વારકા હેલીપેડ ગ્રાઉન્ડ ખાતે સાંસદ પૂનમબેન માડમે ઉદ્ઘાટન કરી તમામ લોકોને ઉતરાયણ પર્વની શુભેચ્છા પાઠવી હતી.

આ પ્રસંગે પૂનમબેન માડમે જણાવ્યું હતું કે, આનંદ અને ઉત્સાહનું આ પર્વ છે.ગુજરાતના પનોતા પુત્ર અને વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં તમામ ક્ષેત્રે વિકાસ થવાની સાથે સાથે આપણી સાંસ્કૃતિક વિરાસતને ઉજાગર કરવાનું કામ કર્યુ છે. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારે તેમણે શરૂ કરેલ વાઈબ્રન્ટ ગુજરાત, રણ ઉત્સવ, પતંગ મહોત્સવ જેવા મહોત્સવને આગળ લઈ જવાનું કાર્ય વર્તમાન મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં ગુજરાત સરકાર કરી રહી છે. મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ અને પ્રવાસનમંત્રી મુળુભાઈ બેરાના નેતૃત્વમા આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવનું સુંદર આયોજન દ્વારકાના આંગણે થયું છે. કાર્યક્રમમાં ઉપસ્થિત રહેલા દેશ વિદેશના પતંગબાજોને આ તકે સાંસદે આવકારીને દ્વારકાના પ્રવાસન સ્થળોની મુલાકાત લેવા પણ અનુરોધ કર્યો હતો. વિદેશી પતંગબાજોને ભારતની વસુદેવ કુટુંબકમ (વિશ્વ એક પરિવારની)ની ભાવના વ્યકત કરી કહ્યું કે, કોવીડ-૧૯ કાળ દરમ્યાન વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના નેજા હેઠળ દેશના નાગરિકો સાથે સાથે અન્ય દેશોને પણ કોરોના પ્રતિરોધક રસી ભારત દેશે મોકલીને વિશ્વ એક પરિવારની ભાવનાને ચરિતાર્થ કરી હતી. સાંસદશ્રીએ આ તકે ઉત્સાહ સાથે પતંગ ચગાવવાની સાથે જીવદયાનું ધ્યાન રાખવા અનુરોધ કર્યો હતો.

આ તકે જિલ્લા કલેકટર મુકેશ પંડ્યાએ જણાવ્યું હતું કે, ઉતરાયણ પર્વ નિમિતે આપણે સૌ સાથે મળીને આ કાર્યક્રમને ઉમંગથી ઉજવીએ અને પતંગબાજોની વિવિધ પ્રકારની પતંગો નિહાળી પતંગ ચગાવવાની કરતબો નિહાળીએ. તથા પતંગની જેમ દરેકનું જીવન વધુને વધુ ઉંચાઈને આંબે તેવી શુભકામનાઓ પાઠવી ઉતરાયણ પ્રસંગે દાનનું મહત્વ સમજાવ્યું હતું તથા પતંગની દોરીથી કોઈ માનવી કે અબોલ જીવને ઈજા ન પહોંચે તેનું ધ્યાન રાખવા અપીલ કરી હતી. દ્વારકા નગરપાલિકાના પ્રમુખ જ્યોતિબેન સામાણીએ આ સ્વાગત પ્રસંગે કહ્યું કે, વિકાસને વરેલી ગુજરાત સરકારે દ્વારકાના વિકાસમાં અને આપણી વિરાસતને ઉજાગર કરવામાં હંમેશા યોગદાન આપ્યું છે. તાજેતરમાં જ રૂક્ષ્મણી સરોવર માટે રાજ્ય સરકાર દ્વારા રૂ.૨૧ કરોડ ફાળવવામાં આવ્યા છે જેનું તાજેતરમાં ખાતમુર્હુત કરાયું હતું.

આ પ્રસંગે પ્રવાસન નિગમના મેનેજર અજિતભાઈ જોશીએ ગુજરાત સરકાર દ્વારા આયોજિત આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ-૨૦૨૩ની રૂપરેખા આપી હતી. આ પ્રસંગે દેશ વિદેશના પતંગબાજો, દ્વારકાવાસીઓ, મહેમાનો તથા અધિકારીઓ, કર્મચારીઓ અને વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમના અંતે મહાનુભાવોએ પણ પતંગબાજો સાથે પતંગ ચગાવીને ઉત્સવની ઉજવણી કરી હતી. આ પ્રસંગે જિલ્લા વિકાસ અધિકારી એસ.ડી.ધનાણી, દ્વારકા નગરપાલિકા પ્રમુખ જ્યોતિબેન સામાણી, ઓખા નગરપાલિકાના પ્રમુખ, ડી.આર.ડી.એ.નિયામક એ.ડી. પરમાર, પ્રાંત અધિકારી પાર્થ તલસાણીયા, સ્થાનિક આગેવાનો સહિત ઉપસ્થિત રહ્યા હતા.

૧૧ અને ૧૮ જાન્યુઆરીએ ઓખાથી બિકાનેર સુધી દોડશે ઓખા-બીકાનેર સ્પેશિયલ ટ્રેન

રાજકોટ ડિવિઝનના સિનિયર ડીસીએમ અભિનવ જેફ ના જણાવ્યા અનુસાર, ટ્રેન નંબર ૦૪૭૧૬ ઓખા-બીકાનેર સ્પેશિયલ ઓખાથી ૧૧.૦૧.૨૦૨૩ અને ૧૮.૦૧.૨૦૨૩ના રોજ ૧૮.૩૦ કલાકે ઉપડશે, તે જ દિવસે ૨૩.૫૧ કલાકે રાજકોટ અને બીજા દિવસે ૧૭.૦૦ કલાકે બિકાનેર પહોંચશે. એ જ રીતે ટ્રેન નંબર ૦૪૭૧૫ બિકાનેર-ઓખા સ્પેશિયલ ૧૦.૦૧.૨૦૨૩ અને ૧૭.૦૧.૨૦૨૩ ના રોજ ૧૫.૫૦ કલાકે બિકાનેરથી ઉપડશે અને બીજા દિવસે ૦૯.૦૦ કલાકે રાજકોટ અને ૧૬.૦૦ કલાકે ઓખા પહોંચશે. આ ટ્રેન બંને દિશામાં દ્વારકા, જામનગર, હાપા, રાજકોટ, સુરેન્દ્રનગર, વિરમગામ, મહેસાણા, ભીલડી, રાણીવાડા, મારવાડ ભીનમાલ, મોડરણ, જાલોર, મોકલસર, સમદરી, લુણી, જોધપુર, મેર્તા રોડ, નાગૌર અને નોખા સ્ટેશન પર ઉભી રહેશે. ટ્રેનમાં એસી ૨-ટાયર, એસી ૩-ટાયર, સ્લીપર ક્લાસ અને જનરલ સેકન્ડ ક્લાસ કોચનો સમાવેશ થાય છે. ટ્રેન નંબર ૦૪૭૧૬ માટે ટિકિટનું બુકિંગ ૧૦મી જાન્યુઆરી, ૨૦૨૩ થી તમામ પીઆરએસ કાઉન્ટર અને આઈઆરસીટીસીની વેબસાઈટ પર શરૂ થશે.

સુર્યનો મકર રાશીમાં પ્રવેશ શનિવારે રાત્રે હોવાથી

આ વર્ષે મકરસંક્રાંતિ ધાર્મિક દ્રષ્ટીએ રવિવારે મનાવવાની રહેશે

પોષ વદ સાતમ ને શનિવારતા.૧૪-૧-૨૩ ના રાત્રે ૮.૪૬ મિનીટે સુર્ય મકર રાશીમાં પ્રવેશ કરે છે. ધર્મસિંધુ ગ્રંથ તથા મુખ્ય પંચાગના આધારે જોતા અને નિયત પ્રમાણે જો સુર્ય ગ્રહ દિવસ આથમ્યા પછી મકર રાશીમાં પ્રવેશ કરે તો બીજા દિવસે દાન પુણ્ય અને સંક્રાંતિના સ્નાનનું મહત્વ ગણાય છે. આમ આ વર્ષે નિયમ પ્રમાણે જોતા ધાર્મિક દ્રષ્ટીએ મકરસંક્રાંતિ રવિવારે તા.૧૫-૧-૨૩ ના રોજ મનાવવાની રહેશે. રવિવારે દાન પુણ્યનો ઉત્તમ સમય સવારે ૭.૨૯ થી સાંજે ૬.૨૪ સુધી રહશે.

રાશી પ્રમાણે દાનની વિગત

મેષ-કન્યા-વૃશ્ચિક રાશી માટે સોનાના પાયે બેસે છે જેથી પીળા વસ્ત્રો, ગોળ, ચણાની દાળ, સોનું, પિતળનું વાસણ, પીળી મીઠાઈનું દાન કરવું.

વૃષભ-સિંહ-મકર રાશી માટે રૂપાના પાયે સફેદ વસ્ત્ર, ખાંડ, ચોખા, સાકર, ચાંદી, ઘીનું દાન કરવું.

મિથુન-તુલા-કુંભ રાશી માટે લોઢાના પાયે કાળી વસ્તુ, કાળા તલ, અડદ, સ્ટીલનું વાસણ, કાળા કપડાનું દાન કરવું.

કર્ક-ધન-મિન રાશી માટે તાંબાના પાયે બેસે છે જથી લાલ વસ્ત્ર, ગોળ, લાલ તલ, તાંબાનું વાસણ, ઘઉંનું દાન કરવું

મકરસંક્રાંતિના દિવસે તલના ઉપયોગનું પણ મહત્વ છે. આ દિવસે એટલે કે રવિવારે તલવાળા જળથી સ્નાન કરવું. તલના તેલનું શરીરે લેપન કરવું, તલ ખાવા તલળાવું પાણી પીવું, તલનો હવન કરવો.

આમ અલગ-અલગ પ્રમાણે તલનું મહત્વ છે. મકરસંક્રાંતિના દિવસે પિતૃતર્પણ કરાવવાથી પિતૃઓને મોક્ષગતિ મળેછે.

મકરસંક્રાંતિની વિગત

આ વર્ષે વાહન વાઘનું છે. ઉપવાહન અશ્વ છે. પીળા કપડા પહેરેલ છે. હાથમાં ગદા ધારણ કરેલ છે. જાતી સર્પ કેશર તિલક કરેલ છે. દુધપાક ખાય છે. એમ કહેવાય છે કે, સંક્રાંતિ જે જે વસ્તુ સાથે સંબંધ ધરાવે તે વસ્તુ મોંઘી થાય છે. વરસાદ સારો રહે વાઘ અને અશ્વો જેવા પ્રાણીમાં રોગચાળો ફેલાય, સોનું તથા હળદળ અને દુધના ભાવ વધે.

– શાસ્ત્રી રાજદીપ જોષી (વૈદાંતરત્ન)

અનોખું છે આ ઝાડઃ જેને મળે છે ૨૪ કલાક VVIP સુરક્ષા, પાંડદું ખરે તો પણ વધી જાય છે ટેંશન

ભોપાલ તા.૧૧

રાષ્ટ્રપતિથી લઈને પ્રધાનમંત્રી તથા અન્ય નેતાઓની સુરક્ષામાં પોલીસ અથવા સુરક્ષાદળ તૈનાત હોય છે એ બાબત તો સમજી શકાય છે પરંતુ કોઈ વૃક્ષ માટે ૨૪ કલાક સુરક્ષા આપવામાં આવી હોય તે વાત જરા અજીબ લાગે. પરંતુ આ હકીકત છે. મધ્યપ્રદેશના રાયસેન જિલ્લાના સાંચી સ્તૂપ નજીકની એક ટેકરી પર એક ખાસ વૃક્ષ અસ્તિત્વમાં છે.

તમે કોઈ દિવસ નહિ સાંભળ્યું હોય કે કોઈ ઝાડ નું ધ્યાન રાખવા આખો દિવસ અને રાત પોલીસ હાજર હોય. જો તેનું એક પાંદડું પણ તૂટીને નીચે પડે તો તમામ લોકો ટેન્શનમાં આવી જાય છે. મુખ્ય વાત તો એ છે કે, આ વૃક્ષનું કોઈ ખાસ VIP માણસ ની જેમ મેડિકલ ચેકઅપ પણ કરવામાં આવે છે.

હવે તમે વિચારતા જ હશો કે આ પીપળના ઝાડમાં એવું શું છે કે તેના માટે આવી વિશેષ વ્યવસ્થા કરવામાં આવી છે? ખરેખર, આ કોઈ સામાન્ય પીપળો નથી, પરંતુ બોધી વૃક્ષ (Bodhi Tree)છે..., જેના સાંનિધ્યમાં ભગવાન બુદ્ધે જ્ઞાન મેળવ્યું હતું. આ બોધિવૃક્ષને ૨૧ સપ્ટેમ્બર ૨૦૧૨ના રોજ શ્રીલંકાના તત્કાલીન રાષ્ટ્રપતિ મહિન્દા રાજપક્ષેજાતે રોપ્યું હતું. આ કારણ છે કે આ વૃક્ષ દેશના સૌથી વધુ વીઆઈપી વૃક્ષોમાંનું એક બની ગયું છે.

જેનું સંચાલન બાગાયત વિભાગ, મહેસૂલ, પોલીસ અને સાંચી

મ્યુનિસિપલ કાઉન્સિલ દ્વારા ભેગા મળીને કરવામાં આવે છે. આ વૃક્ષને બચાવવા દર વર્ષે ૧૨થી ૧૫ લાખનો ખર્ચ થાય છે. તેની સુરક્ષા માટે ગાર્ડને દિવસના ૨૪ કલાક તૈનાત કરવામાં આવે છે. ૧૫ ફૂટ જેટલી ઊંચી જાળીઓ લગાવવામાં આવી છે. અને આસપાસ ઊભેલા પોલીસના ને જોતા આ વૃક્ષ કોઈ VVIP જેવું જ લાગે છે. તેની સુરક્ષા અને તેના સ્વાસ્થ્યનું ધ્યાન સરકાર એ રીતે રાખે છે, જેને કારણે લોકો તેને VVIP વૃક્ષ નાં નામે ઓળખવા લાગ્યા છે. તમામ પ્રકારની સુરક્ષા જોવા મળેછે .સ્થાનિક વહીવટનું ટેંકર ખાસ વૃક્ષને પાણી આપવા આવે છે. ઝાડ કોઈ પણ પ્રકારના રોગનો શિકાર ન થવો જોઈએ. આ માટે કૃષિ અધિકારીઓ પણ અહીં સમયે સમયે મુલાકાત લેતા રહે છે.

જૂનાગઢ, ગીર સોમનાથ અને પોરબંદર જિલ્લામાં વ્યાજખોરો વિરૂધ્ધ આઇજી દ્વારા લોક દરબાર યોજાયો

વ્યાજખોરોનાં ભોગ બનેલા લોકોને નિર્ભયપણે ફરીયાદ કરવા અનુરોધ કરાયો

(પ્રતિનિધિ દ્વારા)
ગીર સોમનાથ તા. ૧૧

જૂનાગઢ ગીર સોમનાર અને પોરબંદર જિલ્લામાં વ્યાજખોરો સામે આઈજી મયંકસિંહ ચાવડા જાતે મેદાનમાં આવતા વ્યાંજકવાદીઓમાં ફફડાટ વ્યાપી ગયો છે. ગુજરાત સરકાર વ્યાજખોરીને ડામવા માટે રાજ્યભરમાં કાર્યવાહી કરવા પોલીસ તંત્રને સુચના આપી છે.

ત્યારે જૂનાગઢ રેન્જમાં વ્યાજખોરીને લગતા ગંભીર બનાવો અટકાવવા તેમજ સ્કાય લેન્ટર્ન અને ચાઈનીઝ માંઝા પ્લાસ્ટીક દોરી ઉપરના પ્રતિબંધના સુચારૂ અમલ માટે પોલીસ મહાનિરીક્ષક મયંકસિંહ ચાવડાએ કાર્યવાહી કરી છે. દરમ્યાન આજે સવારે ગીર સોમનાથ જિલ્લાના મુખ્ય મથક વેરાવળમાં એમ.ટી. ગ્રાઉન્ડ ખાતે આઈજી મયંકસિંહ ચાવડા અને પોલીસ અધિક્ષક મનોહરસિંહ જાડેજાના અધ્યક્ષસ્થાને લોકદરબાર યોજવામાં આવેલ. જેમાં મયંકસિંહ ચાવડાએ વ્યાજખોરીને લગતી ફરિયાદો સાંભળવાની સાથે વ્યાજખોરોનાં ભોગ બનેલા લોકોને નિર્ભિકપણે ફરિયાદ કરવા અનુરોધ કર્યો હતો. તેમજ આઈજી મયંકસિંહ ચાવડાએ સ્કાય લેન્ટર્ન અને ચાઈનીઝ માંઝા પ્લાસ્ટીક દોરી પર પ્રતિબંધ હોય જેના અમલ માટે તંત્રને સહકાર આપવા અપીલ કરી હતી. આ લોક દરબારમાં આગેવાનો, પદાધિકારીઓ, અધિકારીઓ, અરજદારો વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

૨૨ જાન્યુઆરીથી જૂનાગઢ અને કરાઈ ખાતે પીએસઆઈ ભરતીનાં તાલીમાર્થીઓની તાલીમ શરૂ થશે

(પ્રતિનિધિ દ્વારા)
જૂનાગઢ તા.૧૧

જૂનાગઢ પીટીસી તાલીમ મહાવિદ્યાલય તેમજ કરાઈ તાલીમ મહાવિદ્યાલય ખાતે પીએસઆઈની ભરતી માટેનાં ઉમેદવારો માટે તાલીમ પ્રક્રિયા હાથ ધરવામાં આવનાર છે. પીએસઆઈની ભરતીની કાર્યવાહી પુર્ણ થયા બાદ ઘણા લાંબા સમયથી તાલીમની રાહ જોવાતી હતી આ દરમ્યાન પીએસઆઈ ભરતીનાં ઉમેદવારોને તાલીમ માટેનાં આદેશો થયા છે અને જેનો લઈને ઉત્તરાયણ બાદ તા.૨૨ જાન્યુઆરીથી ગાંધીનગર પાસેનાં પોલીસ અકાદમી કરાઈ અને પોલીસ તાલીમ મહાવિદ્યાલય જૂનાગઢ ખાતે તાલીમ શરૂ થશે.

જૂનાગઢમાં નંદબાવા ગૌશાળામાં કાનગોપીનો કાર્યક્રમ શુક્રવારે યોજાશે

(પ્રતિનિધિ દ્વારા)
જૂનાગઢ તા. ૧૧

નંદબાવા ગૌશાળાનાં ટ્રસ્ટી મંડળનાં માર્ગદર્શન હેઠળ સમગ્ર કાર્યકરો અને દાતાનાં સહયોગથી ગૌમાતાનાં લાભાર્થે આગામી તા. ૧૩ જાન્યુઆરીને શુક્રવારનાં રોજ ખાખીનગર ગ્રાઉન્ડ, ઝાંઝરડા રોડ, જૂનાગઢ ખાતે રાત્રે ૮ કલાકે કૃષ્ણલીલા (કાનગોપી)નાં કાર્યક્રમનું આયોજન કરાયું છે. મકરસંક્રાંતિ તહેવાર નિમિત્તે ગૌશાળા નિભાવ માટે આ સેવા યજ્ઞમાં સહભાગી થવા ધર્મપ્રેમી ગૌપ્રેમી જનતાને અનુરોધ કરાયો છે.

વધુ વિગત માટે મો. નં. ૯૭૧૨૭ ૧૦૯૦૬નો સંપર્ક સાધવા યાદીમાં જણાવેલ છે.

વેરાવળમાં પત્નીની સારવાર માટે જરૂરીયાત ઉભી થતા મામુલી રકમ લેનાર યુવકએ વ્યાજખોરના ચંગુલમાં ફસાઈને રૂા. ૨.૫૦ લાખના રૂા.૨૪.૪૮ લાખ ચુકવ્યા !

તાજેતરમાં વ્યાજખોરો સામે મુહિમના સમાચારો વાંચીને પોલીસના શરણે ગયેલ યુવકની કેફીયતના આધારે પોલીસે વ્યાજખોર સામે ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી : વેરાવળમાં પોલીસે વ્યાજખોરો સામેની કાર્યવાહીના શ્રીગણેશ કરતા વ્યાજે રકમ આપતા લોકોમાં ફફડાટ પ્રસર્યો

(રાકેશ પરડવા દ્વારા)
વેરાવળ તા.૧૧

વેરાવળમાં પત્નીની સારવાર માટે રૂપીયાની જરૂરીયાત ઉભી થતા પેટ્રોલપંપમાં કામ કરતા યુવકએ ભાલકા વિસ્તારમાં રહેતા વ્યાજખોર શખ્સ પાસેથી રૂા.૨.૫૦ લાખની રકમ ૩૦ % ટકા વ્યાજે લીધેલ હતી અને તેના સીકયુરીટી પેટે સહી કરેલા ચેકો તથા પ્રોમીસરી નોટમાં સહી કરી આપેલ હતી. આ લીધેલ રકમ સામે યુવકએ વ્યાજ સહીત રૂા.૨૪ લાખ ૪૮ હજારની રકમ ચુકવેલ હોવા છતાં વધુ રૂા.૧૫ લાખની વ્યાજની પઠાણી ઉઘરાણી કરી રહ્યો હોવાની પોલીસ સમક્ષ ફરીયાદ કરી હતી. જેના આધારે પોલીસે વ્યાજખોર શખ્સ સામે ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે. વેરાવળમાં વ્યાજ ની બદીમાં ફસાયેલા લોકોને મુકત કરાવવા પોલીસે કમ્મર કસતા જ વ્યાજખોરોના ચંગુલમાંથી છુટવા લોકો હિંમતભેર સામે આવતા થયા છે. જેમાં શહેર પોલીસે પ્રથમ ગુનો નોંધેલ છે જેની પ્રાપ્ત વિગતો મુજબ વેરાવળમાં ડાભોર રોડ ઉપર આવેલ આવાસ યોજનામાં રહેતા અને પેટ્રોલ પંપમાં નોકરી કરતા મનોજ ભીખાભાઈ તન્નાએ બે વર્ષ પહેલા તા.૧૦-૮-૨૦ના રોજ પત્નીની ડીલેવરીના સમયે સારવાર માટે પૈસાની જરૂરીયાત ઉભી થતા ભાલકા વિસ્તારમાં રહેતા રાજેશ કાનજી કોટીયા પાસેથી રૂા.૧૦ હજાર વીસ ટકા વ્યાજે લીધેલ અને આ રકમ સામે રોજનું રૂા.૪૦૦ના વ્યાજની રકમનો હપ્તો નકકી કરેલ જે દરરોજ રાજેશ લઈ જતો હતો. બાદમાં આ રકમ વ્યાજ ભરવામાં જ પુરી થઈ જતા અલગ-અલગ સમયે કુલ રૂા.૨.૫૦ લાખ વ્યાજે લીધેલ જેની સામે સહી કરેલા પંજાબ નેશનલ બેંકના કોરા ચેક આપેલ તેમજ પ્રોમીસરી નોટમાં સહી કરી આપી હતી. આ રૂા.૨.૫૦ લાખની રકમનું ૩૦ ટકા વ્યાજ ગણતા લીધેલા પૈસા વ્યાજ ચુકવવામાં પુરા થઈ ગયા હતા.

બાદમાં રાજેશ કોટીયાએ વ્યાજ સહિત વધુ રૂા.૧૫ લાખ આપવા પડશે તેવું કહી પઠાણી ઉઘરાણી કરતો હતો. જેથી મનોજભાઈએ અન્ય લોકો પાસેથી રકમ લઈ રાજેશને આપેલ અને તેનું જુનું મકાન જે પાઘડી પેટે હતું તેની આવેલ રકમ પણ રાજેશને વ્યાજ રૂપે ચુકવી અત્યાર સુધીમાં કુલ રૂા.૨૪ લાખ ૪૮ હજાર આપેલ હતા. તેમ છતાં રાજેશ હજુ રૂા.૧૫ લાખ બાકી હોવાનું કહીને પઠાણી ઉઘરાણી કરતો હતો. દરમ્યાન હાલમાં છાપામાં સમાચાર વાંચેલ જેમાં વ્યાજના વિષચક્રમાં ફસાયેલા લોકોએ પોલીસને જાણ કરવી જેથી ઉપરોકત વિગતો સાથે મનોજભાઈ તન્નાએ પોલીસ અધિકારી સમક્ષ વર્ણવી હતી. જેના આધારે પોલીસે વ્યાજખોર રાજેશ કોટીયા રહે.ભાલકા વાળા સામે આઈપીસી કલમ ૫, ૪૦, ૪૨ મુજબ ગુનો નોંધી આગળની કાર્યવાહી તપાસ પીએસઆઈ. અર્ચનાબેન ખુમાણે હાથ ધરી છે. આમ વેરાવળમાં પોલીસે વ્યાજખોરોની સામે મુહિમના શ્રીગણેશ કર્યા છે. જેના પગલે વ્યાજે આપી પઠાણી ઉઘરાણી કરતા શખ્સોમાં ફફડાટની લાગણી પ્રસરી ગઈ છે.

ઉના તાલુકાના ખાપટ ગામે ઉચાપત કરનાર ઈન્ચાર્જ પોસ્ટ માસ્તર પાંચ દિવસના રીમાન્ડ ઉપર

(પ્રતિનિધિ દ્વારા)
ઉના, તા.૧૧

ઉના તાલુકાના ખાપટ ગામે આવેલ પોસ્ટ ઓફિસ ના ઈન્ચાર્જ પોસ્ટ માસ્તર દિવ્યેશ થોભણભાઈ બારડ રે. ડોળાસા તા. કોડીનારએ તેમની ફરજ દરમ્યાન જુદા જુદા દિવસો એ તા.૨૨/૮/૨૦૨૨ સુધીમાં ચાર માસ દરમ્યાન ગામના લોકોના બચત ખાતામાં અને સરકારી સહાયની રકમ ખોટા સહી સિક્કા કરી ફોર્મમાં ખોટી ઓળખાણ આપી કુલ રૂપિયા ૧૨ લાખ ૪૯ હજાર ૮૧૮ની ઉચાપત કરી નાસી ગયો હતો. ગામમાં દેકારો બોલી ગયો હતો અને ઘણાની પાસ બૂકમાં રકમ જમા ના થઈ અને પોસ્ટ ઓફિસમાં પણ જમા ના બતાવતા લોકોમાં રોષ વ્યાપી ગયો હતો. આવેદન પત્ર ઉના પોસ્ટ ઓફિસના અધિકારીને આપતા અંતે ઉના પોસ્ટ ઓફીસનાં અધિકારી દીપકભાઈ કિષ્નાભાઈ યાદવ સબ ડિવિઝન પોસ્ટ ઓફિસ ઉનાના ઈન્સ્પેકટરે નોંધાવતા પોલીસે તપાસ શરૂ કરી હતી અને ચાર મહિના પછી પોલીસને બાતમી મળતા આરોપી દિવ્યેશ થોભણભાઈ બારડની ધરપકડ કરી પૂછ પરછ કરતા સહકાર આપતો ના હતો અને તેમને રિમાન્ડ માટે કોર્ટમાં રજૂ કરતા પાંચ દિવસના રિમાન્ડ મંજૂર કરવામાં આવ્યા છે. આરોપીએ આટલી મોટી રકમ ક્યાં છુપાવી છે, કયા વાપરી છે અને આ ઉચાપત પ્રકરણમાં તેની સાથે કોણ કોણ હતા તેમજ ખાપટ પોસ્ટ ઓફિસમાં બચત ખાતા ધરાવતા વધુ ગ્રાહકોના ખાતામાંથી કેટલી ઉચાપત કરી છે તેની માહિતિ પોલીસ મેળવી રહી છે.

રાજકોટ જિલ્લામાં ડ્રોન દ્વારા યૂરિયા-ખાતર છંટકાવનો ૬૭ એકરમાં લાભ લેતા ખેડૂતો

આ યોજનાનો લાભ લેવા ૨૮મી જાન્યુઆરી સુધી ઓનલાઈન અરજી કરી શકાશે

(પંકજ ઝીબા દ્વારા)
રાજકોટ તા.૧૧

રાજકોટ જિલ્લાના જેતપુર તાલુકાના પીઠડીયા ગામના ખેડૂત લક્ષ્મણભાઈ ધડૂકને સપને પણ કલ્પના નહોતી કે, તેમના ખેતરમાં ડ્રોન ઊડતું હશે, તેઓ પોતાના કપાસના પાકમાં ડ્રોન કેમેરાથી દવા-ખાતરનો છંટકાવ કરી શકશે અને નિંદામણ તેમજ દવા છંટકાવ માટે થતો નાણાંનો ખર્ચ, શ્રમ તેમજ સમય બચાવી શકશે. એટલું જ નહીં, ડ્રોનથી દવા છંટકાવ કરવા બદલ તેમને સરકાર દ્વારા સહાયના રૂપિયા પણ મળશે. ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલની દૂરંદેશી નીતિના કારણે આ શક્ય બન્યું છે. ધી ડ્રોન પ્રમોશન એન્ડ યુસેઝ પોલિસી અંતર્ગત ખેડૂતોને ડ્રોનથી દવા-ખાતર છંટકાવ માટે આર્થિક સહાય પણ ચૂકવવામાં આવે છે. ખેડૂત લક્ષ્મણભાઈ ધડૂક જણાવે છે કે, એવો પાક કે જેમાં દવા છંટકાવ માટે માણસો પ્રવેશી ના શકે અથવા તો દવા છંટકાવ માટે શ્રમિકો ના મળે, ત્યારે આ યોજના ખૂબ આશીર્વાદરૂપ છે. ગુજરાત સરકારની આ યોજનાથી અમને ઘણો લાભ થયો છે. કેવી રીતે મળી આ યોજનાની જાણકારી તે અંગે તેમણે કહ્યું કે, ગામના એક યુવક પાસેથી તેમને ડ્રોનથી દવા છંટકાવની યોજના વિશે જાણકારી મળી હતી. એ પછી તેમણે વિલેજ ઓપરેટર મારફતે અરજી કરી હતી. આમ તેઓ આ યોજનાનો લાભ લઈ શક્યા છે. જિલ્લા ખેતીવાડી અધિકારી એ.એલ. સોજીત્રાના જણાવ્યા પ્રમાણે, આ યોજના અંતર્ગત ચાલુ નાણાંકીય વર્ષમાં રાજકોટ જિલ્લામાં અત્યાર સુધીમાં ૨૦ ખેડૂતો દ્વારા ૬૭ એકરમાં ડ્રોનથી દવાનો છંટકાવ કરવામાં આવ્યો છે. જેમને સહાય ચૂકવવાની કામગીરી ગતિમાં છે. અત્યાર સુધીમાં રૂપિયા ૯૬ હજાર જેટલી સહાય ચૂકવવામાં આવી છે. ખેતીવાડી વિભાગના અધિકૃત સૂત્રોના જણાવ્યા પ્રમાણે, એક ખેડૂતને એક એકર દીઠ ખર્ચના ૯૦ ટકા અથવા તો વધુમાં વધુ રૂપિયા ૫૦૦ની રકમ (બેમાંથી જે ઓછું હોય તે) ચૂકવવામાં આવે છે. વધુમાં વધુ પાંચ એકર સુધી અને પાંચ છંટકાવની મર્યાદામાં સહાય ચૂકવવામાં આવે છે. અત્યારે પણ ડ્રોનથી દવા છંટકાવ માટે અરજીઓ સ્વીકારવાનું ચાલુ છે. ખેડૂતો આઈ-ખેડૂત પોર્ટલ (ikhedut.gujarat.gov.in) ઉપર ૨૮મી જાન્યુઆરી સુધી અરજી કરી શકે છે. વિલેજ કોમ્પ્યુટર ઓપરેટર પાસે પણ જઈને અરજી કરી શકાય છે. અરજી માટે આધાર કાર્ડ, સાત-બારના ઉતારા તેમજ બેંકની પાસબુક જેવા પુરાવા હોવા જરૂરી છે. નોંધનીય છે કે, ટેકનોલોજીના આધારે લોકોનું જીવન સરળ અને સુવિધાયુકત બને તે માટે ગુજરાતના પ્રગતિશીલ મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ સતત ચિંતિત હોય છે. વર્તમાન સમયમાં ડ્રોન ટેકનોલોજીનો ઉપયોગ વધી રહ્યો છે ત્યારે ખેડૂતોને તેનો લાભ આપી શકાય તેની વ્યવસ્થા કરવામાં આવી છે. આથી જ ધી ડ્રોન પ્રમોશન એન્ડ યુસેઝ પોલિસીમાં કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. જેમાં જંતુનાશક દવાઓનો છંટકાવ, નેનો યૂરિયા છંટકાવ માટે ડ્રોનના ઉપયોગ બદલ આર્થિક સહાય ચૂકવવામાં આવે છે.

વેરાવળમાં સવની જંગલ વિસ્તારમાં શોર્ટ સર્કિટના લીધે ઘાસની ગાસડીઓમાં આગ ભભૂકી ઉઠતા ૩૦ ગાસડીઓ બળીને ખાખ થઈ ગઈ

ઘટનાના પગલે સ્થળ ઉપર સમયસર દોડી આવેલ ફાયરબ્રિગેડે ૨૫૦ ઘાસની ગાસડીઓનો જથ્થો બચાવ્યો

(રાકેશ પરડવા દ્વારા)
વેરાવળ તા.૧૧

ગઈકાલે બપોરના સમયે વેરાવળ નજીકના સવની ફોરેસ્ટ(જંગલ) વિસ્તારમાં ઘાસચારાના ગોડાઉનમાં અચાનક જ ઈલેકટ્રીક શોર્ટ સર્કિટ થવાથી સમગ્ર વિસ્તારમાં નીચે પડેલ ત્રણસોક જેટલી ઘાસની ગાસડીઓમાં આગ લાગીને ભભૂકી ઉઠી હતી. જોકે, આ આગની ઘટનાની સોમનાથ ફાયરબ્રિગેડને જાણ કરવામાં આવતા તાત્કાલિક ઘટના સ્થળ ઉપર દોડી આવેલા ફાયર ફાયટરના સ્ટાફએ આગ ઉપર પાણીનો મારો ચલાવીને સંપૂર્ણ આગ બૂઝાવી હતી. જેના લીધે વધુ નુકસાન થતું તેમજ જાનહાનિ થતાં અટકતા તંત્રએ રાહતનો શ્વાસ લીધો હતો. આ ઘટનાની પ્રાપ્ત વિગતો મુજબ ફોરેસ્ટ ગાર્ડ કિરણભાઈ જોશીએ ફાયરબ્રિગેડને સવની જંગલ વિસ્તારમાં આવેલા ઘાસના ગોડાઉનમાં બપોરે ત્રણેક વાગ્યાની આસપાસ આગ લાગી હોવાની જાણ કરતો કોલ કર્યો હતો. જેના પગલે ફાયર ઓફિસર રવિરાજસિંહ ચાવડા કર્મચારીઓ સતીષ વાળા, કેતન વાળા, જીતેન્દ્રસિંહ ગોહિલ સહિતનાઓ વોટર બ્રાઉઝર સહિતના સાધનો સાથે લાગલે આગને બુઝાવવાની સાથે જંગલ વિસ્તારમાં વધુ પ્રસરતી આગને કાબુ કરવા માટે પાણીનો મારો ચલાવી કામગીરી હાથ ધરી હતી. જેમાં અડધો કલાક સુધી સતત પાણીના મારા બાદ આગ બુઝાવી હતી. આ આગની ઘટનામાં અંદાજે ત્રીસેક જેટલી ઘાસની ગાસડીઓ બળીને ખાખ થઈ ગયેલ જયારે ૨૫૦થી વધુ ગાસડીઓ બચાવવામાં તંત્ર સફળ રહ્યું હતું.

ખંભાળિયાના ત્રણ વર્ષના માસુમ બાળકને ગંભીર બીમારી : સહાયભૂત થવા દાતાઓને અપીલ

૨૨ ડીસીઝની ગંભીર બીમારીમાં રૂપિયા ૨૦ લાખનો ઓપરેશન ખર્ચ

(કુંજન રાડિયા દ્વારા)
જામ ખંભાળિયા તા.૧૧

ખંભાળિયામાં ગાયત્રીનગર વિસ્તારમાં રહેતા ગઢવી કરસનભાઈ માયાણીનો ત્રણ વર્ષનો માસુમ પુત્ર શિવમ ૨૨ ડીસીઝની બીમારીમાં સપડાયેલ હોય, તેને બોનમેરો ટ્રાન્સફર કરવા તેમજ અન્ય સારવાર માટે રૂપિયા ૨૦ લાખ જેટલો સારવાર ખર્ચ થનાર છે. આ બાળકનો પરિવાર આટલો મોટો ખર્ચ ઉપાડી શકે તેમ ન હોય, આ નાના બાળકનું ઓપરેશન કરવું અનિવાર્ય હોવાથી બાળકની ગંભીર બીમારીમાં આ પરિવારને સહાયભૂત થવા અપીલ કરવામાં આવી છે.

દેવભૂમિ દ્વારકામાં પ્રોજેકટ તુષ્ટિ તથા આઈ.સી.ડી.એસ. દ્વારા કિશોરીઓને પૂર્ણા પોટલીનું વિતરણ કરાયું

(કુંજન રાડિયા દ્વારા)
જામ ખંભાળિયા તા.૧૧

ગુજરાત સરકારના "પોષણ અભિયાન" તથા નયારા એનર્જીના સંકલનથી ચાલતા પ્રોજેકટ તુષ્ટિ (અમલીકરણ સંસ્થા જે.એસ.આઈ. આર.એન્ડ ટી. ફાઉન્ડેશન, દિલ્હી) તથા આઈ.સી.ડી.એસ. શાખાના સંકલનથી દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ૨૦૦ કિશોરીઓને "પૂર્ણા પોટલી" કિટનું વિતરણ કરવામાં આવ્યું હતું. પ્રોજેકટ તુષ્ટિ દ્વારા કિશોરીઓ માટે બનાવવામાં આવેલ "પૂર્ણા પોટલી" માં માસિક ચક્ર, એનિમિયા, પોષણ વિશેની જાગ્રુતિ માટેની પુસ્તિકાઓ અને સેનેટરી કલોથ પેડ કિશોરીને આપી આરોગ્યતથા વ્યકિતગત સ્વચ્છતાનું મહત્વ સમજાવવામાં આવ્યું હતું.

ઓસમ પર્વત ખાતે આવતીકાલે યોજાનારી તૃતિય ઓસમ પર્વત આરોહણ - અવરોહણ સ્પર્ધા અન્વયે યાત્રાળુઓની અવર-જવર માટે પ્રતિબંધ

(પંકજ ઝીબા દ્વારા)
રાજકોટ તા.૧૧

રાજકોટ જિલ્લાના ધોરાજી તાલુકાના ઓસમ પર્વત ખાતે ૧૨ જાન્યુઆરીએ યોજાનારી તૃતિય ઓસમ પર્વત આરોહણ - અવરોહણ સ્પર્ધા અન્વયે રાજકોટ અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ કે.બી.ઠકકરે તા. ૧૨ જાન્યુઆરીના રોજ ઓસમ ડુંગરના પગથિયાં ઉપર યાત્રાળુઓને આવવા - જવા માટે પ્રતિબંધ ફરમાવ્યો છે. ગુજરાત સરકારનાં રમત ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગ અને કમિશ્નર, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ, ગાંધીનગર આયોજીત અને રાજકોટ જિલ્લા વહિવટી તંત્રની રાહબરી હેઠળ જિલ્લા યુવા વિકાસ અધિકારીની કચેરી સંચાલીત ગુજરાત રાજયનાં યુવક યુવતીઓ માટેની તૃતીય ઓસમ પર્વત આરોહણ-અવરોહણ (રાજયકક્ષા) સ્પર્ધા ૨૦૨૩ આગામી તા.૧૨-૦૧-૨૦૨૩નાં રોજ ધોરાજી તાલુકાના પાટણવાવ ખાતે ઓસમ પર્વત ઉપર યોજાનાર છે. ઓસમ પર્વત ઉપર જતા પ્રવાસીઓ, યાત્રાળુઓ કે અન્ય વ્યકિતઓનાં કારણે આ સ્પર્ધામાં ભાગ લેતા યુવક - યુવતીની ટુકડીઓને સ્પર્ધામાં સંભવિત અંતરાય કે ખલેલ ઉભી થવાની શકયતા હોવાથી તા.૧૨-૧-૨૦૨૩ના રોજ ૦-૦૦ કલાકથી (શુન્ય કલાકથી) બપોરનાં ૧૨-૦૦ (બાર કલાક) સુધી ઓસમ પર્વતની સીડીના પગથીયા ઉપર સ્પર્ધકો સિવાયનાં પ્રવાસીઓ, યાત્રાળુઓ કે અન્ય વ્યકિતઓ ઓસમ પર્વતની સીડીના પગથીયા દ્વારા ઉપર જવા કે નીચે ઉતરવા ઉપર પ્રતિબંધ ફરમાવવામાં આવ્યો છે.

:: અવસાન નોંધ/બેસણું ::

મુળ અનીડા નિવાસી હાલ વિસાવદરનાં રાજગોર બ્રાહ્મણ જ્ઞાતિનાં અગ્રણી નટુભાઈ ભગવાનભાઈ મહેતા (એસટી કર્મચારી)નાં ધર્મપત્ની નયનાબેન તે અતુલભાઈ, પરેશભાઈ, ઉર્મિલાબેનનાં માતા, હરેશભાઈ જોષી (બ્રાન્ચ પોસ્ટ માસ્તર) ઢુઢીયાપીપળીયાનાં સાસુનું તા. ૧૦ને મંગળવારનાં રોજ અવસાન થયેલ છે. સદગતનું બેસણું તા. ૧૨ને ગુરૂવારનાં રોજ સવારે ૯ થી સાંજનાં ૬ કલાક સુધી તેમનાં નિવાસ સ્થાન ગાયત્રી પ્લોટ, કાલસારી રોડ, વિસાવદર ખાતે રાખેલ છે.

વેરાવળ : મીનાક્ષીબેન મનસુખલાલ માંડલિયા (ઉ.વ.૬૨) તે લીલાબેન મયુરકુમાર તથા અમૃતાબેન ગૌતમ કુમારના માતા તા.૯-૧-૨૦૧૩ના રોજ અવસાન પામેલ છે. સદગતનું બેસણું તારીખ ૧૨-૧-૨૦૦૨ ના સાંજે ૪ થી ૬ બ્રહ્મકુંડ મંદિર, વેરાવળ ખાતે રાખેલ છે.

જૂનાગઢ સહિત સોરઠ પંથકમાં ઠંડીનું ચાલી રહેલું આક્રમણ

જૂનાગઢમાં ૧૩.૩ અને ગિરનાર ઉપર ૮.૩ ડીગ્રી તાપમાન

(પ્રતિનિધિ દ્વારા)
જૂનાગઢ તા.૧૧

જૂનાગઢ સહિત સોરઠ પંથકમાં ઠંડીમાં વધ-ઘટની સાથે તીવ્રતાનું આક્રમણ ચાલું રહ્યું છે. જોકે ડિસેમ્બર આખો માસ ઠંડી જોરદાર રહી છે. બરફ જેવું ઠંડું વાતાવરણ વચ્ચે જનજીવન પ્રભાવિત થઈ રહ્યું છે. વધુમાં જૂનાગઢ અને આસપાસનાં ફરવા લાયક સ્થળો તેમજ ભવનાથ ક્ષેત્રમાં આવતા પ્રવાસી જનતાને ઠંડીનાં મોઝાને લઈ પરેશાની ભોગવવી પડી રહી છે. એક દિવસ ઠંડીમાં ઘટાડો થાય તો બીજે દિવસે ફરી ઠંડીની તીવ્રતામાં વધારો થતો હોય છે. આજે જૂનાગઢ શહેરમાં મેકસીમમ ૧૭.૦ તાપમાન છે જયારે મીનીમમ ૧૩.૩ છે, ભેજ ૭૮ટકા અને પવનની ગતી ૩.૪ રહી છે. આજે ગિરનાર પર્વત ઉપર ઠંડીનું પ્રમાણ ૮.૩ રહ્યું છે.

જૂનાગઢમાં આજે સાંજે ધારાસભ્ય સંજયભાઈ કોરડીયાનું સન્માન થશે

૪૦,૨૫૬ નંગ શૈક્ષણિક સામગ્રીથી ધારાસભ્યનું બહુમાન કરાશે

(પ્રતિનિધિ દ્વારા)
જૂનાગઢ તા. ૧૧

જૂનાગઢનાં ધારાસભ્ય સંજયભાઈ કોરડીયાનું ૪૦,૨૫૬ નંગ શૈક્ષણિક સામગ્રીથી સન્માન કરવામાં આવશે. આ અંગે સંજયભાઈ કોરડીયાનાં પીએ મુકુંદભાઈ હીરપરાએ જણાવ્યું હતું કે, સંજયભાઈ કોરડીયાએ જણાવ્યું હતું કે મારૂં સન્માન એ રીતે કરજો કે જે વસ્તુ બાળકોને અભ્યાસમાં ઉપયોગી થાય. ત્યારે ઝાંઝરડા રોડ યુવા ગૃપ, મિતુલભાઈ ભાલાણી ગૃપ તેમજ જૂનાગઢ વિધાનસભા ચુંટણી દરમ્યાન આરંભથી ચુંટણીનાં પરીણામ સુધીજે મિત્રોએ સમયનું દાન આપેલ છે તેમનાં દ્વારા ધારાસભ્ય સંજયભાઈ કોરડીયાનું સન્માન કરવામાં આવશે. ધારાસભ્યએ પોતાનાં ધારાસભા વિસ્તારનાં જરૂરીયાતમંદ વિદ્યાર્થીઓને શૈક્ષણિક સહાય કરવાનો સંકલ્પ કરેલ છે તેમને બિરદાવવા યુવા સંગઠન ગૃપ દ્વારા વિજય મતની સંખ્યા મુજબ ૪૦,૨૫૬ જંગ શૈક્ષણિક સામગ્રીથી સન્માન કરાશે. આ કાર્યક્રમ તા. ૧૧ જાન્યુઆરી બુધવારનાં રોજ સાંજનાં ૭ વાગ્યે ઝાંઝરડા બાયપાસ સ્થિત વેસ્ટર્ન પાર્ટીપ્લોટ, જૂનાગઢ ખાતે યોજાશે.

સરકારની નિકાસબંધીની નીતિ અને બીજી તરફ નીચા ભાવ

સૌરાષ્ટ્રમાં ડુંગળીનાં મબલખ ઉત્પાદન સામે ઓછા ભાવ ખેડૂતોને રડાવે છે

મોંઘુ બિયારણ, મજુરી, ખાતર અને દવાનાં ખર્ચ પણ માથે પડયા જેવી સ્થિતિ

(પ્રતિનિધિ દ્વારા)
જૂનાગઢ તા. ૧૧

હાલનાં સમયે સૌરાષ્ટ્રમાં ડુંગળીનું મોટા પ્રમાણમાં વાવેતર થયું છે અને મબલત પાક ઉતર્યો છે. પરંતુ ઓછા ભાવ મળતા આ ડુંગળી ખેડૂતોને રડાવી રહી છે. નિકાસબંધીને લીધે ડુંગળીનાં સંતોષજનક ભાવ ન મળતા ખેડૂતોમાં નિરાશા જોવા મળે છે. સૌરાષ્ટ્રનાં ખેડૂતોએ સારા ભાવની આશા સાથે ડુંગળીનું મોટાપાયે વાવેતર કર્યુ હતું. હાલમાં પાક તૈયાર થઈને ઉભો છે પરંતુ બજારમાં એક મણનાં રૂા. ૧૫૦થી ૨૫૦ જેટલા નીચા ભાવની સ્થિતિએ ખેડૂતોમાં નિરાશા છે. સોરઠ પંથકમાં મોટાભાગનાં ખેડૂતોએ નાસિકની પંચગંગા જાતની ડુંગળીનું વાવેતર કર્યુ છે અને ગુણવત્તાવાળો પાક પણ થયો હોવા છતાં નીચા દરે લેવાલીથી ખેડૂતો પરેશાન છે. આ બાબતે સોરઠનાં સાંખડાવદરનાં ખેડૂત વિપુલભાઈ ભાલાળાએ જણાવ્યું હતું કે મોંઘુ બિયારણ લઈ ખેડૂતોએ વાવેતર કર્યુ હતું. ઉપરાંત મજુરી, ખાતર, દવા વગેરે ખર્ચ કરી પાક તૈયાર કર્યો છે તેવી સ્થિતિમાં યોગ્ય ભાવ ન મળવાથી ખેડૂતો ચિંતામાં મુકાયા છે. સરકાર દ્વારા નિકાસબંધી ઉઠાવી ડુંગળીની નિકાસને તત્કાલ મંજુરી આપવામાં આવશે તો ખેડૂતોને યોગ્ય ભાવ મળશે. આ બાબતે ખેડૂતોનાં હિતમાં સરકારે સત્વરે ઘટતું કરવું જોઈએ તેમ ખેડૂતોમાંથી માંગણી ઉઠી છે.

બોલબાલા ચેરીટેબલ ટ્રસ્ટ જૂનાગઢ દ્વારા ગાયોને લાડુ ખવડાવાયા

(પ્રતિનિધિ દ્વારા)
જૂનાગઢ તા. ૧૧

બોલબાલા ચેરીટેબલ ટ્રસ્ટ જૂનાગઢ દ્વારા ગાયો તથા મુંગા પશુઓને આ સંસ્થામાં લાડુ બનાવી મકરસંક્રાંતિ નિમિત્તે તા. ૯ અને ૧૦ જાન્યુઆરી એમ બે દિવસ લાડુ ખવડાવવામાં આવેલ હતાં. જેમાં બોલબાલા ટ્રસ્ટનાં કાર્યકરોનો સંપૂર્ણ સહકાર પ્રાપ્ત થયેલ હતો. આ ઉપરાંત તા. ૧૪-૧-૨૩ના રોજ સંસ્થા શહેરમાં છાવણી નાંખી દાતાઓનો યથાશકિત દાન આપવા અપીલ કરશે. આ સંસ્થા દર્દીઓ માટે વિના મુલ્યે મેડીકલ સાધનો જરૂરીયાત મુજબ આપવા, ઉનાળામાં ગરીબોને માટલા વિતરણ, કપડા વિતરણ, બુટ-ચંપલ વિતરણ, મેડીકલ કેમ્પ વગેરે જેવી સેવાકીય પ્રવૃતિ કરે છે. આ ઉપરાંત સંસ્થામાં ગણેશ ઉત્સવ, વાર તહેવારની ઉજવણી રાષ્ટ્રીય તહેવારની ઉજવણી, મનોરંજન કાર્યક્રમો, વિવિધ હરીફાઈઓ, પ્રવાસ જેવી પ્રવૃતિઓ થાય છે.

આ સંસ્થામાં નવા સભ્ય થવા માંગતા સેવાભાવી ભાઈ-બહેનોએ નોંધણી માટે ફોન નં. ૮૮૬૬૦૯૯૬૬૦ ઉપર સંપર્ક કરવા એક યાદીમાં જણાવેલ છે.

જૂનાગઢમાં માર્ગ સલામતી સપ્તાહનો પ્રારંભ

(પ્રતિનિધિ દ્વારા)
જૂનાગઢ તા.૧૧

જૂનાગઢમાં જેસીઆઈ તેમજ આરટીઓ અને પોલીસ દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ માર્ગ સલામતી સપ્તાહની ઉજવણીનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. લોકોને સલામતી સુરક્ષા માટે માર્ગ સલામતી અંગેની કાર્યવાહી અંગે માર્ગદર્શન આપવામાં આવશે.

જૂનાગઢમાં સક્કરબાગ સામે અચાનક ફોર્ચ્યુનર કાર સળગી, ડ્રાઈવર નીચે ઉતરી જતાં આબાદ બચાવ

(પ્રતિનિધિ દ્વારા)
જૂનાગઢ તા.૧૧

જૂનાગઢ શહેરમાં સક્કરબાગ સામે મોડી રાતે અચાનક ફોર્ચ્યુનર કારમાં આગ લાગતા અફરા તફરીનો માહોલ સર્જાયો હતો. કારમાં અચાનક આગ લાગતા ટ્રાફિક જામના દ્રશ્યો સરજાણા હતા ત્યારે. રસ્તા ઉપરના લોકો પણ ભયમાં મુકાયા હતા.

કારમાં શોર્ટસર્કિટના કારણે આગ લાગ્યાનું જાણવા મળ્યું છે. આ ઘટના બાબતે જૂનાગઢ ફાયર વિભાગના ચીફ ફાયર ઓફિસરએ જણાવ્યું હતું કે, મોડી રાતના સમયે સકરબાગ ઝુ નજીક અચાનક એક ફોર્ચ્યુનર કારમાં આગ લાગી હતી અને આ બાબતની ફાયર વિભાગને જાણ કરવામાં આવી હતી. કારમાં આગ લાગવાના અકસ્માતનો કોલ મળતાની સાથે જ તુરંત ફાયર વિભાગનો સ્ટાફ ઘટના સ્થળે દોડી ગયો હતો. અને પાણીનો મારો ચલાવી આગને કાબુમાં લઈ લેવામાં આવી હતી. પરંતુ આગમાં કારને મોટી નુકસાની થઈ હોવાનું સામે પણ આવ્યું છે.

આ ઘટના સમયે કારના માલિક પણ ત્યાં સ્થળ ઉપર હાજર હતા તેમના જણાવ્યા મુજબ શોર્ટ સર્કિટના કારણે અચાનક આગ લાગતા તેઓ કારમાંથી નીચે ઉતરી ગયા હતા જેથી તેમનો બચાવ થયો હતો.

શીલનાં જરીયાવાડા ગામે બળજબરીથી કોરા ચેક લખાવી જાનથી મારી નાખવાની ધમકી આપી

(ક્રાઈમ રીપોર્ટ દ્વારા)
જૂનાગઢ તા.૧૧

માંગરોળનાં જરીયાવાડા ગામ (ઉ.વ.૫૩)એ વાડી વિસ્તારમાં રહેતા શેરખા ઈબ્રાહીમખા બેલીમ, રસીદખા કાસમખા બેલીમ, રસીદખા હબીબખા બેલીમ વિરૂધ્ધ એવી ફરિયાદ નોંધાવી છે કે, ફરિયાદીને પાસેથી ફરિયાદીનાં દિકરા કમલેશભાઈને રૂપિયાની જરૂર પડતા સોનાનાંદાગીનાં ગીરવે મુકી ૭ ટકા માસીક વ્યાજે રૂા.૧૨ હજાર વ્યાજે લીધેલ અને વ્યાજ તથા મુદલ મળી રૂા.૨૮ હજાર ચુક્વી દીધા હોવા છતાં ફરિયાદીનાં ગીરવે મુકેલ ઘરેણા પરત નહી આપી અને વધુ રૂપિયા ૧૦ હજારની ઉઘરાણી કરી અને પૈસા ન આપે તો ઘરેણા વેંચી નાખવાની ધમકી આપ્યાની ફરિયાદ ચોરવાડ પોલીસમાં નોંધાવતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

ચોરવાડ તાલુકાનાં ખોરાસા ગામે વ્યાજનાં પૈસા બાબતે ધમકી આપી

(ક્રાઈમ રીપોર્ટ દ્વારા)
જૂનાગઢ તા.૧૧

માળીયા હાટીના તાલુકાનાં ખોરાસા(ગીર) ખાતે રહેતા નીમુંબેન ડાયાભાઈ પરમાર (ઉ.વ.૬૦) ખોરાસા ગામનાં યોગેશભાઈ ભલાભાઈ જોષી વિરૂધ્ધ એવી ફરિયાદ નોંધાવી છે કે, આ કામનાં આરોપીએ યોગેશભાઈ જોષી પાસેથી ફરિયાદીનાં દિકરા કમલેશભાઈને રૂપિયાની જરૂર પડતા સોનાનાંદાગીનાં ગીરવેમુકી ૭ ટકા માસીક વ્યાજે રૂા.૧૨ હજાર વ્યાજે લીધેલ અને વ્યાજ તથા મુદલ મળી રૂા.૨૮ હજાર ચુક્વી દીધા હોવા છતાં ફરિયાદીનાં ગીરવે મુકેલ ઘરેણા પરત નહી આપી અને વધુ રૂપિયા ૧૦ હજારની ઉઘરાણી કરી અને પૈસા ન આપે તો ઘરેણા વેંચી નાખવાની ધમકી આપ્યાની ફરિયાદ ચોરવાડ પોલીસમાં નોંધાવતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

ઓફર...ઓફર... M. 99787 06355 ફોન: (૦૨૮૫) ૨૬૨૭૩૬૨
તમારૂ જુનુ TV, LED TV, ફ્રીઝ, વોશિંગ મશીન, ઘરઘંટી કશને નવું લઈ જાવ.
એક્સચેંજ ઓફર
LED TV રૂા. ૬૩૦૦* થી શરૂ
ફ્રીઝ ૮૫૦૦ થી શરૂ
MI-GL
ઘરઘંટી ૮૫૦૦ થી શરૂ
બીના ઈલેક્ટ્રોનિક્સ
MI-GL, સોની, વર્લપુલ, સેમસંગ, માઈક્રોમેક્સ, LED ટીવી, ફ્રીઝ, A/C, વોશિંગ મશીન, ઘરઘંટી, હોમથીયેટર, DJ
0% ફાઈનાન્સ 0% ડોક્યુમેન્ટ ચાર્જ
જે.પી. ચોટાઈ કોમ્પલેક્ષ, ગ્રાઉન્ડ ફ્લોર, વણઝારી ચોક, જૂનાગઢ.
માણસો જોઈએ છે આકર્ષક પગાર ધોરણે.

દુઃખદ અવસાન-બેસણું
અમારા પરિવારનાં શ્રી અજીતભાઈ (બિનોદભાઈ)નું તા.૯-૧-૨૦૨૩ ને સોમવારનાં રોજ દુઃખદ અવસાન થયેલ છે. પ્રભુ તેમના દિવ્ય આત્માને શાંતિ અર્પે એ જ પ્રાર્થના...
:: સદ્ગતનું બેસણું ::
તા.૧૧-૧-૨૩ બુધવારે સાંજે ૫.૩૦ કલાકે, અંબિકાનગર કોમ્યુનિટી હોલ, અંબિકાનગર, ગીરીરાજ રોડ, જૂનાગઢ
સ્વ.ગીરધારીલાલ સેજુમલ હરવાણી-પિતાશ્રી
સ્વ.કનૈયાલાલ ગીરધારીલાલ હરવાણી-મોટાભાઈ
મનોહરલાલ ગીરધારીલાલ હરવાણી-મોટાભાઈ
હરેશકુમાર ગીરધારીલાલ હરવાણી-મોટાભાઈ
નિખિલ હરેશકુમાર હરવાણી - પુત્ર
અમિત વિનોદભાઈ હરવાણી - પુત્ર
જિલેષ વિનોદભાઈ હરવાણી - પુત્ર
ગીરધારીલાલ સેજુમલ-ગીતાભાના ચોક-જૂનાગઢ
સ્વ.શેઠશ્રી અજીતભાઈ (બિનોદભાઈ) ગીરધારીલાલ હરવાણી
સ્વ. તા.૯-૧-૨૦૨૩,સોમવાર

દર બુધવારે અને શનિવારે પ્રસિધ્ધ થાય છે
સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક
• ટચૂકડી જાહેર ખબર •
જેઈલ રોડ, જૂનાગઢ ફોન : ૨૬૨૧૦૦૦, ૨૬૨૬૬૫૦
આ જાહેરાત ફકત રોકડેથી જ ફીકસ દરે સ્વીકારવામાં આવે છે

:: જોઈએ છે ::
જૂનાગઢ માટે સિકયોરીટી ગાર્ડ, હાઉસકિપર
: સંપર્ક :
ડી.એમ. જાડેજા
મો૯૮૨૫૦૫૧૭૭૫
રામભાઈ માડમ
મો૯૭૨૫૮૯૪૮૯૩

જૂનાગઢમાં ફલેટ વેંચવાનો છે
જૂનાગઢમાં જલારામ સોસાયટીમાં ઉત્તર દિશાનો 3 BHK દીલથી બનાવેલ ફુલ ફર્નીચર સાથે ફલેટ વેંચવાનો છે
: કોન્ટેક નંબર :
પંકજભાઈ રૂપારેલીયા
મો૯૮૯૮૭૫૪૩૨૮

દવા વગરની સારવાર
★ કીડની, લીવર, હાર્ટ બ્લોકેજ
★ ડાયાબીટીસ, બીપી, થાઈરોઈડ
★ તમામ ભયંકર હઠીલા રોગ
ડો. ઉમેશ પંડયા (M.D.)
જીવનરક્ષા દવાખાનું કટારીયા સામે, ઝાંઝરડા રોડ, જૂનાગઢ
મો.૮૧૪૦૫૨૨૮૨૦

૧૦૦% શુધ્ધ અને તાજુ ઘી જાતે બનાવો, ભેળસેળથી બચો.
માખણ રૂા. ૪૦૦
મલાઈ(ક્રિમ) રૂા. ૩૦૦
૧૦૦% ગેરેંટેડ તથા શુધ્ધ અને તાજુ ઘી લેબોરેટરીની જવાબદારી
ભેંસનું ઘી રૂા. ૫૬૦
ગાયનું ઘી રૂા. ૬૦૦
મલાઈવાળું દહી, ઘોરવું
તાજુ પનીર ગાયનું દુધ
શ્રી ચંદ્ર ડેરી ફાર્મ
શુધ્ધતા સાથે જ્યાજબી ભાવની ખાત્રી
(અશોકભાઈ)
આસ્થા કોમ્પલેક્ષ, હોટ એન્ડ રપાઈસની સામે, વણજારી ચોક, જૂનાગઢ. ફોનઃ ૨૬૨૨૮૮૮

પાર્સલ સેવા આપવામાં આવશે
રાજ ડાયનીંગ હોલ
• સંપૂર્ણ ગુજરાતી કાઠીયાવાડી થાળી
• જૂનાગઢ શહેરના હદયસમાકાળવાચોકમાં
• આપના શુભ પ્રસંગે પાર્ટી ઓર્ડર આવકાર્ય છે.
દર રવિવારે ગુજરાતી થાળીમાં સ્પે. પંજાબી શાક તેમજ ઉંધીયુ મળશે.
રાજ ડાયનીંગ હોલ
કાળવા ચોક, જૂનાગઢ.

દિપક ફટાકડા સેન્ટર
લગ્ન તથા શુભ પ્રસંગે અવનવી વેરાયટીમાં ફટાકડા મેળવવા માટે તેમજ સ્ટેશનરીનો સામાન મળશે
દિપક ફટાકડા સેન્ટર
C/o. દિપક સ્ટેશનરી, આઝાદ ચોક, જુનાગઢ.
ફોનઃ ૨૬૫૨૬૧૨

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક ટચૂકડી વિભાગમાં જાહેરાત આપવા આજે સંપર્ક સાધવો

ધીરૂભાઈ જે. સોની
નવો નંબર નોંધી લેશો
મો. ૬૩૫૯૮ ૧૨૮૨૩
વોટસએપ નં. ૬૩૫૯૮ ૧૨૮૨૩
કોઈપણ પ્રકારની જાહેરાત માટે જ સંપર્ક સાધવો
વિનય એન. પ્રજાપતિ મો.૯૮૨૪૩ ૮૧૫૦૦
મનિષ એન. પ્રજાપતિ મો.૯૯૨૪૩ ૮૧૫૦૦
પંકજ એન. પ્રજાપતિ મો.૯૮૨૪૪ ૮૧૫૦૦
''સ્વાદનો એવો જાદુ જગાવે, વારંવાર મન લલચાવે''
: સુભાષ :
પાણીપુરી
એમ.જી. રોડ, યુ.કો. બેન્ક સામે, જૂનાગઢ
સિધ્ધાર્થ કોમ્પલેક્ષ, માંગનાથ રોડ, જૂનાગઢ
એસ.ટી. રોડ, હોટલ વૈભવ પાસે, જૂનાગઢ

ન્યુ બોમ્બે ઈલે.
દરેક કંપનીની ડીશ અને રીચાર્જ માટે મળો.
મો. ૯૩૭૫૫૫૨૦૫૫

૫૦ વર્ષથી પ્રખ્યાત નામ
વિજય ઘી ડીપો
તહેવારો નિમિતે ગાયનું શુધ્ધ ઘી આવી ગયેલ છે તેમજ ભેંસનું શુધ્ધ ઘી મળશે
વિજય ઘી ડીપો
ડબાગલી, નાની શાકમાર્કેટ, જૂનાગઢ
ફોન : ૨૬૨૫૧૨૩

વંદના સ્પેશિયલ
- સ્પે. પંજાબી પફ
- ઘઉંની બ્રેડ (આટાબ્રેડ)
- સ્પે. પફ/પીઝા, ખારી
વંદના બેકરી
તળાવ સ્ટ્રીટ ફોન : ૨૬૨૪૨૪૪

નારાયણ બેકરી
સુખનાથ ચોક
ફોન : ૨૬૨૩૨૨૪

ઉૅ નેચર કયોર સેન્ટર
ડો. સી.ડી. ઓઝા (N.D.)
તમામ પ્રકારની નેસર્ગિક ટ્રીટમેન્ટ ઉપલબ્ધ જેવી કે
● શીરોધારા : માઈગ્રેન, માથાનો દુઃખાવો, તણાવ, ચિંતા, ડીપ્રેશન, અપચો, કબજીયાત, કંપન, વાળખરવા, ચામડીના રોગો તથા સ્વસ્થ વ્યકિત માટે
● નસ્ય : સાઈનસ, નાક બંધ થઈ જવું, એલર્જી, ચિંતા
● નેત્ર તર્પણ : આંખનાં નંબર ઉતારવા, આંખમાં બળતરા થવી, આંખ આવવું, આંખોમાંથી પાણી નીકળવું
● જાનુ બસ્તિ : ગોઠણનાં દુઃખાવા
● કટિબસ્તિ : કમરમાં દુઃખાવો, સાઈટીકા, પગમાં ખાલી ચડવી
● મડ બાથ : ચામડીના રોગો ઉપરાંત સ્ટીમબાથ, અભ્યંગ, ગ્રીવા બસ્તિ, પોટલી મસાજ જેવા ઉપચારો ઉપલબ્ધ
ઉપર મુજબની તમામ ટ્રીટમેન્ટ રોગોમાં તથા સ્વસ્થ વ્યકિત દ્વારા પણ કરાવી શકાય છે.
દરરોજ સાંજે ૭ થી ૮
નિષ્ણાંત આયુર્વેદ તબીબ દ્વારા મફત નિદાન કરી આપવામાં આવશે. (અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી જરૂરી)
ગીરીરાજ મેઈન રોડ, ક્રિષ્ના પ્રોવીઝન સ્ટોર સામે, નોબલ સ્કુલ પાસે, જૂનાગઢ. મો. ૯૮૯૮૭ ૨૬૦૦૨

અમારે ત્યાંથી ગરમા ગરમ પ્યોર ચણાનાં લોટનાં ગરમા ગરમ ગાઠીયા જલેબી ચીપ્સ સવારે તથા સાંજે મળશે
જય વાઘેશ્વરી ગાઠીયા સેન્ટર
વણઝારી ચોક, ડબાગલીના નાકે, કષ્ટભંજન હનુમાન મંદિર સામે, જૂનાગઢ